# હક્કે ઝહરા (સ.અ.)

વફાતે રસુલ (સ.અ.વ.) પછી દુખ્તરે રસુલ જ.ફાતેમા ઝેહરા (સ.અ.)
પર પડેલી મુસીબતોનું મોઅતબર સનદથી ટુંકમાં વર્ણન


**:લેખક:**

આયતુલ્લાહ બાકીર કુરશી નજફી સાહેબ



**: પ્રકાશક :**

સકલૈન ઓર્ગેનાઈઝેશન

પો.ઓ.બોક્સ નં.૧૧૦, ભાવનગર – ૩૬૪૦૦૧
www.saqalayn.org  Email: info@saqalayn.org

# અનુક્રમણીકા


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૧ | લેખક વિષે | ૪ |
| | **જ.ઝેહરા (સ.અ.)નબુવ્વતની સાથે** | ૬ |
| ૨ | હદીસે સકલૈન | ૮ |
| ૩ | હદીસે સફીના | ૧૦ |
| ૪ | એહલેબૈત (અ.મુ.સ.) ઉમ્મત માટે અમાન છે | ૧૨ |
| ૫ | એહલેબૈત (અ.મુ.સ.) સાથે સુલેહ તે નબી (સ.અ..વ.) સાથે સુલેહ છે | ૧૩ |
| | **ફઝાએલે જનાબે ઝેહરા (સ.અ.)** | ૧૪ |
| ૬ | ઈસ્મત | ૧૪ |
| ૭ | ઈબાદત અને તકવા | ૧૬ |
| ૮ | ઝોહદ અને તકવા | ૧૮ |
| ૯ | ફકીરો પર મહેરબાની | ૨૧ |
| ૧૦ | પાકદામની અને હિજાબ | ૨૫ |
| ૧૧ | અલ્લાહ (સુ.વ.ત.)ની બારગાહમાં ખુલુસે દિલથી રજુ થવું | ૨૭ |
| | **દુઃખદ ઘટનાઓ** | ૨૮ |
| ૧૨ | નબી (સ.અ.વ.) ની બીમારી | ૨૮ |
| ૧૩ | ઓસામા બિન ઝયદ | ૩૦ |
| ૧૪ | લશ્કરી બળવો | ૩૧ |
| ૧૫ | નબી (સ.અ.વ.)નું ગુસ્સે થવું | ૩૨ |
| ૧૬ | બળવાખોરો પર રસુલે ખુદા (સ.અ.વ.)ની લાનત | ૩૩ |
| ૧૭ | ગુરુવારની ઘટના | ૩૭ |
| ૧૮ | રસુલેખુદા (સ.અ.વ.) નો તમામ માલ સદ્કો | ૩૭ |
| ૧૯ | જનાબે ઝેહરા (સ.અ.) નો ગમ | ૩૮ |
| ૨૦ | નબી (સ.અ.વ.) નો વારસો | ૪૨ |
| ૨૧ | હસનૈન (અ.મુ.સ.)  માટે ભલામણ | ૪૨ |

| | | |
|---|---|---|
| ૨૨ | જન્નતુલ ફીરદૌસ તરફ સફર | ૪૩ |
| ૨૩ | પાક લાશની દફન ક્રીયા | ૪૮ |
| | **સખ્ત કાર્યવાહીઓ** | ૫૨ |
| ૨૪ | ઈમામ (અ.સ.) ના ઘર પર હુમલો | ૫૩ |
| ૨૫ | ઘર સળગાવવાની ધમકી | ૫૪ |
| ૨૬ | અબુબક્રનો પસ્તાવો | ૫૯ |
| ૨૭ | જ.સૈયદા (સ.અ.) પર ઝુલ્મ | ૬૦ |
| ૨૮ | ગર્ભનું સાકીત થવું | ૬૧ |
| ૨૯ | જનાબે ઝેહરા (સ.અ.) પર આર્થિક પાબંદીઓ | ૬૫ |
| ૩૦ | ખુમ્સના હક્કથી મેહરૂમી | ૬૭ |
| ૩૧ | ફદકનું લઈ લેવું | ૭૬ |
| | **ઐતિહાસિક ખિતાબ** | ૭૦ |
| ૩૨ | ઝેહરાએ ફદક | ૭૧ |
| ૩૩ | જ.ઝેહરા (સ.અ.) ની માયુસી | ૧૦૫ |
| ૩૪ | કુરૈશની ઔરતોથી ખિતાબ | ૧૦૬ |
| ૩૫ | અયોગ્ય બહાનું પેશ કરવું | ૧૧૫ |
| | **જન્ન્તુલ માવા તરફ સફર** | ૧૧૭ |
| ૩૬ | જનાબે સૈયદા (સ.અ.)ની ઉમ્ર મુબારક | ૧૨૫ |
| ૩૭ | જનાબે સૈયદા (સ.અ.) ની શહાદતની તારીખ | ૧૨૬ |
| ૩૮ | આપ (સ.અ.)ની કબ્ર મુબારક | ૧૨૭ |

# લેખક વિષે

શેખ બાકીર શરીફ અલ કુરશી સાહેબનો જન્મ હી.૧૩૪૪ નજફ, ઈરાકમાં થયો હતો. તેમના પિતા શેખ બાકીર દીની મોઅલ્લીમ હતા તેમના બાળપણમાંજ તેમની માતાનો ઈન્તેકાલ થઈ ગયો હતો, તેથી તેમના પિતાએ તેમના અને તેમના ભાઈ ની તાલીમ અને સંભાળ કરવાનું કામ હાથમાં લીધું હતું .

૧૦ વરસ સુધી તેમના પિતાએ તેમને દીની તાલીમનું માર્ગદર્શન આપ્યું તેઓ સરકારી સ્કૂલમાં ન ગયા હતા કારણકે તે સમયે તેનું ચલણ વધારે નહોતું, તેથી તેઓએ નેક અને ખુબજ જાણકાર હવ્ઝાના આલિમો પાસે તાલીમ લીધી, આ ઉમ્રમાં તેઓએ સુલેખનમાં ખુબ રસ દાખવ્યો ત્યાર બાદ તેઓ અરબી ભાષા શીખ્યા અને તેમાં મહારત હાસિલ કરી ત્યાર બાદ ૮ વરસ સુધી તેઓએ અરબીની તાલીમ આપી. તેઓએ કિતાબ અલ દુરુસ અલ ફીકહીયામાંથી ઈલ્મ એ ઉસુલ અને ફિકહ ની તાલીમ પણ આપી હતી, સાથો સાથ તેઓએ મહાન આલિમો જેવા કે આયતુલ્લાહ મોહમ્મદ અલ મરઅશી અને આયતુલ્લાહ મોહસીન અલ હકીમની પાસે હવઝામાં તાલીમ મેળવી, જ્યાં તેઓએ ઘણા પ્રભાવશાળી સંશોધન પત્રો (થીસીસ) લખ્યા, ત્યારબાદ તેઓ મહાન આલીમ આયતુલ્લાહ અબુલ કાસીમ અલ ખુઈ પાસે તાલીમ હાસિલ કરી અને ત્યાં તેઓ લખતા રહ્યા અને કિતાબોનું સંપાદન કરતા રહ્યા, તેઓને ઈતિહાસના સંશોધનમાં ખુબજ રસ હતો, અને તેઓની એક ખાસ ઈચ્છા હતી કે તેઓ ઈતિહાસમાં અઈમ્માહ માસૂમીન (અ.મુ.સ.)ના કિરદાર ને લોકો વચ્ચે પ્રકાશિત કરે.

આ ક્ષેત્રમાં તેઓએ અઈમ્માહ માસૂમીન (અ.મુ.સ.)ના જીવન ચરિત્ર ઉપર ૪૦ ભાગ કરતા વધારેનો એક જ્ઞાનકોષ (એન્સાક્લોપીડીયા ) લખ્યો કે જેનો આજે ઘણી ભાષામાં તરજુમો થઈ ચુક્યો છે. તેઓએ ઈસ્લામી ઉલૂમ ના વિવિધ ક્ષેત્ર જેમકે ફિકહ, તાલીમ ની પધ્ધતિ અને ઈસ્લામી હુકુમત વિશે પણ કિતાબો લખી છે.

આ કિતાબો અમુક કોલેજોમાં અભ્યાસક્રમ તરીકે

અપનાવવામાં આવી છે. લેખકે નજફમાં એક મોટી લાયબ્રેરીની સ્થાપના કરી છે, છેલ્લા ૫૦ વરસમાં તેઓએ ૧૪ માસૂમીન (અ.મુ.સ.)ની સીરત ઉપર ઘણી બધી કિતાબો લખી છે તેમજ જનાબે ઝયનબ (સ.અ.), હ.અબ્બાસ ઈબ્ને અલી (અ.સ.). અને જ.મુસ્લિમ બિન અકીલ (અ.સ.). વિશે, તે ઉપરાંત તેઓએ એહલેબૈત (અ.મુ.સ.) ના મહાન મર્તબા વિશે પણ કિતાબો લખી છે રસુલે અકરમ (સ.અ.વ.) અને તેમની આલનો અખ્લાક, એહલેબૈત (અ.મુ.સ.) નો વારસો, ઈસ્લામમમાં કામદારોનો હક કે જેનો ૧૨ ભાષામાં તરજુમો થઈ ચુક્યો છે.

અમે શેહઝાદી-એ-કૌનેન (સ.અ.) વિશેની આ કિતાબ પ્રકાશિત કરતા ખુબજ ગર્વ અનુભવીએ છીએ અને અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ છીએ કે અલ્લાહ અમોને ઈમામો (અ.સ.) ની સીરતને પણ લોકો સુધી પહોંચાડવાની તૌફીક અતા કરે, અંતે અમે માનનીય વાંચકોને નમ્ર ગુજારીશ કરીએ છીએ અગર આ કિતાબમાં કોઈ ત્રુટી અથવા ખામી રહી ગઈ હોઈ તો તેને દરગુજર કરે અને તે બાબતે અમારું ધ્યાન દોરે.

# જ.ઝેહરા (સ.અ.)નબુવ્વતની સાથે

૧-ઈમામ અમીરુલ મોઅમેનીન (અ.સ.) રિવાયત કરે છે કે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું

**فاطمة بضعة منى، فمن أغضبها أغضبنى**

***"ફાતેમા મારો ટુકડો છે, જેણે તેમને ગઝબનાક કર્યા તેમણે મને ગઝબનાક કર્યો".*** [1]

૨-મસુર બિન મુખરમાંથી રિવાયતછે કે રસુલે અકરમ (સ.અ.વ.) એ જ.ફાતેમા ઝેહરા (સ.અ.) વિષે ફરમાવ્યું કે

**فاطمة بضعة منى، فمن أغضبها أغضبنى**

***"ફાતેમા મારો ટુકડો છે, જેણે તેમને ગઝબનાક કર્યા તેમણે મને ગઝબનાક કર્યો".*** [2]

મસુર બિન મુખરમાંથી મરવી છે કે

***"જેણે તેમને તકલીફ પહોચાડી તેણે મને તકલીફ પહોચાડી."***

આ હદીસનો અર્થ એ છે કે જનાબે ઝેહરા (સ.અ.) એ રસુલ (સ.અ.વ.) થી અસરો લીધી હતી અને ઘણીબધી હદીસો તે દર્શાવે છે કે સૈયદતુન્નીસાઈલ આલમીનમાં તેમના પિતાની

---

[1] સહીહબુખારી કિતાબે બદા અલ ખલ્ક ભા-૪:૨૧૦ અને ૨૧૯,
કન્ઝુલ ઉમ્માલ ભા-૧૨:૧૧૨, ફૈઝુલ કદીર ભા-૪:૫૫૪,અલ મુસન્નફ ભા-૭:૫૨૬

[2] ફત્હુલબારી ભા-૭:૬૩,ફઝાએલુંસ્સહાબા :૭૮, અમદતુલ કારી ભા-૧૬:૨૨૩,
અલસોનનુલ કુબરા ભા-૫:૯૭ અને ૧૪૮, દખાએરુલ ઉકબા:૩૭,
સહીહ બુખારી ભા-૪:૨૧૦

લાગણીઓ ભરેલી હતી, તેથીજ આપ (સ.અ.વ.) એ તેમની નારાઝગીને પોતાની નારાઝગીની સાથે જોડી હતી બેશક આ કેવું ઉચ્ચ સ્થાન હતું કે જે સૈયદતુન્નીસાને તેમના પિતા (સ.અ.વ.)થી પ્રાપ્ત થયું હતું.

(૩) રસુલે અકરમ (સ.અ.વ.) એ પોતના જીગરના ટુકડાનો હાથ થામ્યો અને મુસલમાનોની સામે તેમને બતાવીને તેમના મહાન દરજ્જા અને ઉચ્ચ સ્થાન બયાન કરતા ફરમાવ્યું

***"જેણે એમને ઓળખી લીધા છે તેણે ઓળખી લીધા છે પરંતુ જે નથી જાણતું તે જાણી લે આ ફાતેમા મોહમ્મદ (સ.અ.વ.)ની દીકરી છે. આ મારો ભાગ છે, આ મારું દિલ છે, આ મારી રૂહ છે કે જે મારી બંને પહેલુંની વચ્ચે છે. જેણે તેને તકલીફ આપી તેણે મને તકલીફ આપી અને જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ આપી"[૧]***

(૪) એહમદ બિન હમ્બલે પોતાની મુસ્નદમાં નકલ કર્યું છે કે

***"તારા પિતા તારા પર કુરબાન થાય"***

અને આ શબ્દો આપ (સ.અ.વ.)એ ત્રણ વખત ફરમાવ્યા[2]

આ અમુક હદીસો છે કે જેને રાવીઓએ નકલ કરી છે અને તેમની સીહાહ વિગેરેમાં લખી છે. અને તે સૈયદતુન્નીસાની ફઝીલતને અને તેમના ઉચ્ચ સ્થાનને અને સર્વશ્રેષ્ઠ મન્ઝેલતને વધારે મજબુત કરે છે. અમે તે હદીસોને અમારી કિતાબ "હયાતે સૈયદતુન્નીસાઅ ફાતેમા" માં ૧૩ હદીસો તેમની ફઝીલતોમાં

---

[1] નુરુલ અબ્સાર:૪૧,બેહારુલ અનવાર ભા-૪૩:૫૪,અલ ગદીર ભા-૩:૨૦

[2] નુરુલ અબ્સાર:૨૪, કીફાયતુલઅસર:૩૬,અલ્મનાકીબ લીલ ખ્વારઝમી ભા-૩:૧૩૨, ફત્હુલબારી ભા-૧૦:૪૭૦, અઅલામુલવરા ભા-૧:૨૯૯

વર્ણવી છે અને જે કાંઈ પવિત્ર ઈતરતની ફઝીલતમાં વારીદ થયું છે અને જેમાં ફાતેમા (સ.અ.)નો સમાવેશ થાય છે તે તો ખુબજ મોટો સંગ્રહ છે તેમાંથી અમુક નીચે પ્રમાણે છે.

## હદીસે સકલૈન

રસુલે અકરમ (સ.અ.વ.) એ ફરમાવેલી હદીસે સકલૈન સનદની દ્રષ્ટિએ સૌથી સહીહ અને ખ્યાતિની દ્રષ્ટિએ મુસલમાનોમાં સૌથી પ્રખ્યાત અને આલીશાન હદીસ છે. સીહાહ અને સોનનમાં તેને નકલ કરવામાં આવી છે. આલીમોએ તેને કબુલ કરી છે. અને રસપ્રદ વાત એ છે કે રસુલે અકરમ (સ.અ.વ.) એ આ મુબારક હદીસને ઘણી બધી જગ્યાએ વર્ણવી છે.

ઝૈદ બિન અરકમ રિવાયત કરે છે કે રસુલે અકરમ (સ.અ.વ.) જોઅફા નામના સ્થળ પર ઉતર્યા અને લોકો તરફ આવ્યા અને અલ્લાહની હમ્દો સના કરી ત્યારબાદ ફરમાવ્યું

***"મેં કોઈ એવા નબીને ન પામ્યા સિવાય એ કે તે અગાઉના નબીની ઉમ્ર કરતા અડધુંજ જીવ્યા હોય, ટુંક સમયમાં મને પણ (બારગાહે ખુદામાં) બોલાવી લેવામાં આવશે તો તમે શું કરશો? બધાએ કહ્યું તમે અમને નસીહત કરી છે પછી રસુલે અકરમ (સ.અ.વ.)એ ફરી તેમને સંબોધન કર્યું અને પુછયું કે તમે બધા ગવાહી આપો કે અલ્લાહ સિવાય કોઈ માઅબુદ નથી અને મોહમ્મદ (સ.અ.વ.) તેમના બંદા અને રસુલ છે અને જન્નત અને જહન્નમ હક છે.***

***બધા એક અવાજે બોલ્યા અમે બધા ગવાહી આપીએ છીએ. આ સાંભળી રસુલે અકરમ (સ.અ.વ.)એ પોતાનો હાથ પોતાની છાતી પર રાખ્યો અને કહ્યું શું તમે બધા સાંભળી રહ્યા છો? બધાએ જવાબ આપ્યો હા!***

પછી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું હું તમને છોડીને હવ્ઝે કવસર પર જઈ રહ્યો છું અને તમે બધા પણ મારી પાસે હવ્ઝે કવસર પર આવવના છો જેની પહોળાઈ સનઆ અને બસરાના વચ્ચેના અંતર જેટલી છે અને જેમાં તારાઓની સંખ્યા જેટલા ચાંદીના જામ છે. આગાહ થઈ જાઓ! અને ચેતજો કે તમે મારા પછી સકલૈનની સાથે કેવું વર્તન કરો છો? આ સાંભળીને મજમાંમાંથી એક વ્યક્તિએ મોટા અવાજે પુછ્યું યા રસુલુલ્લાહ (સ.અ.વ.) આ સકલૈન શું છે? આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે અલ્લાહની કિતાબ કે જેનો એક છેડો અલ્લાહના હાથમાં છે અને બીજો છેડો તમારા હાથમાં છે, તેને મજબુતીથી પકડીને રહેજો અને બીજી કીમતી ચીઝ મારા એહલેબૈત (અ.મુ.સ.) છે. અને લતીફ અને ખબીર અલ્લાહે મને જણાવી દીધું છે કે આ બંને એકબીજા થી જુદા નહી થાય ત્યાં સુધી કે હવ્ઝે કવસર પર મારા સુધી આવી પહોંચે. આ વાતને મેં મારા પરવરદિગારથી જાણી લીધી છે તેથી તમે તે બંને કરતા આગળ વધશો નહી,નહીતો હલાક થઈ જશો. અને તે બંને સંબંધે ગફલત પણ કરશો નહી. અને તેમને શીખવાડવાની  કોશિશ કરશો નહી કારણકે તેઓ તમારા કરતા વધારે ઈલ્મ ધરાવે છે. પછી આપ (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.) ના હાથને પકડ્યો અને ફરમાવ્યુ

"જેના જેના પર હું તેના નફસ કરતા વધારે અધિકાર રાખું છું તમે અલી (અ.સ.) પણ તેમના વલી અને મૌલા છો".

અય અલ્લાહ તુ તેનાથી મોહબ્બત કરજે જે આનાથી મોહબ્બત કરે અને તુ તેનાથી દુશ્મની રાખજે જે આનાથી દુશ્મની કરે"[1]

---

[1] મજમઉલ ઝવાએદ ભા-૯ :૧૬૩, કન્ઝુલ ઉમ્માલ ભા-૧:૧૭૭, અલ દર્રો નઝીમ:૭૮૧, અલ મોઅજમુલ કબીર ભા-૫:૧૬૭

બેશક નબી (સ.અ.વ.) એ તેમના એહલેબૈત (અ.મુ.સ.)નું જેમાં સૈયદતુન્નીસાઈલ આલમીનનો પણ સમાવેશ થાય છે તેઓને અલ્લાહની અઝીમ કિતાબ સાથે જોડ્યા છે કે જે કિતાબમાં બાતીલ ન આગળ થી આવી શકે છે ન પાછળથી અને તેજ રીતે પવિત્ર ઈતરત છે. નહી તો બંને ને એક સાથે હોવાની વાત સાચી ઠરે નહી અને તેઓ બંને એક બીજાથી અલગ નહી થાય ત્યાં સુધી કે અલ્લાહના રસુલ પાસે હવ્ઝે કવસર પર ન પહોંચી જાય.

## હદીસે સફીના

એહલેબૈતે અતહાર (અ.મુ.સ.) ની ફઝીલતમાં વર્ણવવામાં આવેલી હદીસે નબવીમાંથી એક મશહુર હદીસ હદીસે સફીના એટલે કે નૂહ (અ.સ.) ની કશ્તીની સાથે સરખામણી વાળી હદીસ છે.

અબુ સઈદે ખુદરીથી રિવાયત છે કે મેં રસુલે ખુદા (સ.અ.વ.) ને ફરમાવતા સાંભળ્યા:

***"તમારી વચ્ચે મારી એહલેબૈત (અ.મુ.સ.) ની મીસાલ કશ્તીએ નૂહ (અ.સ.) જેવી છે જે તેમાં સવાર થયો તે નજાત પામ્યો અને જેણે તેનાથી મોઢું ફેરવી લીધુ તે ડુબી ગયો અને ગુમરાહ થયો.બેશક મારા એહલેબૈત (અ.મુ.સ.) તમારી વચ્ચે બની ઈસરાઈલના બાબે હિત્તા જેવા છે.જે તેમાં દાખલ થયો તે માફ કરી દેવામાં આવ્યો"***[1]

આ હદીસ શરીફ એહલેબૈત (અ.મુ.સ.) ની ખુબજ મહત્વતા અને મહાનતાને વર્ણવે છે. કારણકે તેમનાથી વળગી રેહવામાંજ

---

[1] મજમઉલ ઝવાએદ ભા-૯:૧૬૭, મુસ્તદરક અલ હાકીમ ભા-૨:૪૩, તારીખ બગદાદ ભા-૨:૧૧૯, હિલ્યતુલઅવલીયા ભા-૪:૩૦, દખાએરૂલઉક્બા:૨૦, અલમોઅજમુલ અવસત ભા-૬:૭૫, અલમોઅજમુલ સગીર ભા-૨:૨૨

ઉમ્મતની નજાત છે અને ઉમ્મત ડુબવાથી અને હલાક થવાથી સુરક્ષિત રહેવાનો વસીલો છે.આજ એહલેબૈતે રસુલ (સ.અ.વ.) છે. જનાબ ઈમામે આઅઝમ શરીફુદ્દીન મુસ્વીએ આજ હદીસે શરીફ હેઠળ આ પ્રમાણે ચર્ચા કરી છે અને તેમણે કહ્યું છે કે તમે જાણો છો કે એહલેબૈત (અ.મુ.સ.) ની હ.નૂહ (અ.સ.) સાથે સરખામણી કરવાનો મકસદ એ છે કે જે પણ તે કશ્તીની પનાહમાં આવી ગયો એટલે કે તેણે પોતાના ઉસુલેદીનમાં અને ફુરુએદીનમાં અઈમ્મા તાહેરીન (અ.મુ.સ.) ના કથનોનું અનુસરણ કર્યું તે જહન્નમની આગથી નજાત પામી ગયો. અને જેણે તેનાથી મોઢું ફેરવી લીધુ તે નુહ (અ.સ.)ના તુફાન દરમ્યાન અઝાબે ઈલાહીથી બચવા માટે પહાડની પનાહ લેવા વાળો હ. નૂહ (અ.સ.)ના દીકરા સમાન છે જ્યારે કે તે પાણીના અઝાબમાં ડુબી ગયો અને આ લોકો (એહલેબૈત (અ.મુ.સ.) થી મોઢું ફેરવી લેનારા) અઝાબે જહન્નમમાં ડુબી જશે. અલ્લાહની પનાહ![1]

અને બાબે હિત્તાથી આ મહાન હસ્તીઓની સરખામણીનો મકસદ એ છે કે અલ્લાહ તઆલાએ તેમને પોતાની ઈઝ્ઝત અને જલાલની સામે વિનમ્રતા અને ઈન્કેસારીનું કેન્દ્ર પોતાના હુકમોની સામે સર જુકાવી દેવાનો દરવાજો અને બક્ષિશ અને મગફેરતનો વસીલો બનાવ્યો છે અને આજ સરખામણીના કારણે ઈબ્ને હજરે પણ આ પ્રકારની હદીસોને વર્ણવીને આરીતે કહ્યું છે.

એહલેબૈતે રસુલ (સ.અ.વ.) ની સરખામણી હ. નૂહ (અ.સ.)ની કશ્તી સાથે કરવાનું કારણ એ છે કે જે તેમનાથી મોહબ્બત કરશે અને તેમને અતા કરવામાં આવેલી મહાન નેઅમતોના શુક્ર સ્વરૂપે તેમની તાઅઝીમ કરશે અને એહલેબૈત (અ.મુ.સ.) પાસેથી હિદાયત તલબ કરશે તે વિરોધાભાસના

---

[1] અલમુરાજેઅત:૭૭

અંધકારથી નજાત પામી લેશે અને જે તેમનાથી મોઢું ફેરવી લેશે તે કુફરાને નેઅમતના ખાડામાં પડી જશે, બળવાખોરી અને બગાવતના રણમાં હલાક થઈ જશે.

ત્યાં સુધીકે ઈબ્ને હજર કહે છે: અને બાબે હિત્તા સાથે સરખામણીનો મતલબ એ છે કે અલ્લાહ તઆલા તેમને બાબે અરીહા અથવા બૈતુલ મુકદ્દસમાં બનાવ્યા છે કે જેમાં વિનમ્રતાથી માફી તલબ કરતા દાખલ થવુ તે માફી અને બક્ષીશનું કારણ હતું. આજ રીતે આ ઉમ્મતની બક્ષીશનો સબબ એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત છે”.[1]

## એહલેબૈત (અ.સ.) ઉમ્મત માટે અમાન છે

રસુલે અકરમ (સ.અ.વ.)એ ઉમ્મત પર એહલેબૈત ની મવદ્દતને જરૂરી કરી છે અને તેમનાથી વળગીને રહેવું ઉમ્મત માટે હલાક થવાથી અમાન અને નજાત છે.

***“સિતારાઓ ઝમીન વાળાઓ માટે ડુબી જવાથી નજાતનું કારણ છે (બચવાનું કારણ છે) અને મારી એહલેબૈત મારી ઉમ્મત માટે વિરોધાભાસથી બચવાનું કારણ છે. તેથી જ્યારે પણ અરબનો કોઈ કબીલો મારા એહલેબૈત (અ.મુ.સ.) નો વિરોધ કરશે તો તે ખુદ વિરોધાભાસનો શિકાર બનીને શૈતાનના સમુહમાંથી બની જશે”.***[2]

આ હદીસ વર્ણવે છે કે બેશક રસુલ (સ.અ.વ.)ની પાક ઈતરત ઉમ્મત માટે ફીત્નાઓ અને વિરોધાભાસથી અમાનનું કારણ છે. તેઓ માટે જીવનમાં હલાકતથી બચવાની ઝમાનત છે.

---

[1] અલ સવાએકુલ મોહર્રેકા:૧૫૩

[2] અલ રીયાઝુન્નઝરાહ ભા-૨:૫૨,સહીહ તીરમીઝી ભા-૨:૩૧૯, સોનાને ઈબ્ને માજહ ભા-૧:૫૨,મુસ્તદરકુલ હાકીમ ભા-૩:૧૪૯,કન્ઝુલઉમ્માલ ભા-૧૨:૧૦૨

## એહલેબૈત (અ.મુ.સ.)સાથે સુલેહ તે નબી (સ.અ.વ.) સાથે સુલેહ

રસુલે ખુદા (સ.અ.વ.)એ પોતાની ઘણી બધી હદીસોમાં એલાન કર્યુ છે કે મારી સુલેહ તેની સાથે છે કે જે એહલેબૈત (અ.મુ.સ.) સાથે સંપ અને સુલેહ રાખે છે અને હું તેની સાથે લડાઈમાં છું કે જે એહલેબૈત (અ.મુ.સ.) સાથે લડે.રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ને સંબોધીને ફરમાવ્યું કે

***“મારી જંગ તેમની સાથે છે જે તમારી સાથે જંગ કરે છે અને મારી સુલેહ તેનાથી છે જે તમારી સાથે સંપ અને સુલેહ રાખે છે.”*** [1]

અબુબકરથી વર્ણન છે કે મેં રસુલે ખુદા (સ.અ.વ.)ને એક લાકડીના સહારે ટેક લગાડીને હઝરત અલી (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.) ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.)ના તંબુ પાસે આ કહેતા સાંભળ્યા છે કે

***“અય મુસલમાનો મારી સુલેહ તેનાથી છે કે જે આ તંબુવાળા સાથે સુલેહ રાખતો હોય અને મારી જંગ તે લોકો સાથે છે જે આ તંબુ વાળાઓ સાથે જંગ કરે છે અને હું તેનો મૌલા છું જે તેમની વિલાયતને સ્વીકારે છે તેમની સાથે ભાગ્યશાળી અને સઆદતમંદ ઈન્સાન સિવાય બીજું કોઈ મોહબ્બત નહી કરે અને તેમનાથી દુશ્મની નહી કરે સિવાય કે દુર્ભાગ્યશાળી અને અપવિત્ર જન્મેલો માણસ”***

---

1 ફરાએઝુસ્સીબ્તૈન ભા-૨:૪૦,હદીસનં-૩૭૩,શરહુલઅખ્બાર ભા-૩:૫૧૫, કીફાયતુત્તાલીબ:૨૫૦,અલ્મનાકીબ લીલખ્વારઝમી:૨૯૭, કન્ઝુલ ઉમ્માલ ભા-૬:૨૧૬,અલ રીયાઝુન્નઝરાહ ભા-૨:૧૫૪

આ હદીસે શરીફનો મતલબ એ છે કે નબીએ કરીમ (સ.અ.વ.) એ પોતાની એહલેબૈતને પોતાના નફસ સમાન જણાવ્યા છે કે જેનાથી તેઓ સુલેહ રાખશે રસુલ (સ.અ.વ.) પણ તેનાથી સુલેહ રાખશે. જે તેનાથી ઝગડો કરશે રસુલ (સ.અ.વ.) પણ તેનાથી લડશે.

આ અમુક હદીસો હતી કે જે એહલે સુન્નતની સેહાહમાં લખવામાં આવેલી છે અને તે એહલેબૈત (અ.મુ.સ.) ની ફઝીલતને વર્ણવે છે અને જે કાંઈ અલ્લાહ તઆલાએ એહલેબૈત (અ.મુ.સ.) ને મહાન દરજ્જો અને બલંદી આપી છે તેનું વર્ણન કરે છે અને તેમાં સૈયદતુન્નીસાઈલ આલમીન જનાબે ઝેહરા (સ.અ.)નો પણ સમાવેશ થાય છે.

# ફઝાએલે જનાબે ઝેહરા (સ.અ.)

બેશક જનાબે ઝેહરા (સ.અ.) એક ફઝાએલની પુરી કાએનાત છે અને તમામ નેકીઓ અને નેક અસરાતનું મરકઝ છે. આલમની તમામ સ્ત્રીઓમાંથી કોઈપણ આપના ઈમાન, તહારત, ઝોહદ અને સખ્ત પરિશ્રમની બરાબરી કરી શકતું નથી. અહીં અમુક ફઝીલતોને સંક્ષિપ્તમાં વર્ણવીએ છીએ કે જેની કોઈ મીસાલ નથી.

## ઈસ્મત

ઈસ્મતે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)

જનાબે સૈયદા (સ.અ.) ના ઝાતી કમાલાત અને અલગ તરી આવતી સીફતોમાંથી એક છે કે આપ ઈસ્મતના દરજ્જા પર ફાએઝ હતા. તેથી આપ (સ.અ.) એ કોઈપણ ગુનાહ જાણી જોઈને કે ભુલથી કર્યા નથી. આ એવી સિફત છે કે જેમાં કોઈ શંકા, ચર્ચા કે સનદની જરૂર નથી. અલ્લાહ તબારક વ તઆલાએ આપ (સ.અ.) ને દરેક પ્રકારના ગુનાહથી પાક અને પાકીઝા કરાર

દીધા છે. દરેક પ્રકારના ફઝાએલ અને ઉચ્ચ ગુણો આપને અતા કર્યા છે. અલ્લાહે (કે જે ફના થનાર નથી) આપ (સ.અ.) ને કાએનાતની તમામ ઔરતો માટે એક શ્રેષ્ઠ ઉદાહરણ કરાર દીધા છે. આપ (સ.અ.) નીપાક ઝાત ઈબાદત, બંદગી, ઈફ્ફત, અને પાકદામની, નેકી, એહસાન, ટુંકમાં તમામ ખુબીઓમાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. જનાબે ફાતેમા (સ.અ.)ની ઈસ્મત વિષે કુરઆનની અમુક આયતો વડે અહીં પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.

**આયએ તતહીર:**

**إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ**

**أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا**

***"અય એહલેબયત (રસૂલના ઘરવાળાઓ)! સિવાય તેના કાંઈજ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દુર રાખે અને તમને સંપુર્ણ રીતે પાક પવિત્ર રાખે".[1]***

આ આયતમાં એહલેબૈત (અ.મુ.સ.) થી મુરાદ

૧-મૌલાએ કાએનાત અલી ઈબ્ને અબીતાલિબ (અ.સ.)

૨-જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)

૩-ઈમામ હસન (અ.સ.)

૪-ઈમામ હુસૈન (અ.સ.) છે.[2]

આ આયતે કરીમામાં સ્પષ્ટપણે આ મહાન હસ્તીઓની દરેક પ્રકારની નજાસત, પસ્તી અને ગુનાહથી પાક હોવા બાબતે પુરાવો આપે છે.

---

[1] સુ.અહઝાબ-૩૩

[2] અત્તફસીરુલ કબીર ભા-૬:૭૮૩,મુસ્નદે એહમદ ભા-૪:૧૦૭,
અલસોનને અલ્કબરી લીલબીહકી ભા-૨:૨૧૫,
અલ ખસાએસુલ કબરી ભા-૪:૨૬૪,અલ રીયાઝુન્નઝરહ ભા-૨:૧૭૭

## ઈબાદત અને તકવા

હસને બસરી જનાબે ફાતેમા (સ.અ.) ની ઈબાદત વિષે કહે છે કે આ ઉમ્મતમાં કોઈપણ જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) થી મોટા ઈબાદત ગુઝાર ન હતા. આપ (સ.અ.) નમાઝ માટે એટલું ઉભા રહેતા કે તેમના પગોમાં સોજા આવી જતા.[1]

જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)ની લાક્ષણીકતાઓમાંથી એક લાક્ષણીકતા - અલ્લાહ પર તેનું સંપુર્ણ ઈમાન છે. જેનું એક કિરણ આપણને તેમની ઈબાદતમાં જોવા મળે છે. હઝરત ઈમામે હસને મુજ્તબા (અ.સ.) તેમની માનનીય માતા વિષે ફરમાવે છે કે

***"મેં મારી માનનીય માતા જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)ને મેહરાબે ઈબાદતમાં જોયા કે તેઓ સતત રૂકુઅ અને સજદા કરતા રહેતા હતા ત્યાં સુધીકે સવારની સફેદી જાહેર થઈ ગઈ. મેં મારી માતાને જોયા કે તેઓ દરેક મોઅમીન અને મોઅમેનાતના નામ લઈને તેમના દરેક માટે વારંવાર દુઆ કરી રહી છે પરંતુ આપ (સ.અ.)એ પોતાના માટે કોઈ દુઆ ન કરી.તો મેં પુછ્યું મારા વ્હાલા માતા શા માટે તમે પોતાના માટે કોઈ દુઆ ન કરી. તો જનાબે સૈયદા (સ.અ.) એ ફરમાવ્યું અય મારા લાલ પહેલા પડોશીનો ખ્યાલ રાખવો જોઈએ અને પછી ઘરના લોકો".[2]***

રસુલ (સ.અ.વ.)ના જીગરના ટુકડા એવા હતા કે રાત્રિઓ બારગાહે ઈલાહીમાં ઈબાદત અને રાઝો નીયાઝમાં વિતાવતા હતા. અને આજ તે ક્ષણો હતી કે જે આપની ઝીંદગીનો સૌથી અમુલ્ય સમય હતો.આપ (સ.અ.) એ જ આ સુંદર હદીસ

---

[1] બેહારુલ અન્વાર ભા-૪૩:૭૪,રબીઉલ અબરાર ભા-૨:૧૦૪

[2] ફી રહાબે એહલેબૈત(અ.મુ.સ):૨૦૫,એલલુશ્શરાએઅભા-૧:૧૭૨,દલાએલુલ ઈમામહ:૧૫૨

ફરમાવી છે.

***"જે અલ્લાહની બારગાહમાં સૌથી ખાલિસ ઈબાદતોને પેશ કરશે તો અલ્લાહ તેના માટે સૌથી સારી અને શ્રેષ્ઠ નેઅમતોને નાઝીલ કરશે".[1]***

જનાબે સૈયદા (સ.અ.)એ જુમ્માના દિવસની અંતિમ ક્ષણોને ઈબાદત અને દુઆઓ માટે વકફ કરી દીધી હતી. એવીજ રીતે આપ માહે રમઝાનુલ મુબારકની આખરી દસ રાત્રિઓને જાગીને દુઆ અને ઈબાદતમાં વિતાવતા હતા. આપ પોતાના ઘરના સભ્યોને પણ જાગતા રાખતા હતા. જેથી કરીને તેઓ પણ દુઆ અને ઈબાદતમાં રહે. આપ (સ.અ.)ને પોતાના પગોમાં સોજાઓની હંમેશા તકલીફ રહેતી હતી.(આપના મુબારક પગ પર ખુબ વધારે ઈબાદતના કારણે સોજાઓ ચડી જતા હતા.)

અને ખુબજ દુઃખદ વાત છે કે અબુબકર સૈયદતુન્નીસાઈલ આલમીન ની શખ્સીયત અને જે કાંઈ તેમની ઈબાદત અને અલ્લાહ સાથેનો લગાવ હતો તેનાથી અજાણ હતો અને તેથીજ જ્યારે ઝેહરા (સ.અ.) એ  ફદકનો દાવો કર્યો કે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ તેમને તે ભેટ આપ્યો હતો, છતાય તેણે આપ (સ.અ.) પાસે તે બાબતનો પુરાવો માંગ્યો. શું અબુબકર માટે સીદ્દીકા (સ.અ.) ની તહારત અને તમામ રીજ્સ અને બુરાઈથી માસુમ હોવાની વાત છુપી હતી? તેમ છતાં તેણે તેમની માંગણી બદલ પુરાવાઓ માંગ્યા, જ્યારે કે જ.ઝેહરા (સ.અ.) ના કબ્જામાં ફદક હતો અને કબજો હોવો તે મીલ્કીય્યતની દલીલ છે અને પુરાવો સામેના પક્ષે આપવો જોઈએ.

---

[1] બેહારુલ અન્વાર ભા-૬૮:૧૮૪, ઈદ્દતુદ્દાઈ:૨૧૭, તફસીરુલ ઈમામ અલ અસ્કરી:૧૫૨

## ઝોહદ અને તકવા

સૈયદતુન્નીસાઈલ આલમીનના કમાલાતમાથી દુનિયામાં તેનો ઝોહદ હતો અને તેમનો તેજ દરજ્જો હતો જે તેમના પિતા રસુલુલ્લાહ (સ.અ.વ.) નો દરજ્જો હતો અને તેમના શવહર સૈયદુલવસીય્યીન અને ઈમામુલ મુતક્કીન નો દરજ્જો હતો કે બેશક તેમણે આ દુનિયાને તલાક આપી દીધી હતી અને તેની તમામ લઝ્ઝતો અને તેની ચમક દમક થી દુર રહ્યા હતા. નીચે તેમના ઝોહદના અમુક પ્રસંગો વર્ણવીએ છીએ.

૧.મહાન સહાબી જનાબે જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી બયાન કરે છે કે રસુલે અકરમ(સ.અ.વ.) એ પોતાની દીકરીને જોયા કે તેમના પાક શરીર પર એક જૂની અને ઘસાયેલી ચાદર હતી. હાથો વડે ઘંટી પીસી રહ્યા હતા. સાથો સાથ બચ્ચાને દૂધ પણ પીવડાવી રહ્યા હતા. તો પયગંબર (સ.અ.વ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું

***" અય મારી દીકરી દુનિયાની કડવાશને આખેરતની મીઠાશ માટે સહન કરી લો".***

જનાબે ઝેહરા (સ.અ.)એ હસતા ચહેરાથી પોતાના રાજીપણાને જાહેર કરતા ફરમાવ્યું

***"હું અલ્લાહની તમામ નેઅમતો અને તેની બધીજ અતા કરેલી ચીઝો પર તેનો શુક્ર અને તેના વખાણ કરી રહી છું".***[1]

શું તમે જોયું કે અલ્લાહની ખુશનુદી પ્રાપ્ત કરવા માટે આ ઝોહદ અને દુનિયાની મોહમાયાથી કેવી દુરી ઈખ્તિયાર કરી!!!!!!!

૨.જનાબે સૈયદા (સ.અ.)ના ઝોહદ અને તકવા વિષે અનસ બિન માલીકની રિવાયતનો પણ ઝીક્ર કરી શકાય છે. અનસ બયાન કરે છે કે હું રસુલે ખુદા (સ.અ.વ.)ની ખીદમતમાં હાજર

[1] સફીનતુલબેહાર ભા-૨:૪૪૫,શાવાહેદુત્તન્ઝીલ ભા-૧:૫૭૧

હતો ત્યારે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) તશરીફ લાવ્યા અને આવીને રસુલેખુદા (સ.અ.વ.)ને કહેવા લાગ્યા.

***"અય અલ્લાહના રસુલ! મારી અને અલી ઈબ્ને અબીતાલીબ (અ.સ.) પાસે એક ઘેટાનું ચામડું છે કે જેની પર રાતના સુઈએ છીએ અને દિવસોમાં તેની ઉપર ઊંટને ચારો પણ આપીએ છીએ. અને તે સિવાય બીજું કંઈ નથી".***

જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે

***"અય મારી વહાલી દીકરી સબ્ર કરો.જનાબે મુસા બિન ઈમરાને તેની પત્ની સાથે દસ વર્ષ વિતાવ્યા જ્યારે કે તેમની પાસે ઉનની રીદા સિવાય બીજું કાંઈ ન હતું".[1]***

૩. જ્યારે રસુલે અકરમ (સ.અ.વ.) પર આ આયતે કરીમાં નાઝીલ થઈ

وَإِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ أَجْمَعِينَ

لَهَا سَبْعَةُ أَبْوَابٍ لِّكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُومٌ

***"અને ખરેખર તેઓ સર્વેના વાયદાની જગ્યા જહન્નમ છે: જેના સાત દરવાઝા છે; દરેક દરવાઝા માટે તેઓ (ગુનેહગારો)માંથી (જુદા જુદા સાત) ટોળાં પાડેલાં હશે".[2]***

રસુલે અકરમ (સ.અ.વ.)ખુબજ રડ્યા અને તેમના રડવાના કારણે બધા સહાબીઓ રડવા લાગ્યા. કોઈને પણ આપ (સ.અ.વ.) ના રડવાના કારણની ખબર ન હતી.

અમુક સહબીઓ દોડીને જનાબે સૈયદા (સ.અ.)ની

---

[1]ફાતેમતુઝ્ઝહેરા બેહ્જતુલકલબુલ મુસ્તફા:૨૭૪ અસ્સીરતુલ હલ્બીય્યાહ ભા-૨:૪૭૩,

[2] (સુ. હિજ્ર-૪૩-૪૪)

ખીદમતમાં પહોંચ્યા અને તેમને પરિસ્થિતિથી માહિતગાર કર્યા. આપ (સ.અ.) તે સમયે જવ પીસી રહ્યા હતા અને આ આયતની તિલાવત કરી રહ્યા હતા.

وَمَا عِندَ اللَّهِ خَيْرٌ وَأَبْقَىٰ ۚ أَفَلَا تَعْقِلُونَ

***"અને જે કાંઈ અલ્લાહની પાસે છે એ જ સૌ કરતાં બેહતર અને વધુ ટકી રહેનાર છે;છતાં તમે સમજ ધરાવતા નથી?".[1]***

સહાબીઓએ જનાબે સૈયદા (સ.અ.) ને સલામ કરી અને તેમને જણાવ્યું કે આપ (સ.અ.)ના પિતા ખુબજ રડી રહ્યા છે. તો આપ (સ.અ.)એ પોતાની જૂની ચાદર કે જેમાં ખજૂરના પાંદડાઓના થીગડાઓ લાગેલા હતા તે ચાદર પહેરી. આ જોઈને જનાબે સલમાને ફારસીની આંખમાંથી આંસુ આવી ગયા અને તરતજ એક ઠંડી આહ ભરી અને બોલ્યા રોમ અને ઈરાનના રાજાઓની દીકરીઓ રેશમ અને હરીરના કપડા પહેરે છે અને રસુલે અકરમ (સ.અ.વ.)ની દીકરીના પવિત્ર શરીર પર ખજુરની ઘસાયેલી ચાદર હોય.

જનાબે સૈયદા (સ.અ.) રસુલ (સ.અ.વ.)ની ખીદમતમાં આવ્યા અને તેમના પિતા (સ.અ.)ની સામે જનાબે સલમાન ફારસીની આ વાતને દોહરાવી અને પછી આપ (સ.અ.વ.)ને સંબોધીને કહ્યું :

તેની કસમ કે જેણે આપને નબી બનાવ્યા છે. મારા અને અલી પાસે છેલ્લા પાંચ વર્ષથી એક ઘેટાની ખાલ સિવાય કે જેના પર દિવસે અમે ઊંટને ચારો આપીએ છીએ અને જ્યારે રાત પડે છે તો તેનું બીછાનું બનાવી આરામ કરીએ છીએ બીજું કાંઈ નથી. અને અમારો તકિયો પણ ખજૂરના પાંદડાથી ભરેલા

---

[1] સુ.કસસ-૬૦

ચામડાનો છે. રસુલે અકરમ (સ.અ.વ.)એ જનાબે ઝેહરા (સ.અ.)ના આ ઝોહદ અને દુનિયાથી દુરીના વખાણ કર્યા. પછી જનાબે સૈયદા (સ.અ.) ને તેમના પિતાને તેમના રોવાનું કારણ પુછયુ તો આપ (સ.અ.વ.)એ તે આયતની ખબર આપીકે જે નાઝીલ થઈ હતી આપ (સ.અ.) સજદામાં પડી ગયા અને કહેવા લાગ્યા.વાય થાય તેના પર વાય થાય તેના પર કે જે જહન્નમમાં દાખલ થશે.[1]

## ફકીરો પર મહેરબાની

જનાબે સૈયદા (સ.અ.)ની શ્રેષ્ઠ લાક્ષણીક્તાઓ અને કમાલાતમાંથી એક એ છે કે આપ ફકીરો પર ખુબજ મહેરબાન હતા. કમઝોરો સાથે એહસાનથી વર્તતા હતા.આપ (સ.અ.)તેમના બંને ફરઝંદો અને તેમના માનનીય શવહરની સાથે અલ્લાહ અઝઝ વ જલ્લની આ આયતના મીસ્દાક છે અને તે આયતની તફસીર છે કે જેમાં વર્ણવવામાં આવ્યું છે.

وَيُطْعِمُونَ الطَّعَامَ عَلَىٰ حُبِّهِ مِسْكِينًا وَيَتِيمًا وَأَسِيرًا

إِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللَّهِ لَا نُرِيدُ مِنكُمْ جَزَاءً وَلَا شُكُورًا

***"અને નિરાધાર તથા યતીમ તથા કેદીને (પોતાની) ખ્વાહીશ છતાં ખાવાનું ખવડાવે છે.(અને કહે છે કે) અમે કેવળ અલ્લાહની ખુશી માટે જ તમને ખવડાવીએ છીએ તમારાથી અમે ન કોઈ બદલો માંગીએ છીએ અને ન ઉપકાર".***[2]

આવો જનાબે ઝેહરા (સ.અ.)ની નેકીઓ અને ખૈરાતના અમુક પ્રસંગોનું વર્ણન કરીએ.

---

[1] એંઅલમું અન્ની ફાતેમાહ ભા-૨:૧૬,બેહારુલ અન્વાર ભા-૭:૨૦૩

[2] સુ દહર:૮-૯

૧- આપ (સ.અ.) પોતાના પાડોશીઓ કે જેઓ જવ પીસી ન શકતા હતા તેમને જવ પીસીને આપતા હતા.

૨- આપ (સ.અ.) કુવામાંથી પાણી ભરીને મશ્કમાં રાખીને પોતાના પાડોશીઓના ઘરે પાણી પહોચાડતા હતા કે જેઓ પાણી મેળવવાની શક્તિ રાખતા ન હતા.

૩- શાદીની પ્રથમ રાત્રીએ આપ (સ.અ.)એ પોતાનો નવો લીબાસ અન્સારની એક દીકરીને આપ્યો કે જેની પાસે પહેરવા માટે લીબાસ ન હતો.

જનાબે સૈયદા (સ.અ.)તમામ પ્રકારના ભૌતિક રુતુબતથી પાક અને પાકીઝા હતા. આપ (સ.અ.) ખુદાની ખુશનુદી અને તેની નઝદીકીને દરેક વસ્તુ પર પ્રાથમિકતા આપતા હતા. જનાબે સૈયદા (સ.અ.)ની નેકીમાંથી એક નેકીનું ઉદાહરણ રજુ કરીએ છીએ.

૪. જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી બયાન કરે છે કે રસુલે અકરમ (સ.અ.વ.)એ નમાઝે અસ્ર જમાતથી પડાવી નમાઝ બાદ આપ (સ.અ.વ.) મુસ્લ્લા પર બેસી ગયા.સહાબીઓ આપને ઘેરીને બેઠા હતા કે એક ખુબજ વૃધ્ધ શખ્સ દાખલ થયો. અને રસુલ (સ.અ.વ.) પાસે આવ્યો અને ભુખની શિકાયત કરીને બોલ્યો. અય અલ્લાહના નબી! હું ભુખ્યો છું મારૂ પેટ ભરી દયો. મારી પાસે પહેરવા માટે લીબાસ નથી તમે મને લીબાસ અતા કરો. આપ (સ.અ.વ.)એ તેને હુકમ કર્યો કે તે તેમની દીકરી જનાબે ફાતેમા (સ.અ.)ના દરવાજે ચાલ્યો જાય. તે શખ્સ ઉઠ્યો અને જનાબે સૈયદા (સ.અ.) ના દરવાજે આવી સલામ કરી. અને અરજ કરી કે અય દુખ્તરે રસુલ! મારી પાસે લીબાસ નથી.

હું ભુખ્યો છું મારી મદદ કરો. મારા પર મહેરબાની કરો. અલ્લાહ આપના પર રહેમત નાઝીલ ફરમાવે. તે સમયે જનાબે

સૈયદા (સ.અ.) સખ્ત આર્થિક તાણમાં હતા. જનાબે સૈયદા (સ.અ.) પાસે એવુ કાંઈ ન હતું કે એક ગરીબ નિ:વસ્ત્ર ને અતા કરે સિવાય કે એક ઘેટાની ખાલ કે જેના પર આપના બંને દીકરાઓ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) સુતા હતા.આપ (સ.અ.)એ તેને ઉપાડી અને તે વૃધ્ધ મોહતાજને આપી દીધી અને ફરમાવ્યું કે આ ખાલ લઈ લો. તેણે તે ખાલ હાથમાં લીધી અને પાછી આપી. જનાબે સૈયદા (સ.અ.)ના ગળામાં એક હાર હતો આપે તે હાર ઉતારી તે હાર વૃધ્ધ મોહતાજ ને આપી દીધો. આ તે હાર હતો જે આપના કાકા જનાબે હમઝા (અ.સ.).ની દીકરીએ આપ્યો હતો. તે શખ્સ હાર લઈને રસુલે અકરમ (સ.અ.વ.)પાસે આવ્યો અને બોલ્યો. અય અલ્લાહના રસુલ જનાબે સૈયદા (સ.અ.)એ આ હાર અર્પણ કર્યો છે અને તેમણે ફરમાવ્યું છે કે આને વેચી દયો. અલ્લાહ તેના બદલામાં ખૈર અને ભલાઈ અતા કરશે. આ સાંભળીને રસુલે અકરમ (સ.અ.વ.)ના આંખમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું

કેવી રીતે અલ્લાહ તમને ખૈર અને ભલાઈ ન આપે જ્યારે કે દુખ્તરે રસુલ (સ.અ.) તમામ સ્ત્રીઓની સરદારે તમને આ હાર અતા કર્યો છે

જનાબે અમ્મારે યાસીર ઉભા થયા અને અરજ કરી અય અલ્લાહના રસુલ મને પરવાનગી આપો છો કે હું આ હારને ખરીદી લવ.રસુલે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે

હા ખરીદી લો, કારણકે તેની ખરીદીમાં બધા જીન્ન અને ઈન્સાન ભાગીદાર બની જાય તો અલ્લાહ તેમાંથી કોઈને પણ જહન્નમની આગમાં નહી સળગાવે

જનાબે અમ્મારે તે વૃધ્ધ મોહતાજને સંબોધીને કહ્યું:

અય શૈખ! કેટલામાં આ હાર વહેંચશો? તેણે કહ્યું કે જેટલી

રકમથી રોટી અને ગોશ્ત વડે મારું પેટ ભરાય જાય એક યમની લીબાસ મળી જાય કે જેનાથી હું મારા નિ:વસ્ત્રપણાને દુર કરી શકું અને તેના વડે પોતાના પરવરદિગારની નમાઝ અદા કરી શકું અને અમુક દીનાર કે જેના વડે હું પોતાના ઘરવાળાઓ સુધી પહોંચી શકું.

જનાબે અમ્મારે તે વૃધ્ધ શખ્સને કહ્યું હું તને વીસ દીનાર અને બસ્સો દિરહમ અને એક યમની લીબાસ અને પોતાની સવારી આપું છું કે જેના વડે તું ઘર સુધી પહોંચી જઈશ અને રોટલી અને ગોશ્તને મેળવી શકીશ. તે અરબ બોલ્યો અય શખ્સ તું કેટલો સખી છો અને તે વૃધ્ધ શખ્સ ખુશી-ખુશી ચાલવા લાગ્યો અને કેહતો હતો કે અય અલ્લાહ તારા સિવાય કોઈ માઅબુદ નથી. અય અલ્લાહ ફાતેમા (સ.અ.) ને તે ચીઝો અતા ફરમાવ કે જે કોઈએ આંખથી જોઈ ન હોય અને કાનથી સાંભળ્યું ન હોય.

જનાબે અમ્મારે તે હારને લીધો,  તેને કસ્તુરી વડે સુગંધિત કર્યો. એક યમની કપડામાં તેને વીટીને પોતાના ગુલામને આપ્યો અને કહ્યું આ હાર લઈને રસુલે અકરમ (સ.અ.વ.) પાસે જાવ અને અને રસુલે ખુદા (સ.અ.વ.)ને આપી દયો. અને તમને (ગુલામને) પણ મેં રસુલે ખુદા (સ.અ.વ.) ની ગુલામીમાં આપી દીધો. ગુલામ આવ્યો અને રસુલ (સ.અ.વ.) ની ખીદમતમાં હાર પેશ કર્યો. રસુલ (સ.અ.વ.) એ હુકમ આપ્યો કે હાર લઈને તેમની દીકરી પાસે જાય. જનાબે સૈયદા (સ.અ.) એ હારને લઈ લીધો અને ગુલામને આઝાદ કરી દીધો. આ જોઈને ગુલામ હસવા લાગ્યો જનાબે સૈયદા (સ.અ.) એ તેને હસવાનું કારણ પુછયુ તો તેણે કહ્યું

આ હારની મહાન બરકતો પર હું હસી પડયો કે જેના કારણે

એક ભુખ્યો સૈરાબ થઇ ગયો, એક લીબાસ વગરનાને પહેરવા માટે કપડા મળ્યા, એક મોહતાજ ગની બની ગયો, એક ગુલામ આઝાદ થઇ ગયો અને ફરી તે હાર તેના માલિકની પાસે પણ આવી ગયો.[1]

બેશક ફકીરો સાથે નેકી કરવી અને કમઝોરો પર એહસાન કરવો તે રસુલ (સ.અ.વ.) ના જીગરના ટુકડા સૈયદતુન્નીસાઇલ આલમીનની જાહેર સીફાતો માંથી હતું

## પાકદામની અને હિજાબ

જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) ની ખાસીયતોમાંથી એક ખાસિયત છે ઈફ્ફત-પાકદામની અને હિજાબ છે.આપે ઈફ્ફત અને પાકદામનીના અમુલ્ય સબકો મુસલમાન ઔરતોને આપ્યા કે જેથી તે કમાલની ટોચ સુધી પહોંચી જાય.નવી પેઢીની સાચી તરબીયત કરી શકે, સાલેહ અને નેક બચ્ચાઓ સમાજના હવાલે કરી શકે કે જેના કારણે મા-બાપ પોતાની નેક અને સાલેહ ઔલાદ પર ફખ્ર હાસિલ કરે. આવો આપણે આ વિષય પર જનાબે સૈયદા દુખ્તરે રસુલેખુદા (સ.અ.વ.) ની ઈફ્ફત અને હિજાબના અમુક પ્રસંગો જોઈએ.

૧- જનાબે અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.). ફરમાવે છે કે એક દિવસ એક આંધળો માણસ હઝરત ફાતેમા ઝેહરા (સ.અ.) ની ખિદમતમાં આવવા ઈચ્છતો હતો. આપ (સ.અ.)એ પરદા પાછળથી તે આંધળા શખ્સની સાથે વાત કરી. તો રસુલેખુદા (સ.અ.વ.)એ પુછયુ કે અય દીકરી! આનાથી પરદો કેમ કર્યો? જ્યારે કે તે જોવાની તાકાત નથી રાખતો. જનાબે સૈયદા

---

[1] બશારતુલ મુસ્તફા:૨૧૭-૨૨૧,બેહારુલ અન્વાર ભા-૪૩:૫૬-૫૭ હદીસ-૫૦, શરહે એહ્કાકુલહક્ક ભા-૧૯:૧૧૫-૧૧૮.

(સ.અ.)એ ફરમાવ્યું અય પિતા! અગર તે મને જોઈ શકતો નથી પણ હું તો તેને જોઈ શકું છું! રસુલેખુદા (સ.અ.વ.) એ તેમની આ લાગણી તરફ ધ્યાન આપી ફરમાવ્યું: હું ગવાહી આપું છું કે તમે મારા શરીરનો હિસ્સો છો.[1]

આ બનાવ પર થી એ ખબર પડે છે કે જનાબે સૈયદા (સ.અ.) હિજાબ અને પાકદામનીની કેટલી બલંદ મંઝીલ પર ફાએઝ હતા. મુસલમાન ઔરત માટે જરૂરી છે કે જનાબે સૈયદા (સ.અ.)નુ અનુસરણ કરે કે જેથી ઈસ્લામી સમાજને શરાફત અને ફઝીલતની ટોચ સુધી પહોચાડી શકાય.

૨- જનાબે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ દુખ્તરે રસુલે ખુદા (સ.અ.વ.) થી સવાલ કર્યો કે ઔરત ક્યારે પોતાના પરવરદિગારથી વધુ નઝદીક થઈ શકે છે? જનાબે સૈયદા (સ.અ.) એ જવાબ આપ્યો જ્યારે તે પોતાના ઘરની ચાર દીવારીમાં છુપાઈને રહે છે. જનાબે અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) એ જનાબે સૈયદા (સ.અ.) ના આ જવાબને આખરી પયગંબર રસુલે અકરમ (સ.અ.વ.) ને બયાન કર્યો. તો જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું કે ફાતેમાએ સહીહ ફરમાવ્યું છે

"ફાતેમા મારા જીગરનો ટુકડો છે".[2]

હિજાબ ઔરતનું ઘરેણું અને તેની ઈઝઝત છે. ઔરત જ્યારે પણ પોતાને ઈફ્ફત અને પાકદામનીથી શણગારી લે છે ત્યારે તે ખુબજ ઊંચા મરતબા અને મકામ સુધી પહોંચી જાય છે. અને બધાના માટે વખાણનું કારણ બની જાય છે. પરંતુ અગર તે હિજાબને છોડી દે અને પાકદામનીથી બેધ્યાન રહે તો સમાજમાં પણ તેની કોઈ ઈઝઝત રહેશે નહીં અને ઉલ્ટું તેને ઝલીલ અને

---

[1] બેહારુલ અન્વાર ભા-૪૩:૯૧,અદ્દર્રુન્નઝીમ:૪૫૭,દઆએમુલ ઈસ્લામ ભા-૨:૨૧૪

[2] અલજફરીયાત:૯૫,બેહારુલ અન્વાર ભા-૪૩:૯૪,અલ્નવાદીર:૧૧૯

હલ્કી નીગાહથી જોવામાં આવશે.જનાબે સૈયદા (સ.અ.)નો હિજાબ દુનિયાની તમામ સ્ત્રીઓ માટે હિદાયતનો ચિરાગ છે કે જેને અપનાવીને મુસલમાન ઔરતો સમાજમાં ઈઝ્ઝત, આબરૂ અને એહતેરામની સાથે ઝીંદગી પસાર કરી શકે છે. જનાબ શૈખ ઈસ્ફહાની પોતાના શેર-કસીદામાં જનાબે સૈયદા (સ.અ.)ના હિજાબ વિષે ફરમાવે છે કે :

આપ (સ.અ.)નો મહાન હિજાબ અઝમતોની એ જગ્યા છે કે કાઅબા-એ-મોઅઝ્ઝમા પણ તેની આજુ બાજુ તવાફ કરતો નજરે ચડે છે. આપ (સ.અ.) નો પરદો હિજાબે પરવરદિગાર જેવો છે અને એવો નુરાની છે કે આંખોને આંજી દે છે. આપ (સ.અ.) ના હિજાબ દ્વારા અલ્લાહ તઆલાએ મીસાલ પેશ કરી છે.

## અલ્લાહ (સુ.વ.ત.) ની બારગાહમાં ખુલુસે દિલથી રજુ થવું

સૈયદતુન્નીસાની સૌથી સ્પષ્ટ અને સૌથી બલંદ સીફતોમાંથી એક એ હતી કે અલ્લાહની બારગાહમાં ખુલુસ સાથે પેશ થવું અને દરેક ચીઝથી મોઢું ફેરવી લેવું.પછી જ્યારે તેઓ નમાઝની શરૂઆત કરતા હતા તો અલ્લાહના ખૌફથી તેમના શરીરના અંગો ધ્રુજવા લાગતા હતા. નમાઝ પછી તેમની તાઅકીબાત અને દુઆઓ અલ્લાહ સુ.વ.ત સાથે તેમના સંબંધનો માપદંડ દેખાડે છે અને એ કે તેઓ કેવીરીતે અલ્લાહ સાથે જોડાયેલા છે. બેશક અમે તેમની રોજીંદી નમાઝ પછી પડવાની તાઅકીબાતની દુઆઓનું વર્ણન અમારી કિતાબ “હયાતે સૈયદતુન્નીસા ફાતેમા” માં તેનું વર્ણન કર્યું છે. જેને પણ તેની જાણકારી લેવી હોય તે કિતાબ તરફ રજુ કરે. કારણકે અમે અહીં ચર્ચાને સંક્ષિપ્તમાં કરવાનું નક્કી કર્યું છે.

# દુ:ખદ ઘટનાઓ

રસુલ (સ.અ.વ.) ના જીગરના ટુકડાએ એવા સખ્ત મુસીબતના મોજાઓ અને તકલીફોને સહન કરી અને મુશ્કેલીઓ તેમના પર એક પછી એક આવતી રહી. અમુક તેમના પિતાના બીમાર થવા પછીની હતી કે જેમાં તેઓએ જન્નતુલ માવા તરફ કુચ કરી. તેમની શહાદત બાદ પણ તેમનું ટૂંકુ જીવન પરેશાનીઓથી ઘેરાય ગયું હતું, જાણે કે એક અંધારી રાત્રી કે જેમાં નુરની એક કિરણ પણ ન હોય. આ પરેશાનીઓ ત્યાં સુધી તેમની સાથે રહી કે તેણી તેમના પિતા સાથે જોડાય ગયા અને જે કાંઈ તેમને અમુક સહાબીઓ તરફથી મુસીબતના ઘુંટડાઓ પીવડાવવામાં આવ્યા હતા તેમની તેમને ફરિયાદ કરી.

હવે અમે પયગંબર (સ.અ.વ.)ની દીકરીના દુ:ખો કે જે આપ (સ.અ.વ.) ની બીમારી અને શહાદત બાદ પડ્યા તેમાંથી અમુકનું વર્ણન કરીશું, તે કીતાબોમાંથી કે જે સૌથી વધુ ભરોસાપાત્ર છે, અને જેના ઉપર ભરોસો કરવો વાજિબ છે. તેમના માટે કે જેઓ અલ્લાહ અને આખેરત પર ઈમાન રાખે છે. તે જરૂરી છે કે આપણે કબીલાવાળાના નારાઓ કે જે પૂર્વાગ્રહથી ભરેલા છે તેના પર ધ્યાન ન દઈએ કારણકે તે કયામતના દિવસે તે ફાયદો નહી પહોંચાડે. આ તે દુઃખોની તસ્વીર છે કે જેણે જનાબે ઝેહરા (સ.અ.) ને ખુબજ ગમગીન કરી દીધા હતા.

## નબી (સ.અ.વ.)ની બીમારી

હજ્જે વિદાઅ પછી જ્યારે નબીએ કરીમ (સ.અ.) મક્કા થી મદીના પાછા ફર્યા પછી આપ (સ.અ.વ.) ની તબિયત ખરાબ થવા લાગી. સખ્ત તાવ અને દર્દ એટલુ બધુ હતું કે જાણે આગની જવાળાઓ આપના અસ્તિત્વમાં દેખાતી હતી. આપના જિસ્મ મુબારક પર ચાદર હતી. અને જ્યારે આપની મુલાકાત કરવા માટે

આવેલા લોકો અને આપના ઘરવાળાઓ આ ચાદર પર હાથ રાખતા ત્યારે આપના શરીરની સખ્ત ગરમીનો એહસાસ થતો હતો.[1]

આપની  પાસે ઠંડા પાણી ભરેલું વાસણ હતું. જેનાથી આપ પોતાના હાથ મુબારક ભીનો કરતા અને પોતાના ચહેરા એ અકદસ સાફ કરતા હતા. આ રીતે કે જે તાવમાં ગરમીને ઓછી કરવા માટેનો બેહતરીન તરીકો છે. આ હઝરત (સ.અ.વ.) નો ઈરશાદ છે કે

***"હું હજી પણ ઝેરવાળા ખોરાકના દર્દનો એહસાસ કરું છું અને આ ઝહેરે મારી રગોને કાપી નાખી છે".[2]***

## મુસલમાનોનું નબી (સ.અ.વ.)ની ખબરગીરી માટે આવવું

મુસ્લિમો નબી એ કરીમ (સ.અ.વ.)ની ખબરગીરી માટે ઉમટી પડયા હતા.ગમ અને ઉદાસીના કારણે તેમની હાલત ખરાબ થઈ ગઈ હતી.નબી (સ.અ.વ.) ના ઓરડામાં જગ્યા ન હતી.આ હઝરત (સ.અ.વ.) એ પોતાની મૌતની ખબર સંભળાવી.ભલાઈ અને કામયાબી માટે અમુક નસીહત લોકોને ફરમાવી.

***"અય લોકો હું નજદીકમાં તમારી વચ્ચેથી રૂખસત થઈ જઈશ. સાવચેત થઈ જાઓ. હું તમારી દરમ્યાન અલ્લાહની કિતાબ અને મારી ઈતરત છોડીને જાવ છું".***

આમ કહીને આપે પોતાના જાનશીન અને વારસદાર, પોતાના ઈલ્મના શહેરના દરવાજા હઝરત અમીરુલ મોઅમેનીન

---

[1] અલ્બીદાય્તો વન્નેહાયાહ ભા-૫:૨૬૬,અલ્મુસ્તદરક ભા-૧:૪૦,
અલસોનને અલ્કબરી ભા-૩:૩૭૨

[2] સહીહ બુખારી ભા-૫:૧૩૭,અલ્મુસ્તદરક ભા-૩:૫૭,
કન્ઝુલ ઉમ્માલ ભા-૧૧:૪૬૬,અસ્સીરતુલહલ્બીય્યાહ ભા-૨:૪૩૨

(અ.સ.) નો હાથ પકડયો અને ફરમાવ્યું

***"આ અલી (અ.સ.). કુરઆનની સાથે છે અને કુરઆન અલી (અ.સ.). સાથે છે. આ બંને એક બીજાથી જુદા નહી થાય ત્યાં સુધી કે હવ્ઝે કવસર પર મારી પાસે પહોંચી જાય".[1]***

આ શબ્દો વડે આપ (સ.અ.વ.) એ ઉમ્મત માટે નિર્ણાયાત્મક હાકીમની નિમણુંક કરી આપી. તેમના માટે એવા રેહબર અને આગેવાનની નિમણુંક કરી આપી કે જેં તેમના માટે સૌથી શ્રેષ્ઠ અને સૌથી યોગ્ય હતા.

## ઓસામા બિન ઝયદ

આ હઝરત (સ.અ.વ.) એ વાત જાણતા હતા કે આપના સહાબીઓમાં જુથવાદ થઇ ચુક્યો છે. અને તે લોકો તેમના આ મકસદને પૂરો ન થાય તેના માટે કાર્ય કરશે. અને પોતાના વસી, જાનશીન અને ઈલ્મના દરવાજા હઝરત અમીરુલ મોઅમેનીન (અ.સ.) થી ખિલાફતનો રુખ ફેરવી નાખશે. આથી આપે આપના તમામ અસહાબોને રૂમીયો સાથે જંગ કરવા માટે મોકલ્યા, કે જેથી મદીના શહેર એટેલે કે ઈસ્લામી હુકુમતનું મજબુત પાયો તેમના વજૂદથી ખાલી થઇ જાય. કે જેથી હઝરત અલી (અ.સ.). આસાનીથી નેતૃત્વ કરી શકે.

આ હઝરત (સ.અ.વ.)એ તમામ અન્સાર અને મુહાજીરના વડાઓને ઓસામા બિન ઝયદના નેત્રુત્વ હેઠળ લશ્કરમાં જવાની આજ્ઞા આપી.

જેમાં અબુબકર, ઉમર, અબુ ઓબયદાહ અલ જર્રાહ,

---

[1] અસ્સવાએકુલ મોહર્રેકા ભા-૨:૩૬૧,આમાલીએ તુસી (અ.ર.):૪૭૮ અને ૪૭૯ હદીસ-૧૦૪૫,અલએહ્તેજાજ ભા-૧:૨૧૬,બેહારુલ અન્વાર ભા-૩૮:૧૧૭ હદીસ-૬૧, યનાબીઉલ મવદ્દત ભા-૧:૧૨૪

મોગીરા બીન શોઅબાહ અને બશીર બિન સઅદ હતા.[1]

તે સમયે ઓસામા ઉમર કરતા ઉમ્રમાં નાના હતા પરંતુ કોઈ કૌમ અને લશ્કરની નેતાગીરી માટે લાયકાત અને ક્ષમતા માપદંડ હોય છે શરીર અને ઉમ્ર નહી. એવીજ રીતે આ નામચીન માણસોમાંથી કોઈને સેનાપતિ ન બનાવવા તે બતાડે છે કે રસુલે ખુદા (સ.અ.વ.) ને એ લોકો પર ભરોસો ન હતો, અને આ હઝરત (સ.અ.વ.) તેઓને સેનાપતિ બનાવવા રાજી ન હતા. આમ છતાં પણ રસુલે ખુદા (સ.અ.વ.) એ ઓસામાને સેનાપતિ બનાવીને ફરમાવ્યું કે:

"તમે તમારા પિતાની શહાદતની જગ્યા સુધી જાવ અને તેને મેળવી લ્યો.મેં તમને લશ્કરના સેનાપતિ નિયુક્ત કર્યા છે. સવારે તમે કુચ કરો અને એહલે ઉબની (એક વિસ્તારનું નામ કે જ્યાં જનાબે જાફરે તૈયાર અને ઓસામાના પિતા ઝૈદ બિન હારીસ શહીદ થયા હતા) ઉપર હમલો કરો અને તેને પગ નીચે કચડી નાખો. એટલા ઝડપથી તમે જાવો કે તમારી ખબર તેને પહોંચે એ પહેલા તમે પહોંચી જાવ. અગર અલ્લાહે તમને કામયાબ કર્યા તો પછી ત્યાં વધુ ન રોકાતા.પોતાની સાથે રસ્તો જાણનારા લોકોને લઈ લો, જાસુસ રવાના કરો અને એક દોડ્નારાની ટુકડી તમારી સાથે રાખો."

નબી (સ.અ.વ.) એ ઓસામાને લશ્કર પર જીતવા માટે સારી યોજના અને સલાહો આપી.

## લશ્કરી બળવો

માહે સફરની ૧૯ મી તારીખે ઓસામાના લશ્કરે બળવો કર્યો અને અસહાબે રસુલ (સ.અ.વ.) માંથી મોટા મોટા લોકો લશ્કરે ઓસામામાં ન જોડાયા. જેના કારણે રસુલેખુદા (સ.અ.વ.) ને

---

[1]કન્ઝુલ ઉમ્માલ ભા-૫:૩૧૨,અત્તબકાતુંલ કબરી ભા-૪:૪૭,તારીખુલ ખમીસ ભા-૨:૪૬

ઘણું દુખ લાગ્યું. આપ (સ.અ.વ.) બીમારીથી પીડાતા હતા. છતાય બહાર આવ્યા અને સહાબાઓને કંઈક કરવા માટે લલકાર્યા. અને ઓસામા બિન ઝયદને લશ્કરના અલમદાર અને તમામ ફૌજીઓના સરદાર બનાવ્યા.

ઉમરે તેને કડકાઈથી કહ્યું રસુલુલ્લાહ (સ.અ.વ.) મરી રહ્યા છે અને તું અમારી પર સરદારી કરીશ. આ વાત પરથી એ નિશ્ચિત થાય છે કે તેઓ માટે સ્પષ્ટ થઈ ગયું હતું કે રસુલુલ્લાહ (સ.અ.વ.) તેમને મદીનાથી બહાર કરીને તેમના પછીની ગોઠવણ કરી રહ્યા હતા. ત્યાં સુધી કે આપ (સ.અ.વ.) ની રેહલત વખતે મદીનામાં તેઓ ન રહે.

## નબી (સ.અ.વ.) નું ગુસ્સે થવું

અને જ્યારે નબી (સ.અ.વ.) એ જોયું કે તેમનું લશ્કર બળવો કરી રહ્યુ છે અને ફૌજમાં શામિલ થવાથી પીછેહઠ કરી રહ્યું છે. તો આ વાત નબી (સ.અ.વ.) ને ખુબજ ખરાબ લાગી અને તેઓ ખુબજ નારાઝ થયા. તેના કારણે તેમનો તાવ વધી ગયો. તેમણે પોતાના માથા પર પટ્ટી બાંધી હતી કારણકે તેમના માથાનું દર્દ સખ્ત વધી ગયુ હતું. અને તેઓ ઘરની બહાર નીકળ્યા જ્યારે કે તેઓએ ચાદર ઓઢી હતી મીમ્બર પર ગયા અને લશ્કરમાં ન જોડાનારાઓ પર પોતાના ગુસ્સાને આ રીતે જાહેર કર્યો

રસુલે ખુદા (સ.અ.વ.) એ લોકોને ફરમાવ્યું કે

***"અય લોકો આ હું શું સાંભળી રહ્યો છું કે તમે ઓસામાની સરદારી બાબતે ટીકા કરો છો. બરાબર તેજ રીતે જે રીતે તેના પિતા ઝૈદ બિન હારીસની સરદારી પર વાંધો દર્શાવ્યો હતો. ખુદાની કસમ! ઝૈદ બિન હારીસ સેનાપતિને લાયક હતા અને તેના પછી તેમના દીકરા ઓસામા પણ સરદારીને લાયક છે". 1***

બેશક કુરૈશના લશ્કરનું ઓસામાની સરદારીની ટીકા કરવી

બીજો કોઈ મકસદ ન હતો સિવાય કે તેઓને રસુલ (સ.અ.વ.) પછી સત્તા મેળવવી હતી. કારણકે તેમને જંગમાં જવા પછી રસુલ (સ.અ.વ.) ની રેહલતનું યકીન થઇ ગયું હતું. તેઓને ડર હતો કે સલ્તનત તેમના હાથમાંથી ચાલી ન જાય અને હુકુમત પયગંબર (સ.અ.વ.) પછી અમીરુલ મોઅમેનીન ઈમામ અલી (અ.સ.) ને ન મળી જાય

## બળવાખોરો પર રસુલે ખુદા (સ.અ.વ.)ની લાનત

નબી (સ.અ.વ.)એ લશ્કરે ઓસામામાં ન જોડાનારા પર ગુસ્સે હતા અને કહેતા હતા કે

***"ઓસામાના લશ્કરની સાથે સાથે કુચ કરો. અલ્લાહની લાનત થાય તે શખ્સ પર કે જે લશ્કરે ઓસામાથી અલગ થઈ જાય"***

પયગંબર (સ.અ.વ.) ની આટલી સખ્ત ટીકાની પણ તેમના પર કોઈ અસર ન થઈ. આપ (સ.અ.વ.) ના આટલા બધા સંપુર્ણ પ્રયત્નો છતાય પણ તેમની હિંમત ઓછી થઇ નહી. આપ (સ.અ.વ.) એ પીછેહઠ કરનારાઓ પર લાનત કરી જ્યારેકે આપ (સ.અ.વ.) ના જીવનની આખરી ક્ષણો હતી. બેશક તે લોકોએ ખુબજ સુસ્તી દેખાડી અબુબકર થોડે દુર સુધી ગયો અને ઉમર હાલત પર નજર રાખવા માટે ત્યાંજ રોકાય ગયો જેથી કરીને હુકુમત હાથમાંથી ચાલી ન જાય

## ગુરુવારની ઘટના

પયગમ્બરે ખુદા (સ.અ.વ.) માટે તેમના મોટા મોટા સહબીઓની રાજકીય હિલચાલ અને પોતાની નફાકારક નિય્યત ખુબ સારી રીતે સ્પષ્ટ થઈ ચુકી હતી તે લોકો ખીલાફતને એહલેબૈત (અ.મુ.સ.)થી છીનવી લેવા ઈચ્છે છે.

આથી આપે પોતાની જિંદગીની આખરી પળોમાં ઉમ્મતને

કમજોરી અને ફેરફારથી બચાવવા માટે અને તે લોકો માટે સફળતા અને ખુશબખ્તીની ઝમાનત આપીને ફરમાવ્યું.

***"મારી પાસે કલમ (પેન) અને દવાત (શાહી) લાવો જેથી હું તમારા માટે એક લખાણ લખી દવ કે જેના પછી તમે ક્યારેય ગુમરાહ નહી થાવ".***

શું મુસલમાનો માટે અને તમામ નસ્લો માટે આથી વધુ કોઈ નેઅમત હોઈ શકે કે સૈયદુલ મુરસલીન તમામ ઉમ્મતો માટે અને બધીજ સદીઓના મુસલમાનોને ઝમાનત આપી રહ્યા હતા.

અગર પયગમ્બરે અકરમ (સ.અ.વ.) નું આ ઝમાનતનામુ ઉમ્મત લખી નાખતે તો સૌથી મોટી નેઅમત હોત, સૌથી વધુ મહત્વનું લખાણ હોત પરંતુ અફસોસ કે સહાબાઓએ આનાથી ફાયદો ન મેળવ્યો.

અલ્લાહના રસુલ (સ.અ.વ.)એ તમામ મુસલમાનો કે જે હાજર છે અને એ કે જેઓ હાજર નથી તે દરેક મુસલમાનની ઝમાનત લઈ રહ્યા હતા, કે જેથી તેઓ હકના સાથીઓ બને અને રાહે રાસ્ત પર રહે. જેના પછી કોઈ પણ જાતના ફેરફારનો કોઈ સવાલ જ ઉપસ્થિત થતો નથી. પરંતુ અફસોસ કે અમુક સહાબીઓ કે જેઓએ પયગંબર (સ.અ.વ.) શું લખવાના હતા તે અનુમાન કરી લીધું હતું, કે આપ (સ.અ.વ.) પોતાના ભાઈ અને શહેરે ઈલ્મના દરવાજા હઝરત અમીરુલ મોઅમેનીન (અ.સ.)ની ખીલાફતની ભલામણ કરશે, જેના પરિણામે તેઓનો ધ્યેય અને મકસદ મરી જાય.

આથી ગુસ્સાથી પયગંબર (સ.અ.વ.) ની વાતનો જવાબ આપતા કહ્યું કે

***"'અમારા માટે ખુદાની કિતાબ કાફી છે".***

આ વાત નક્કી છે કે આ વાક્ય કહેનારાને અગર કોઈ એવો શક હોત કે નબી એ કરીમ (સ.અ.વ.) કોઈ મઝહબી કે શરઈ કાર્ય અથવા ઈબાદત અથવા તો કંઈ સરહદની બાબતે કંઈ હુકમ આપવાના છે તો યકીનન આટલી હિંમતથી આ વાક્ય ન કહેતે પરંતુ તેને ખબર હતી કે ઈમામ અલી (અ.સ.) ની ખિલાફત બાબતે લખાણ, તાકીદ અને ભલામણ કરીને જઈ રહ્યા છે.

તેમ છતાં ત્યાં હાજર હતા તેઓની વચ્ચે આ બાબતે ઘણો મતભેદ અને વિરોધાભાસ પૈદા થઈ ગયો. એક જૂથ એ કોશિષ કરતુ હતું કે નબી (સ.અ.વ.) ની વિનંતીને પૂરી કરવી જોઈએ અને બીજું જૂથ વિરોધ પર અડેલું હતું. આ તરફ પરદાની પાછળ બેઠેલી ઔરતો ઘણીજ હિંમતથી વિરોધાભાસને નાપસંદ કરતી હતી અને રાડો પાડીને ચીલ્લાવતી હતી કે શા માટે રસુલે ખુદા (સ.અ.વ.) ના હુકમને સાંભળતા નથી.

ઉમર ગુસ્સે થયો અને તેણે આ કહેતા ઔરતોને ધમકી આપી કે તમે યુસુફ (અ.સ.)ની પાછળ પડેલી ઔરતો જેવી છો કે જ્યારે તે મરી જશે તો પણ તમે તમારી આંખોને નહી મુકો અને જીવતા રહે તો તેની ગરદન પર સવાર રહેશો. આ સાંભળીને રસુલે ખુદા (સ.અ.વ.) એ ક્રોધિત નજર સાથે ઉમરની સામે જોયું અને કડક લહેજામાં ઉમરથી કહ્યું

***“તેણીઓને તેના હાલ પર છોડી દે, એ માટે કે તેણીઓ તારી કરતા સારી છે”***

તેના પછી ત્યાં હાજર લોકોની વચ્ચે ખતરનાક વિરોધાભાસ પૈદા થયો. અને તે નજીક હતું કે લખાણ લખવાની તરફેણ કરવાવાળા લોકો કામયાબ થાય એટલામાં વિરોધ કરનાર જૂથમાંથી એક માણસે ક્રુરતાથી ફરમાને નબી (સ.અ.વ.) ની વિરૂદ્ધ કહ્યું કે

**“આ શખ્સ હિઝયાન (માનસિકતા ગુમાવીને બોલવું) બકે છે.”**[1]

આ બનાવનુ ધ્યાનપૂર્વક અને સમજદારીપૂર્વક અવલોકન કરવું જોઈએ. કારણકે આ બનાવ પુરા દીને ઈસ્લામના જીવંત રહેવા પરની મહત્વતા પર નિર્ભર છે. સ્પષ્ટપણે આ બનાવમાં કે જેમાં કોઈ શંકા નથી કે જેમાં જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)ની શાનમાં બહુ મોટુ અપમાન થયું છે. આપની મહાન ઝાત ગુમરાહ નથી અને ન તો આપ ગફલતથી કંઈ બોલે છે કે ન તો આપ પોતાની ઈચ્છા કે નસ ને તાબે થઈને કંઈ બોલે છે. આપ (સ.અ.વ.) જે કંઈ કહે છે તે વહીએ ઈલાહી હોય છે, કે જેને સૌથી વધુ તાકતવર (અલ્લાહે) તાઅલીમ આપેલી છે. કુરઆનમાં ઈરશાદ થાય છે કે આ કરીમ નબીનુ કહેણ છે,જે સાહેબે અર્શ અને સૌથી વધુ તાકતવર ખુદા પાસે મકામ ધરાવે છે. જે સાદિક અને અમીન છે. તમારો સાથી પાગલ નથી.

**مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوَىٰ وَمَا يَنطِقُ عَنِ الْهَوَىٰ إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَىٰ عَلَّمَهُ شَدِيدُ الْقُوَىٰ**

***“તમારો સાથી ન આડે માર્ગે ગયો છે અને ન તેણે ભુલ કરી છે. અને તે પોતાના મનથી કાંઈ કહેતો નથી.(પણ) તે જે કાંઈ કહે છે તે તેને વહી કરવામાં આવે છે તેના સિવાય બીજું કાંઈ નહી, તેને મોટી શક્તિવાળા એ (અલ્લાહે) કેળવ્યો છે”.***[2]

**إِنَّهُ لَقَوْلُ رَسُولٍ كَرِيمٍ ذِي قُوَّةٍ عِندَ ذِي الْعَرْشِ مَكِينٍ**

---

[1] આ પ્રસંગનું વર્ણન ઘણા બધા રાવીઓએ કરેલ છે સહીહ બુખારીમાં ભા-૪:૬૭ થી ૬૯,નીહાયતો ઈબ્ને અસીર ભા-૩:૧૯૪

[2] (સુ.નજમ ૨,૩,૪,૫)

***“બેશક આ (કુરઆન) એક માનવંત મોકલેલા (જિબ્રઈલ)એ પહોંચાડેલો સંદેશો છે: જે અર્શના માલિકને ત્યાં શક્તિવાળો અને માનવંત છે”.[1]***

## રસુલેખુદા (સ.અ.વ.) નો તમામ માલ સદ્કો

બીમારીની હાલતમાં જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) પાસે ૬ અથવા ૭ દીનાર હતા.અને આપ (સ.અ.વ.) ને એ ડર હતો કે અલ્લાહ આપ (સ.અ.વ.) ની રૂહ કબ્ઝ કરી નાખે અને આ ૬ અથવા ૭ દીનાર આપ ની પાસે રહી જાય. આથી આપે આપના ઘરના લોકોને હુકમ કર્યો કે તેને ખૈરાત કરી દે. પરંતુ આપ (સ.અ.વ.) ની આ દર્દનાક હાલતના કારણે ઘરવાળાઓ ભૂલી ગયા અને આપ (સ.અ.વ.) એ ફિકરમાં હતા. આથી જ્યારે આપ બેહોશીમાંથી હોશમાં આવ્યા તો આપે આ દીનાર વિષે પુછ્યું તો જવાબ મળ્યો કે હજી મૌજુદ છે અને ખૈરાત કર્યા નથી. આપ (સ.અ.વ.) એ હુકમ આપ્યો કે દીનારોને અહીં લાવવામાં આવે. જ્યારે લાવવામાં આવ્યા તો આપે આપના મુબારક હાથમાં દીનારને લીધા અને ફરમાવ્યું:

***“મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) સાથે તેનો પરવરદિગાર શું કરશે અગર તે મરી જાય અને તેની પાસે આ દીનાર બાકી રહી જાય”***

પછી આપે તે દીનારને સદ્કો કર્યો અને ત્યાર પછી માલે દુનિયામાંથી કંઈ પણ આપની પાસે ન બચ્યું.

---

[1] સુ.તકવિર-૧૯,૨૦

## જનાબે ઝેહરા (સ.અ.) નો ગમ

મુસીબત અને દુઃખો રસુલે ખુદા (સ.અ.)વ.ના જીગરના ટુકડાના દિલ પર એવી રીતે છવાઈ ગયા કે દુખ્તરે રસુલ ખુબજ કમજોર અને દુબળા થઈ ગયા હતા. કારણકે આપને એ ખબર હતી કે આપના પિતા આ ફાની દુન્યા છોડીને જઈ રહ્યા છે. આથી આપના પર ગમ અને મુસીબતનો એ આલમ હતો કે રસ્તામાં ચાલતા સમયે પણ એ ખબર પડી જતી હતી કે આપ (સ.અ.) હાલતે એહતેઝારમાં છો. આપ (સ.અ.) રસુલેખુદા (સ.અ.વ.) ની સેવામાં હાજર હોય તો વારંવાર આપના ચહેરા તરફ નિગાહ રહેતી. એવામાં રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

હાય રે! દર્દો ગમ! આ આવાઝ બીબીએ સાંભળી લીધો અને ખુબજ દર્દભર્યા અવાઝમાં બોલ્યા: અય બાબા મને આપનો દર્દ અને ગમ મારી નાખે છે. આ હઝરત (સ.અ.વ.) એ જનાબે સૈયદા (સ.અ.) ની બગડેલી પરિસ્થિતિ જોઈ તેને દિલાસો આપ્યો. કારણકે બીબી લાશની જેમ કમઝોર થઈ ચુકેલા હતા. આ હઝરત (સ.અ.વ.) એ દિલાસો આપતા ફરમાવ્યું કે:

***“અય બેટી આજ પછી તમારા પિતાને કોઈ દુઃખ દર્દ નહી હોય”.***[1]

હઝરત (સ.અ.વ.) નું આ વાક્ય વીજળીની જેમ બીબીના દિલો જીગર પર વરસી પડ્યું. તેમણે એ સમજી લીધું કે તેમના પિતા તેમને છોડીને જવાના છે. આં હઝરત (સ.અ.વ.) એ પોતાની વહાલી દીકરી તરફ જોયુ કે આપ (સ.અ.) ના ચહેરાનો રંગ દુઃખ અને ગમના કારણે બદલાઈ ગયો છે. અને શરીર ધ્રુજી રહ્યું છે. પયગંબર (સ.અ.વ.) એ દિલાસો આપવા માટે દીકરીને

---

[1] કન્ઝુલ ઉમ્માલ ભા-૭:૧૧૦,સોનને ઈબ્ને માજાહ ભા-૧:૫૨૨,અલઈસ્તીયાબ ભા-૨:૪૨૦

નજીક બોલાવ્યા અને કાનોમાં ધીમા અવાજે કંઈ કહ્યું, કે જેના કારણે બીબીના આંખોમાં આંસુ આવી ને ગાલ પર વહેવા લાગ્યા, અને પછી ફરીવાર કાનમાં ધીમા અવાજે કંઈ કહ્યું તો જનાબે ઝેહરા (સ.અ.) હસી પડયા.

આયેશા આ જોઈ રહી હતી. તે બોલી પડી કે આજ પહેલા મેં ખુશી અને ગમને એટલો કરીબથી જોયો નથી. જયારે આયેશાએ જનાબે ઝેહરા (સ.અ.) થી આ પ્રસંગની વાત જાણવા કોશિષ કરી, પરંતુ જનાબે સૈયદાએ મનાઈ કરી અને તેને બયાન ન કર્યો. પરંતુ શહાદતે રસુલેખુદા (સ.અ.વ.) પછી જનાબે ઝેહરા (સ.અ.) એ આયેશાથી આ રીતે બયાન કર્યું કે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ મને ફરમાવ્યું કે દર વર્ષે એક વાર જનાબે જીબ્રઈલ મારી પાસે આવે છે અને કલામે ઈલાહી ને રજુ કરે છે. આ વર્ષે તે બે વખત મારી પાસે આવ્યા અને રજુ કર્યું.

જેનો મતલબ કે મારી મૌત નજીક છે. આ કલામ જનાબે ઝેહરા (સ.અ.)ને ખુબજ દુ:ખ અને ગમગીન કરી દીધા. અને આપના ખુશ થવાનું કારણ એ હતું કે જનાબે રસુલે ખુદાએ જનાબે ઝેહરા (સ.અ.) ને ફરમાવ્યું કે

***“અય દીકરી મારી એહલેબૈતમાંથી સૌ પ્રથમ તમે મને આવીને મળશો. હું તમારા માટે શ્રેષ્ઠ આગેવાન છું અને શું તમે તે વાતથી રાજી નથી કે તમે આ ઉમ્મતની તમામ ઔરતોની સરદાર છો”.***[1]

આ વાત જનાબે સૈયદાના દુઃખને ઓછું કરનારું અને તેમના ગમમાં ઘટાડો થવાનું કારણ હતું કે એહલેબૈતમાંથી આપ (સ.અ.) રસુલે અકરમ (સ.અ.વ.) ને મળનારા સૌથી પહેલા વ્યક્તિ હશે.

---

[1] અસદુલ ગાબાહ ભા-૨:ભા-૨:૭૪,તારીખુલ બગદાદ ભા-૬:૨૫૯,
અલએસાબત ભા-૨:૧૯૧,ઈન્સાબુલ અશરાફ ભા-૧:૧૩૩,
મુસ્નદે એહમદ ઈબ્ને હમ્બલ ભા-૬૦:૨૮૨, કન્ઝુલ ઉમ્માલ ભા-૧૩:૬૭૬.

આપ તેવી ઝીંદગીથી એકદમ થાકી ગયા હતા કે જેમાં આપના પ્યારા બાબા ન હોય. એટલેજ આપ (સ.અ.વ.) એ પોતાના જીગરના ટુકડા જનાબે ઝેહરા (સ.અ.) ના દુખ અને દર્દને ઓછું કરવા માટે ફરમાવ્યું હતું કે

***"અય મારી પ્યારી દીકરી! રડો નહી અને અગર હું રેહલત કરી જાવ તો કહો, આપણે અલ્લાહ માટે જ છીએ અને અલ્લાહની તરફ જ પાછા જનારા છીએ. કારણકે આ વાક્યમાં દરેક મરનારા માટે બદલો છે. તો જનાબે સૈયદા (સ.અ.) એ રડતા રડતા પુછ્યું કે અય બાબા શું આપના માટે પણ બદલો છે? આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું હા મારી દીકરી મારા માટે પણ".[1]***

હવે રસુલે ખુદા (સ.અ.વ.) નું દર્દ ખુબ વધારે થતું ગયું. સાથો સાથ જનાબે સૈયદા (સ.અ.)નો ગીર્યા પણ વધતો ગયો અને આપ (સ.અ.) એ પોતાના બાબાને સંબોધીને કહ્યું

***"અય બાબા ખુદાની કસમ! તમે બિલકુલ તે શાયરના કલામના મીસ્દાક છો. અને તે નુરાની શખ્સ કે જેના ચહેરાની બરકતથી આસમાનથી વરસાદ વરસાવવામાં આવે છે, જે યતીમોનો સંભાળ રાખનારો અને બેવાઓનું રક્ષણ કરનારો છે".***

આ સાંભળી જનાબે રસુલે અકરમ (સ.અ.) વ.એ જનાબે સૈયદા (સ.અ.) ને ફરમાવ્યું:

આ મારા ચાચા અબુ તાલીબના અશઆર છે. પછી આપ (સ.અ.વ.) એ આ આયતની તિલાવત કરી

[1] ઈન્સાબુલ અશરાફ ભા-૧:૧૩૩ અત્તબકાતુલ કુબરા ભા-૨:૩૧૨

وَمَا مُحَمَّدٌ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِن قَبْلِهِ الرُّسُلُ ۚ أَفَإِن مَّاتَ أَوْ قُتِلَ انقَلَبْتُمْ عَلَىٰ أَعْقَابِكُمْ ۚ وَمَن يَنقَلِبْ عَلَىٰ عَقِبَيْهِ فَلَن يَضُرَّ اللَّهَ شَيْئًا ۗ وَسَيَجْزِي اللَّهُ الشَّاكِرِينَ

***"મોહમ્મદ (સ. અ. વ.) માત્ર એક રસુલ છે, જેની પહેલાં ઘણાય રસૂલો થઈ ગયા છે: અગર તે મરી જાય અથવા માર્યો જાય તો શું તમે તમારા પાછલા પગે ફરી જશો? (યાદ રાખો) કે જે પોતાના પાછલા પગે ફરી જશે તે અલ્લાહનું કાંઈ પણ બગાડી શકશે નહી અને નજીકમાં જ અલ્લાહ આભાર માનનારાઓને સારો બદલો આપશે".***[1]

અનસ બિન માલિક રિવાયત કરે છે કે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)પોતાની સાથે ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ને લઈને રસુલે ખુદા (સ.અ.વ.) ની ખીદમતમાં આવ્યા. જ્યારે આપ સખ્ત બીમાર હતા. આપ (સ.અ.) એ રસુલે અકરમ (સ.અ.વ.) પર પડયા અને ધ્રુસકે- ધ્રુસકે રડવા લાગ્યા. ત્યારે રસુલે અકરમ (સ.અ.વ.) એ તેમની આ હાલત જોઈને માયાળુ પણે રોવાની મનાઈ કરી. જ્યારે કે ખુદ આપના આંસુ બંને ગાલ પર વહી રહ્યા હતા. આપ (સ.અ.) ફરમાવતા હતા કે:

અય મારા પરવરદિગાર! આ મારા એહલેબૈત છે. હું તેમને દરેક મોઅમીનના હવાલે કરીને જઈ રહ્યો છું. આપે આ વાકયને ત્રણ વખત દોહરાવ્યું. આપ ખુબજ દુ:ખી અને ગમગીન હતા. કારણકે આપને ખબર હતી કે એહલેબૈત (અ.મુ.સ.) પર કેવી કેવી

---

[1] (સુ.આલે ઈમરાન-૧૪૪)

મુસીબતો, તકલીફો, દુખો અને ગમ આવી પડવાના છે.

## નબી (સ.અ.વ.)નો વારસો

જનાબે સૈયદા (સ.અ.) પોતાના બંને ફરઝંદો ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ની સાથે આવ્યા. તેમની આંખો આંસુઓથી ભરેલી હતી.આપે પોતાના બંને દીકરા માટે તેમના બાબા પાસેથી તેમના શ્રેષ્ઠ અખલાક અને ઉચ્ચ સદગુણોના વારસાની માંગણી આ રીતે કરી. અય બાબા આ બંને આપના ફરઝંદ છે. તેથી તે બંનેને કંઈક અતા ફરમાવો. આ સાંભળીને રસુલે અકરમ (સ.અ.વ.) એ પોતાના બંને નવાસાઓને અમુક ફઝીલતો કે જે નબીઓ કરતા શ્રેષ્ઠ હતી અતા ફરમાવી. હસન માટે મારી રોઅબ અને સરદારી છે અને હુસૈન માટે મારી હિંમત અને સખાવત છે.[1]

ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) તેમના પ્યારા નાના પાસેથી રોઅબ, સરદારી, હિંમત અને સખાવત લઈને ઉભા થયા. અને એ હકીકત છે કે આખી કાએનાતમાં આ વારસાથી વધીને કોઈ મહાન વારસો નથી. આ વારસો પોતાની અંદર નબીઓની સંપુર્ણતા અને ઉચ્ચ સીફતોને સમાવી લે છે.

## હસનૈન (અ.મુ.સ.) માટે ભલામણ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) માટે પોતાના બંને નવાસાઓને ધ્યાન, રક્ષણ અને કાળજી માટે અમીરુલ મોઅમેનીન (અ.સ.) ને પોતાની રેહલતના ત્રણ દિવસ પહેલા આ રીતે ભલામણ કરી હતી.

***"અય બે ફૂલોના પિતા! હું તમને પોતાની દુનિયાના બે ફૂલો બાબતે ભલામણ અને વસીય્યત કરું છું. નજીકમાંજ તમારા***

[1] કન્ઝુલ ઉમ્માલ ભા-૭:૨૬૮,અને ભા-૧૩:૬૭૦,
અલબીદાયતો વન્નેહાયાહ ભા-૭:૧૬૧ ,યનાબીઉલ મવદ્દત ભા-૨:૩૨૬

***જીવનના બે સ્તંભો પડી જશે. અને અલ્લાહ તમારા પર મહેરબાન અને રક્ષણ કરનાર છે".***

જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) ની રેહલત થઈ. હ.અમીરુલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું

***'આ મારા જીવનનો પહેલો સ્તંભ હતો જે પડી ગયો'***

અને જયારે જનાબે સૈયદા (સ.અ.) શહીદ થઈ ગયા તો આપ (અ.સ.) એ ફરમાવ્યું કે

***'આ મારા જીવનનો બીજો સ્તંભ હતો જે પડી ગયો. જેના માટે મને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું હતું'***[1]

## જન્નતુલ ફીરદોસ તરફ નો સફર

મહાન નબી (સ.અ.વ.) ના આખેરતના સફરનો સમય નજીક આવી ગયો હતો. તે નબી કે તેમના પેહલા અલ્લાહે કોઈને ખલ્ક કર્યા ન હતા. તેમના જીવનના અંતિમ ક્ષણો આવી રહી હતી. અને આપ (સ.અ.વ.) તેમના ભાઈઓને એટલે કે ઈલાહી નબીઓને જઈને મળવાના હતા. મલેકુલ મૌત પરવાનગી લેવા માટે આગળ આવ્યા. તો જનાબે સૈયદા (સ.અ.) એ કહ્યું કે અત્યારે મારા પિતા વ્યસ્ત છે. તો મલેકુલ મૌત પાછા ચાલ્યા ગયા. અને ફરી દાખલ થવાની પરવાનગી માંગી. ત્યારે રસુલે અકરમ (સ.અ.વ.) જાગ્યા અને તેમણે પોતાની લખ્તે જીગર દીકરીને ફરમાવ્યું કે

અય મારી દીકરી! શું તમે આવનારાને ઓળખો છો?

---

[1] આમાલી શેખે સદૂદુક(અ.ર):૧૧૯,રવ્ઝતુલ વાએઝીન:૧૫૨
બેહારુલ અન્વાર ભા-૭૩:૧૭૩ હદીસ-૨૬૨,કન્ઝુલ ઉમ્માલ ભા-૧૩:૬૬૪,
અલમનાકીબ લીલ ખ્વારઝમી:૧૪૧,નઝમો દુર્રે સીમ્તૈન:૯૮
,તારીખે મદીનતો દમીશ્ક ભા-૧૪:૧૬૬

જનાબે ઝેહરા (સ.અ.) એ કહ્યું: નહી અય અલ્લાહના રસુલ! આપે ફરમાવ્યું: તે કબરોને આબાદ કરનારો, ઘરોને વિરાન કરનારો અને સમુહોને અલગ પાડનારો મલેકુલ મૌત છે. જનાબે ઝેહરા (સ.અ.) નું કલેજું ફાટી ગયું અને દિલના ટુકડે ટુકડા થઇ ગયા. આ સખ્ત મુસીબતે આપ (સ.અ.) ને ખામોશ કરી દીધા. આપે ખુબજ નબળા અને દુ:ખ ભર્યા અવાઝમાં ફરમાવ્યું હાય મારા બાબા અફસોસ! ખાતેમુલ અમ્બીયાની રેહલત પર અફસોસ. શ્રેષ્ઠ વ્યકિતની રેહલત પર કેવી મોટી મુસીબત છે. સૈયદુલ અમ્બીયાની જુદાઈ. હાય મુસીબત!! વહી નો સિલસિલો તૂટી ગયો. હાય અફસોસ! આજથી સૈયદા પોતાના બાબા સાથે વાતચીત કરવાથી વંચીત થઈ ગઈ.

પોતાની દીકરીની આ ફરિયાદ અને ગમ ને જોઇને રસુલે અકરમ (સ.અ.) નું દિલ ટુકડા- ટુકડા થઇ ગયું. આપે જનાબે સૈયદા (સ.અ.) ને કહ્યું: રડ નહી અય બેટી! કારણકે મારા એહલેબૈતમાં સૌથી પહેલા તમે આવીને મને મળશો. રસુલે અકરમ (સ.અ.વ.) એ મલેકુલ મૌતને અંદર આવવાની પરવાનગી આપી. તે આવીને સામે ઉભા રહી ગયા અને અરજ કરી અય અલ્લાહના રસુલ! અલ્લાહે મને આપની પાસે મોકલ્યો છે. તે હુકમ આપીને કે આપ જે કહો હું તેને બજાવી લાવું. અગર આપ હુકમ આપો તો હું આપની રૂહને કબ્ઝ કરું અને અગર આપ કહો કે છોડી દયો, તો હું પાછો ચાલ્યો જાવ. આ સાંભળી રસુલે અકરમ (સ.અ.વ.) અલ્લાહની આ ખાસ મહેરબાનીથી દિગ્મૂઢ બની ગયા અને ફરમાવ્યું: અય મલેકુલ મૌત! તમે એજ કરો કે જે હું કહીશ. મલેકુલ મૌતે કહ્યું: મને પણ તેજ હુકમ આપીને મોકલવામાં આવ્યો છે કે હું આપની સંપુર્ણ પૈરવી કરૂ.

હકીકત એ છે કે કોઈપણ મોટામાં મોટા નબીને પણ

આવી શ્રેષ્ઠતા મળી નથી કે જે ખાતેમુલ મુરસલીન (સ.અ.વ.) ને હાંસિલ થઈ છે. અલ્લાહે મલેકુલ મૌતને આપ (સ.અ.વ.) ની ઈતાઅતનો હુકમ આપ્યો અને તેમને પણ આપ (સ.અ.) ના ઘરમાં દાખલ થવાની પરવાનગી માંગવી પડી. તો બીજી તરફ જનાબે જિબ્રઈલ રસુલે ખુદા (સ.અ.વ.) ની ખીદમતમાં હાજર થયા અને અરજ કરી કે અય અલ્લાહના રસુલ! અલ્લાહ અઝઝ વ જલ્લ આપ (સ.અ.વ.) નો મુશ્તાક છે. રસુલે અકરમ (સ.અ.વ.) એ અલ્લાહના જવારે રેહમતમાં જવાનું પસંદ કર્યું અને મલેકુલ મૌતને રૂહ કબ્ઝ કરવાની ઈજાઝત આપી. અહીં હસનૈન (અ.સ.). બેચૈન થઈને પોતાના નાના પર પડયા. આંખોથી સતત આંસુ વહી રહ્યા હતા અને રસુલ (સ.અ.વ.) પોતાના બંને નવાસાને જોવા લાગ્યા અને તેમને છેલ્લી વિદાય આપી. ઈમામ અલી (અ.સ.). એ બંને ઈમામોને રસુલે અકરમ (સ.અ.) થી અલગ કરવા ચાહ્યા તો રસુલે અકરમ (સ.અ.વ.) એ મનાઈ કરી અને ફરમાવ્યું:

તેમને છોડી દયો! હું તે બંને થી વધારે સુકુન પામી લવ. તેઓ પણ મારાથી સુકુન મેળવી લે. મારા પછી તે બંનેને સખ્ત તકલીફો વેઠવી પડશે. પછી આપ (સ.અ.વ.) એ તેમની ખબરગીરી કરવા આવેલા લોકો તરફ સંબોધીને કહ્યું:

***"હું તમારી દરમિયાન અલ્લાહની કિતાબ અને મારી ઈતરત એહલેબૈતને મુકીને જઈ રહ્યો છું. કિતાબે ખુદાને વેડફી નાખનાર મારી સુન્નતને વેડફી નાખનાર જેવો છે અને મારી સુન્નતને વેડફી નાખનાર મારી ઈતરતને વેડફી નાખનાર છે. આ બંને એકબીજાથી હરગીઝ જુદા નહી થાય ત્યાં સુધી કે આ બંને મારી પાસે હવ્ઝે કવસર પર આવી પહોંચે".***

પછી આપ (સ.અ.વ.) એ પોતાના વસી, જાનશીન, વઝીર

અને ઈલ્મના દરવાઝા તરફ જોયું અને ફરમાવ્યું:

અય અલી મારું માથું તમારા ખોળામાં રાખી દયો. કારણકે અલ્લાહનો હુકમ આવી ચુકયો છે અને જ્યારે મારી રૂહ નીકળી જાય તો તેના બાદ પોતાનો હાથ મારા ચહેરા પર ફેરવી દેજો. પછી મને કિબ્લા તરફ સુવડાવી દેજો અને મારા ગુસ્લ અને કફનના કાર્યમાં લાગી જાજો. સર્વપ્રથમ તમેજ મારી નમાઝે જનાઝા પડાવજો અને ત્યાં સુધી મારાથી અલગ ન થતા જ્યાં સુધી કે મને દફન ન કરી દયો. અલ્લાહ પાસે આ બધા કાર્યો માટે મદદની માંગણી કરજો.

હઝરત અલી અમીરુલ મોઅમેનીન (અ.સ.) એ આપ (સ.અ.વ.) નું પવિત્ર માથું પોતાના ખોળામાં લઈ લીધુ અને હાથને આપની ગરદન નીચે રાખ્યો. મલેકુલ મૌતે આ અઝીમ રુહને કબ્ઝ કરવાનું શરુ કર્યું અને એ સમયે અલ્લાહના પયગંબર કુરઆનની તિલાવત કરી રહ્યા હતા. ત્યાં સુધી કે આપની પવિત્ર રૂહ શરીરમાંથી નીકળી ગઈ. હઝરત અલી (અ.સ.) એ આપના મુબારક ચહેરા પર હાથ ફેરવ્યો.[1]

ઝમીન ધ્રુજી ઉઠી. કારણકે આજે આ પવિત્ર જાત અલ્લાહના બંદાઓ વચ્ચે થી રૂખસત થઈ રહી છે કે જેનું પાક જીવન સંપુર્ણપણે નુર છે.

ઈન્સાનિયત માટે આ બનાવ ખુબજ મહા ભયાનક હતો. કારણકે લોકોના અઝીમ રહેબર, તરબીયત કરનાર મોઅલ્લીમ રૂખસત થઈ રહ્યા હતા. તે નુર નજરોથી ઢંકાઈ રહ્યું હતું કે જેમની તાલીમ ઉચ્ચ અખલાક અને શ્રેષ્ઠ વર્તાણુક વડે દુનિયા

---

[1] મનાકીબે આલે અબી તાલિબ ભા-૧:૨૯,અલ ઈરશાદ ભા-૧,૧૮૭,
બેહારુલ અન્વાર ભા-૨૨:૪૭૦,એઅલામુલ વરાઅ ભા-૧:૨૬૮

પ્રકાશિત થઇ ગઈ હતી. મુસલમાનો રડી પડ્યા. આ મહાન ઘટનાના કારણે તેમની અક્કલ હેરાન થઇ ગઈ હતી. માથા અને છાતીને પીટવા લાગી. અન્સારની પત્નીઓએ પણ પોતાના મોઢા પર તમાચા માર્યા અને ખુબજ વધુ રડવાના કારણે તેમના અવાજ બેસી ગયા.

નબી (સ.અ.વ.) નો જીગરનો ટુકડો ગમના માહોલમાં ડૂબી ગયો અને આપના મુકદ્દસ શરીર પર તેની અસર પડી અને તેણી દિલની ગેહરાઈથી ફરિયાદ કરી રહ્યા હતા

"અય મારા બાબા"

"અય નબીએ રેહમત"

હવે પછી વહી નહી આવે અને હવે જીબ્રઈલનું આવવાનું પણ બંધ થઇ જશે અય અલ્લાહ મારી રુહને તેમની રૂહ સાથે જોડી દે, તેમના દીદારથી મને સુકુન અતા કર અને કયામતના દિવસે મને તેમના અજ્ર અને તેમની શફાઅતથી મેહરૂમ ન રાખજે.[1]

આપ (સ.અ.) પયગંબર (સ.અ.વ.)ના પવિત્ર શરીરની આજુબાજુ ફરી રહ્યા હતા અને એવી રીતે જેવી રીતે કોઈ વાત કરતા કરતા ખામોશ થઇ ગયું હોય તેમને સંબોધન કરીને કેહવા લાગ્યા:

'અય મારા બાબા તે જીબ્રઈલ ની અવાઝ ક્યા છે'

'અય મારા બાબા જન્નતુલ ફિરદૌસ જેનું સ્થાન બની ગયું છે'

'અય મારા બાબા તમે તમારા રબની દાવતને કબુલ કરી લીધી'

---

[1] તારીખુલ ખમીસ ભા-૨:૧૯૨,સીર અઅલામુન્નબલા ભા-૨:૧૯, સોનને ઈબ્ને માજહ ભા-૧:૫૧૧,

બેશક અદ્‌લનું ઈલ્મ સમેટી લેવામાં આવ્યું, હક્કના સ્તંભ તુટી ગયા, અને તે ઈલાહી લુત્ફને ઉઠાવી લેવામાં આવ્યું કે જેણે ઈન્સાનોના અંધકારવાળા જીવનને ચમકદાર જીવનમાં બદલી નાખ્યું હતું અને શ્રેષ્ઠ કમાલાતને જાહેર કરી દીધા હતા.

## પાક લાશની દફન ક્રિયા

હઝરત (સ.અ.વ.) ની પાકીઝા લાશ પર નમાઝે જનાઝા પડીને અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.) રાતના અંધકારમાં આપના જિસ્મ મુબારકને તેમની આખરી મંઝીલ ઉપર દફન કરી દીધું. કબ્રના કિનારે ઉભા રહીને સતત આંસુ વહાવતા ફરમાવ્યું:

***"સબ્ર ખુબજ ખુબસુરત છે, પરંતુ આપની જુદાઈ પર સબ્ર થઈ શકતો નથી, આપની (જુદાઈની) મુસીબત ખુબજ સખ્ત છે, અને આપ (સ.અ.વ.) ના પછી ઘણી બધી મુસીબતોનો મારે સામનો કરવાનો છે".[1]***

અદલ અને ઈન્સાફનો પરચમ નીચે પડ્યો. હક્ક અને હકીકતના કાર્યો ધ્રુજી ગયા. અલ્લાહના શ્રેષ્ઠ લુત્ફના વડે મઝલુમો અને સિતમ વેઠનારા લોકોના દર્દમાં કણસવાની આવાઝને રાહત આપનારા અને આ દુનિયાની જીંદગીને બેહતરીન અંજામમાં તબદીલ કરનાર પાકીઝા ઈન્સાનને ખુદાએ પોતાની બારગાહમાં બોલાવી લીધા. ઈન્સાન તેઓની તમામ જાતીઓમાં વહેચાયેલ હોવા છતાય નેઅમતોથી ખુશહાલ હતો, પરંતુ હવે આ સિલસિલો તૂટી ગયો.

જનાબે સૈયદા (સ.અ.) ને તેમના મહાન પિતાની રેહલતના લીધે ઘણું જ દુઃખ થયું. આપ (સ.અ.)એ રૂહના ઉંડાણથી આપ

---

[1] નહજુલ બલાગાહ ભા-૩:૨૨૪,બેહારુલ અન્વાર ભા-૭૯:૧૩૪,

(સ.અ.વ.) ની જુદાઈમાં મરસીયો પડતા હતા. આપ (સ.અ.) થી મન્સૂબ મરસિયાના અમુક પંક્તિઓ અહીં રજુ કરેલ છે.

આસમાન ધુળથી ભરાય ગયું છે. સૂર્યની તપીશ ઝાંખી થઇ ગઈ છે. રાત્રી અને દિવસ અંધકારમય બની ગયું છે. રસુલે ખુદા (સ.અ.વ.) પછી ઝમીન પણ અફસોસથી દુઃખમય છે. પૂર્વ અને પશ્ચિમની દુન્યાને પણ આ મહાન હસ્તી પર રોવું જોઈએ. મઝર અને યમનના કબીલાઓના દરેક લોકોએ ગીર્યા કરવો જોઈએ. તુરના પહાડની ટોચને અને પરદામાં છુપાયેલા અલ્લાહના ઘરને પણ રોવું જોઈએ. અય ખાતેમુલ મુરસલીન, અય આખરી નબી આપની પર તો કુરઆન નાઝીલ કરનાર ખુદાએ પણ દુરૂદ મોકલેલ છે.

જનાબે સૈયદા (સ.અ.) કબ્રે રસુલ પર પહોંચ્યા ત્યારે આપની આંખોમાંથી આંસુઓ મોતીઓની જેમ ઝમીન પર પડતા હતા અને આપે તે સમયે આ મરસીયો કહ્યો હતો.

અમે આપને એવી રીતે ગુમાવ્યા જેવી રીતે ઝમીનથી વરસાદ ખોવાય જાય છે. અય અલ્લાહના રસુલ! આપની ઉમ્મતને નિહાળો કે તેને ઘણી સખ્ત પરેશાનીઓમાંથી પસાર થવાનું છે. દરેક ઈન્સાનના ઘરવાળા અને બચ્ચાઓ હોય છે જે તેનાથી વધુ નઝદીકી રાખે છે અને તે અલ્લાહની નઝદીક અઝમત ધરાવે છે. પરંતુ અય બાબા જ્યારથી આપ કબરને હવાલે થયા છો, આપની બાદ એ લોકોએ પોતાના દિલનો ગુસ્સો બહાર કાઢી નાખ્યો અને અમને ખુબ પરેશાન કર્યા. અય બાબા આપને ગુમાવ્યા પછી ઘણા લોકોએ અમારી ઈઝઝત કરી નથી. પરંતુ અમારા પર ઉલ્ટાના હુમલાઓ કર્યા અને ઝમીનનો તે હિસ્સો તેના કબ્ઝામાં કરી લીધો.

દુખ્તરે રસુલ (સ.અ.વ.) એ ખાક પોતાની મુઠ્ઠીમાં લીધી

અને પોતાની બંને આંખો પર લગાડી અને ફરમાવતા હતા કે:

જેમણે પાક ખાક અને પસંદીદા ખાક ને સુંઘી લીધી છે તેના માટે શું ફરક પડે કે તે હવે પૂરી ઝીંદગી કોઈ કિંમતી સુગંધ ન સુંઘે.

***"મારી ઉપર એવી મુસીબતો પડી છે કે અગર તે પ્રકાશિત દિવસ પર પડતે તો તે અંધારી રાતમાં તબદીલ થઈ જતે".***

આપનો આ મરસીયાનો પણ ઝીક્ર છે. ઝમીનના તબક્કાઓમાં ગાએબ થઈ જનારા રસુલને કહી દયો કે અગર મારી ફરિયાદ ચીખ અને પુકાર સાંભળી રહ્યા છો, તો જાણી લ્યો કે હું મોહમ્મદ (સ.અ.વ.) ની ઉમદા હાજરીમાં ખુબજ રક્ષિત હતી. મને કોઈપણ પ્રકારનો ડર ન હતો અને તે મારા માટે ફખ્રનો સબબ હતો. પરંતુ આજ તો હું એક નાલાયકની સામે ઝલીલ અને રુસ્વા થઈ રહી છું. અમારા માટે ડરનો સમય છે અને મારા પર ઝુલ્મ કરનારને મારી રીદાથી દુર કરી રહી છું. પાક ચંદ્ર પીડાના કારણે રાત્રે રડે છે. હું સવારે રડું છું. આજથી મારું બિસ્તર મારા આંસુ છે.[1]

જનાબે સૈયદાએ પોતાના પિતાના મરસિયામાં અમુક બંદ ઉમેર્યા છે અને ફરમાવે છે કે:

મારી જાન મારી આંખોની સાથે કૈદ છે, અને કાશ એ પણ આ આંસુની સાથે વહી જાતે. અય બાબા આપની પછી આ દુન્યવી ઝીંદગીમાં કોઈ ભલાઈ નથી. મારી ઉમ્ર લંબાવાના ડરના કારણે મારા આ આંસુ વહે છે.

જનાબે સૈયદા (સ.અ.) થી ઘણા બીજા શેઅરો પણ છે અથવા ઝબાનથી જે હાલ બયાન થયેલ છે. તેવા બીજા શેઅરો

---

[1] મનાકીબે આલે અબી તાલિબ ભા-૧:૨૦૮,
અલ્મવાહેબુદ્દનીય્યાહ ભા-૩:૧૬૦,અદ્દુરરુન્નઝીમ:૧૯૮

જનાબે સૈયદા (સ.અ.) પર ગુઝારવામાં આવેલી મુસીબતોને બયાન કરે છે. આપે આપના મહાન પિતાને ગુમાવ્યા જેનું આપને દર્દ હતું તેના સિવાય જનાબે સૈયદાના દર્દો ગમમાં વધારાનું કારણ મુસલમાનોએ આપના અદબ અને એહતેરામનો ખ્યાલ ન રાખ્યો તે પણ છે. તેઓએ આપ (સ.અ.)ના હક્કની પરવા ન કરી, અને આપની સાથે એક સામાન્ય અને મામુલી ઈન્સાન જેવો વર્તાવ કર્યો, અને નબીએ કરીમ (સ.અ.વ.) ની સાથે તેમના રિશ્તેદારોનો કોઈ પણ ખ્યાલ ન રાખ્યો. જયારે કે જરૂરી હતું કે તેમની ઈઝઝતનો ખ્યાલ રાખે અને તેનો હક્ક આપે.

# સખ્ત કાર્યવાહી

وَمَا مُحَمَّدٌ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِن قَبْلِهِ الرُّسُلُ ۚ أَفَإِن مَّاتَ أَوْ قُتِلَ انقَلَبْتُمْ عَلَىٰ أَعْقَابِكُمْ ۚ وَمَن يَنقَلِبْ عَلَىٰ عَقِبَيْهِ فَلَن يَضُرَّ اللَّهَ شَيْئًا ۗ وَسَيَجْزِي اللَّهُ الشَّاكِرِينَ

***"મોહમ્મદ (સ.અ.વ.) માત્ર એક રસુલ છે, જેની પહેલાં ઘણાય રસૂલો થઈ ગયા છે; અગર તે મરી જાય અથવા માર્યો જાય તો શું તમે તમારા પાછલા પગે ફરી જશો ?(યાદ રાખો) કે જે પોતાના પાછલા પગે ફરી જશે તે અલ્લાહનું કાંઈ પણ બગાડી શકશે નહી અને નજીકમાં જ અલ્લાહ આભાર માનનારાઓને સારો બદલો આપશે".[1]***

ઈસ્લામી ઉમ્મત પોતાના મહાન નજાત આપનારા રસુલ (સ.અ.વ.) ના ગમમાં દુઃખમાં હતી. અને ત્યારેજ કાળા વાદળાઓ સમાન ફીત્નાઓએ માથું ઉંચકયું અને ખુબજ દર્દનાક મુસીબતો આવી પડી.ઈન્કિલાબ બરપા થઈ ગયો અને ઉંધા પગે જાહેલિયત તરફ ફેરવી નાખવાવાળો ઈન્કિલાબ, ઈલાહી શરીયતનું ઘર ખરાબ કરી નાખનાર, ઈસ્લામી મૂલ્યોને વેરવિખેર કરી નાખનાર ઈન્કિલાબ આનાથી પણ વધારે દર્દનાક તકલીફવાળા ધરતીકંપ અથવા અકસ્માતની કલ્પના કરી શકાય ખરી?

રસુલે અકરમ (સ.અ.વ.) અલ્લાહની પવિત્ર બારગાહ તરફ

---

[1] (સુ.આલે ઈમરાન-૧૪૪)

રૂખસત થયા. હજી તો આપનો જનાઝો ઘરમાંજ પડ્યો હતો અને લોકોની નીગાહોથી દુર પણ ન થયા હતા, મુસલમાનોની સફોમાં ખતરનાક પ્રકારના ભાગલાઓ શરુ થઈ ગયા. આ એ અલગ-અલગ પ્રકારની ફિરકા બંદી હતી કે જે રસુલ (સ.અ.વ.) ના જીવનમાંજ જન્મ લઈ ચુકી હતી અને તે રસુલ (સ.અ.વ.)ના ઈન્તેકાલ પછી જાહેર થઈ.

અમુક લોકો સવાલ કરે છે કે અબુબકરની હુકુમતે પવિત્ર ઈતરતની વિરુદ્ધ કંઈ સખ્ત કાર્યવાહી કરી છે અને કેવા કડક પગલાઓ ભર્યા છે. આ બાબતે અમુક લોકો વિરોધ કરે છે અને અમુક તો કોઈ પ્રકારની સખ્ત કાર્યવાહીનો ઈન્કાર કરે છે અને અમુક માને છે કે અબુબકરે સખ્ત પગલા ભર્યા હતા.

બેશક અમે તે લોકોમાંથી છીએ કે જેઓ યકીન રાખે છે કે આ તમામ મુસીબતોના પહાડો અને કઠોર મુસીબતો કે જે જનાબે ઝેહરા (સ.અ.) પર વરસાવવામાં આવી તે એટલા માટે હતી કે લોકો સત્તાની લાલચમાં પડી ગયા હતા. ઉસ્તાદ અબ્દુલ ફત્તાહ મકસુદ ના કહેવા પ્રમાણે તે લોકો પેહલાની જાહેલીય્યત તરફ પાછા ફરી ગયા હતા. ઈતરતે પૈગમ્બર (સ.અ.વ.) વિરુદ્ધ દરેક તે અપરાધ અને ઝુલ્મ કર્યો જેને અલ્લાહે હરામ કરાર દીધો હતો. તેમાંથી અમુક તરફ ઈશારો કરીએ છીએ.

## ઈમામ (અ.સ.) ના ઘર પર હુમલો

ઈતિહાસકારો અને હદીસવેત્તાઓ તે વાત પર એકમત છે કે તેઓએ હઝરત ઈમામ અલી (અ.સ.) ના ઘર પર હુમલો કર્યો હતો. તે ઘર કે જેનો એહતેરામ રસુલે અકરમ (સ.અ.વ.) પણ કરતા હતા. અને જેના દરવાજા ઉપર ઓછામાં ઓછા ૬ મહિનાઓ સુધી ઉભા રહીને આયતે તતહીરની તિલાવત કર્યા કરતા હતા.

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ

أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

***"અય એહલેબયત (રસૂલના ઘરવાળાઓ)! સિવાય તેના કાંઈજ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દુર રાખે અને તમને સંપુર્ણ રીતે પાક પવિત્ર રાખે".1***

તે હુમલાના કારણે નીચે પ્રમાણેના બનાવ બન્યા.

## ઘર સળગાવવાની ધમકી

જ્યાં સુધી ફક્ત ધમકી આપવાની વાત છે તે કે અલી (અ.સ.) અને બતુલ (સ.અ.) ના ઘરમાં આગ લગાવવાની ધમકીનો પ્રશ્ન છે તો તે બાબતે ઈતિહાસકારો અને હદીસવેત્તાઓ એકમત છે.

અમે અહીં અમુક રીવાયતો રજુ કરી રહ્યા છીએ.

### (૧) બાલાઝરી વફાત હી.સ.૨૭૯

બાલાઝરી લખે છે કે અબુબકરે કોઈને અલી (અ.સ.) પાસે બયઅત લેવા માટે મોકલ્યો. અલી (અ.સ.) એ બયઅતનો ઈન્કાર કર્યો. તો ઉમર આવ્યો. તેની પાસે મશાલ હતી. દરવાજા પર જનાબે ફાતેમા (સ.અ.) મળ્યા. જનાબે સૈયદા (સ.અ.) એ ઉમરને સવાલ કર્યો:

"શું તુ મારા દરવાજાને સળગાવવા માંગો છો?"

ઉમરે કહ્યું: હા અને આ કામ તમારા પિતાએ લાવેલી શરીઅતને વધારે મજબુત કરશે.[2]

---

[1] સુ.અહઝાબ-૩૩

[2] ઈન્સાબુલ અશરાફ ભા-૧:૫૭૨

## (૨) તબરી વફાત ૩૨૯

તબરીએ પોતાની સનદના સીલસીલાથી લખે છે કે ઉમર ઈબ્ને ખત્તાબ હ.અલી (અ.સ.) ના ઘરે આવ્યો. ત્યાં તલ્હા, ઝુબૈર અને મુહાજેરીનમાંથી અમુક લોકો હાજર હતા, ઉમરે કહ્યું ખુદાની કસમ! શું તમે લોકો અહીંથી જાવ છો કે પછી હું તમને આગ લગાવીને સળગાવી દવ. ઝુબૈર તલવારને ફેરવતો નીકળ્યો. પરંતુ તેનો પગ કોઈ વસ્તુ સાથે અથડાણો અને તેના હાથમાંથી તલવાર છૂટી ગઈ. લોકો તેના પર તૂટી પડયા અને તેને ગિરફતાર કરી લીધો.[1]

## (૩) ઈબ્ને અબ્દુર રેબા વફાત ૩૨૮

અબુબકરની બયઅતનો વિરોધ કરનાર લોકોમાં સૌથી આગળ હઝરત અલી (અ.સ.), હઝરત અબ્બાસ (અ.સ.) હઝરત ઝુબૈર અને સઆદ બિન એબાદાહ હતા. હઝરત અલી (અ.સ.) હઝરત અબ્બાસ અને ઝુબૈર જનાબે ફાતેમા (સ.અ.) ના ઘરમાં બેઠા રહ્યા ત્યાં સુધી કે અબુ બકરે ઉમરને તે લોકો પાસે મોકલ્યો. જેથી કરીને તેઓને જનાબે ફાતેમા (સ.અ.) ના ઘરમાંથી બહાર કાઢે અને ઉમરને કહી દીધું હતું કે અગર તેઓ ન નીકળે તો તેમનાથી જંગ કરે. ઉમર આગ નો એક ભડકો લઈને ચાલ્યો જેથી તેના વડે ઘરને આગ લગાડી દે. ત્યાં તેની મુલાકાત જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) સાથે થઈ. તેમણે ઉમરને પુછ્યું: અય ખત્તાબ ના દીકરા! શું તુ અમારા ઘરને સળગાવવા માટે આવ્યો છે? ઉમરે કહ્યું: અથવા તો તમે આ વાતને કબુલ કરી લ્યો જે ઉમ્મતે કબુલ કરી છે (બયઅત).[2]

---

[1] તારીખુલ ઉમમ વલ મુલુક ભા-૨:૪૪૩

[2] અલ અક્દુલ ફરીદ ભા-૫:૧૨

## (૪) મોઅતઝેલી વફાત હી.સ.૬૫૫

ઈબ્ને અબીલ હદીદ મોઅતઝેલી કહે છે કે ઈબ્ને ખત્તાબ, અન્સારો અને મોહાજેરીનના અમુક લોકો સાથે જનાબે ફાતેમા (સ.અ.)ના ઘર પાસે આવ્યો અને બોલ્યો. તે ઝાતની કસમ કે જેના કબ્ઝએ કુદરતમાં ઉમરની જાન છે, તમે લોકો બયઅત માટે નીકળો છો કે પછી હું તમારા આ ઘરને આગ લગાડી દઉં.[1]

## (૫) શેહરીસ્તાની વફાત ૫૪૮

શેહરીસ્તાની એ નઝ્ઝામથી નકલ કર્યું છે કે ઉમર ઈબ્ને ખત્તાબ ચીખ પુકારીને કહી રહ્યો હતો. આ ઘરને તેમના ઘરવાળાઓ સાથે સળગાવી દયો. જ્યારેકે તે ઘરના રેહવાસીઓમાં અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.), ફાતેમા ઝેહરા (સ.અ.), ઈમામ હસને મુજ્તબા (અ.સ.),અને ઈમામ હુસૈન (અ.સ.) સિવાય કોઈ ન હતું.[2]

## (૭) કહાલાએ મઆસીર

ઉમર કહાલા લખે છે કે અબુબકરે તે સમૂહ વિષે સવાલ કર્યો કે જેણે બયઅત નથી કરી અને તેઓ હ. અલી (અ.સ.) પાસે ભેગા થયા હતા કે જેમાં અબ્બાસ (નબી (સ.અ.વ.)ના કાકા) ઝુબૈર, સઆદ બિન એબાદાહ હતા. અબુબકરે ઉમર ઈબ્ને ખત્તાબને મોકલ્યો. ઉમર તેમની પાસે આવ્યો અને બયઅત કરવા કહ્યું. તે લોકોએ ઘરની બહાર આવવાની મનાઈ કરી. તો ઉમરે લાકડીઓ મંગાવી અને કહ્યું:

તે જાતની કસમ! કે જેના કબ્ઝામાં મારી જાન છે.

---

1 શરહે નહ્જુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ ભા-૬:૪૮

2 અલમલલ વન્નહલ ભા:૧- ૫૬

તમે નીકળો છો કે હું ઘરવાળાઓ સાથે ઘરને આગ લગાડી દઉ. તે લોકોએ કહ્યું: અય હફસા ના બાપ! આ ઘરમાં ફાતેમા પણ છે.ઉમરે કહ્યું: ભલે હોય.[1]

પછી ઉમર રસુલના જીગરના ટુકડાના ઘરને સળગવાવાથી અટક્યો નહી બેશક તે તેઓની સાથે તેમની દુશ્મની અને અણગમા માટે મશહુર હતો.

શું આ તેજ ન હતો કે જેણે હદીસે સકલૈનને આમ કહીને રદ્દ કરી હતી કે “અમારા માટે કિતાબે ખુદા કાફી છે” એટલે કે કિતાબે ખુદા અમારા માટે પુરતી છે અને અમને ઈતરતની જરૂર નથી.

શું તે તેજ ન હતો કે જેણે રસુલુલ્લાહ (સ.અ.વ.) ને તેમની બીમારીમાં તે લખાણ લખવાથી રોક્યા જ્યારે તેને સમજાઈ ગયુ કે આપ (સ.અ.વ.) પવિત્ર ઈતરતની ખિલાફત વિષે લખવાની ઈચ્છા ધરાવે છે. તો તેણે આમ કહી તેમના કૌલને ઠુકરાવ્યું કે આ વ્યક્તિ બકવાસ કરી રહ્યા છે. બેશક ઉમરે રાજ્ય અને સત્તાની કમર કસી લીધી હતી અને તેણે તે રસ્તામાં આવતી દરેક રુકાવટને તોડી નાખવાનું નક્કી કરી લીધુ હતું

અને તેનું ખરાબ પરિણામ એ આવ્યું કે ખિલાફત બદલાઈને એક બદ્તરીન સલ્તનત બની ગઈ અને પછી હુકુમત બની ઉમ્મ્યા અને બની અબ્બાસના તે લોકોના હાથમાં ચાલી ગઈ કે જેને દીન સાથે કોઈ સંબંધ ન હતો

## (૪) મસઉદી અબુલ હસન

મસઉદી લખે છે કે અબ્બાસ જે રસુલ (સ.અ.) ના કાકા હતા કે જેઓ વફાતે રસુલ પછી અમીરલ મોઅમેનીન (અ.સ.).ની ખીદમતમાં આવ્યા. એક બાજુ અમીરલ મોઅમેનીન (અ.સ.)

[1] અઅલામુન્નીસા ભાગ:૪- ૧૧૪

અને તેમના અમુક ચાહવાવાળાઓ કે જેમણે રસુલ (સ.અ.)ની વસીય્યત અને ભલામણ પર અમલ કરવાનો નિર્ધાર કરી લીધો હતો. પરંતુ અબુબકરના સાથીઓ તેમના ઘરની તરફ આગળ વધ્યા અને તેમના ઘર તરફ હુમલો કર્યો અને દરવાજાને આગ લગાડી દીધી. તેમાં હાજર તમામ લોકોને બળજબરી પૂર્વક ઘરમાંથી બહાર કાઢયા અને જનાબે ફાતેમા (સ.અ.) ને દરવાજા પાછળ પીસી દીધા. આ લોકો વડે જનાબે સૈયદા (સ.અ.) ના ઘરને સળગાવવાની વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.[1]

બેશક કૌમનું જનાબે ઝેહરા (સ.અ.) ના ઘરને સળગાવી નાખવાનું પગલું ભરવું તેમાં કોઈ શંકાને સ્થાન નથી કારણકે ખરેખર તે બાબતે મુતાવાતીર ઐતિહાસિક પુરાવાઓ જોવા મળે છે અને આ વાત તમામ મુસલમાનોની વચ્ચે મશહુર છે

શાયર નીલ હાફીઝ ઈબ્રાહીમ કહે છે :

તે કેટલો ભારે હુમલો હતો કે જેમાં અલી (અ.સ.).એ ઉમર ઇબ્ને ખત્તાબને કહ્યું કે તારે સાંભળવાવાળાઓને માન આપવું જોઈએ અને બોલવાવાળાઓની ઈઝઝત કરવી જોઈએ. તે આ હુમલો હતો. અગર તમે બયઅત ન કરી તો હું તમારા ઘરને આગ લગાડી દઈશ અને તમારા માટે કંઈપણ બાકી રહેવા નહી દવ ભલે પછી તે ઘરમાં ફાતેમા પણ હોય. આ વાકયને હફસા ના બાપ ઉમર સિવાય કોઈ પણ બની અદનાનનો બહાદુર સાર્થક કરી શકતુ ન હતું.[2]

સકીફાના સ્થાપકોએ પોતાની હુકુમતને મજબુત કરવા માટે સખ્ત અને અતિ ભારે આક્રમક પગલાઓ ભર્યા. તેઓ જે ઘર પર હુમલો કરતા હતા, તે ઘરની બધીજ મહાનતાઓ અને સ્થાનની

---

[1] ઈસ્બાતુલ વસીય્યત :૧૨૩

[2] દીવાન હાફીઝ ઈબ્રાહીમ ભા-૧:૭૫

અવગણના કરી. હાલાંકે તે ઘર નબુવ્વત અને વહીનું ઘર હતું. તે એ ઘર હતું કે જેમાંથી કલમએ તૌહીદના અવાજની શરૂઆત થઈ હતી. આ બધીજ વાતોને અવગણી નાખી અને રસુલે અકરમ (સ.અ.વ.) પછી ખાનદાને રિસાલતની વિરુદ્ધ બધાજ કાવતરાઓ કર્યા અને ઉમર એમ કહેતા ઉભો થયો કે નબુવ્વત અને ખિલાફત એક ઘરમાં ભેગી નથી થઈ શકતી. સત્તા અને રાજ્યો પર કબ્જો જમાવવા માટે રસુલની યાદગાર અને દુખ્તરે નબીના ઘરને સળગાવવા માટે આગ લગાવી. અને આ કોઈ નવી ચીઝ નથી. સત્તાના લાલચુ લોકો અને ફક્ત દુનિયાને ચાહનારાઓના વિષે ઈતિહાસ ગવાહી આપે છે કે તેમણે પોતાના સ્વાર્થ ખાતર કેવા કેવા ઝુલ્મો ગુઝારયા, અમારી પાસે આ બાબતે પણ દલીલ છે જે નીચે પ્રમાણે છે.

## અબુ બક્રનો પસ્તાવો

સૈયદતુનનીસાઈલ આલમીનના ઘર પર હુમલો કરવાના કારણે અબુબકર ખુબજ પસ્તાયો. તેણે અંતિમ સમયે કહ્યું હતું કે હું દુનિયાની કોઈ ચીઝ બાબતે એટલો પસ્તાવો નથી કરી રહ્યો કે જેટલો ત્રણ ચીઝો અંજામ આપવાના કારણે પસ્તાવ છું. અને અય કાશ કે તેને અંજામ ન આપ્યા હોત. તેમાંથી એક હતું કે કેટલું સારું થાત કે મેં ફાતેમા ઝેહરા (સ.અ.) ના ઘર પર હમલો ન કર્યો હોત.[1]

બીજી જગ્યાએ આ રીતે વર્ણવવામાં આવ્યું છે મને ત્રણ ચીઝો પર અફસોસ છે અને કાશ તેને મેં ન કર્યા હોત કેટલું સારું હોત. મેં જ.ફાતેમા (સ.અ.) ના ઘરને છોડી દીધું હોત અને તેના

---

[1] તારીખે તબરી ભા-૨:૬૧૯,મીઝાનુલ એઅતેદાલ ભા-૨:૨૧૫, કન્ઝુલ ઈરફાન ભા-૫:૬૩૧, શરહે નહજુલ બલાગાહ ભા-૬:૫૧, કન્ઝુલ ઉમ્માલ ભા-૪:૬૩૨,
તારીખે દમીશ્ક ભા-૩૦:૪૨૦,

ઉપર હમલો ન કર્યો હોત. ભલે પછી તે જંગ કરવા માટે જ બંધ કરવામાં આવ્યું હોતે.[1]

અબુબકર દુખ્તરે રસુલ (સ.અ.વ.) ના ઘર પર હુમલો કરવાના કારણે બેચૈન અને વ્યાકુળ હતો. એટલેજ તેણે પોતાના આખરી દિવસોમાં દુ:ખ અને પસ્તાવાને જાહેર કર્યું.

## જ.સૈયદા (સ.અ.) પર ઝુલ્મ

બીજી વસ્તુ જે સકીફાના સ્થાપકોએ કરી તે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) પર ઝુલ્મો અને અત્યાચાર હતા. કારણ કે આપ (સ.અ.) એજ તેમની વિરુદ્ધ સખ્ત વલણ અપનાવ્યું હતું અને તેમનો ભરપુર વિરોધ કર્યો હતો. આપ (સ.અ.) એ તેમના બધા કાવત્રાઓને અસફળ બનાવ્યા અને હક્કને તેના કેન્દ્ર પર લાવવા માટે બધીજ શક્તિનો ઉપયોગ કર્યો હતો. અને તે એટલા માટે કે આપ (સ.અ.)ને ઉમ્મતની વચ્ચે મૂળભૂત રીતે જે મહાનતા અને ખાસ દરજ્જો પ્રાપ્ત હતો, તે તો હતોજ તદ ઉપરાંત દરેક ક્ષણે આપ નબીની અમાનત અને તમામ દુનીયાઓની સ્ત્રીઓની સરદાર હતા. પરંતુ સકીફાના સ્થાપકોએ આપ (સ.અ.) ની બધીજ ફઝીલતોને અવગણી અને પોતાના રાજકારણને લાગુ કરવા માટે હદ વટાવી ગયા. હક્કથી ઘણા દુર થઈ ગયા. આ તો ફક્ત ગમ અને તકલીફોની અમુક છબીઓ જ છે કે જે આપની સમક્ષ રજુ કરી છે.અને દરેક મુસલમાનનું દિલ, રૂહ અને જાન જનાબે સૈયદા (સ.અ.) પર પડનારા દુ:ખોથી વ્યથિત થઈ ગયું છે. અમે અહીં અમુક મુસીબતોનું ટૂંકમાં વર્ણન કરીએ છીએ.

---

[1] લેસાનુલમીઝાન ભા-૪:૧૮૯,શરહે નહજુલ બલાગાહ ભા-૨૦:૨૪, તારીખે દમીશ્ક ભા-૩૦:૪૨૨,તારીખુલ ઈસ્લામ ભા-૩:૧૧૮

## (૧) ગર્ભનું સાકીત થવું

નબીના જીગરના ટુકડા (સ.અ.) પર જે મુસીબતોના પહાડ વરસાવવામાં આવ્યા તેમાંથી એક એ છે કે આપનો ગર્ભ કે જેમને રસુલે ખુદા (સ.અ.વ.) એ મોહસીન નામ આપ્યું હતું તેને સાકીત કરવામાં આવ્યું. અમે અમુક ઐતિહાસિક પુરાવાઓ કોઈપણ હાશિયા અથવા નોંધ વિના રજુ કરીએ છીએ .

## (A) શેહરીસ્તાની વફાત હિજરી ૫૪૮

અબ્દુલ કરીમ શેહરીસ્તાની ઈબ્રાહીમ બિન સેયાદથી રિવાયત કરે છે કે ઉમરે જનાબે ઝેહરા (સ.અ.) ને એવી રીતે માર્યા કે જનાબે ઝેહરા (સ.અ.) નું બચ્ચું સાકીત થઈ ગયું અને ઉમર રાડ પુકાર કરી કહી રહ્યો હતો કે આ ઘરને તેના ઘરવાળાઓની સાથે સળગાવી દવ.[1]

## (B) અસ્કલાની વફાત હિજરી ૮૫૨

ઈબ્ને હજરે અસ્કલાનીએ એહમદ બિન મોહમ્મદ સારી બિન યાહ્યા બિન દારા મોહદ્દીસે અબુબકર કુફીના જીવન ચરિત્રમાં કહ્યું છે કે હાફીઝ મોહમ્મદ બિન એહમદ કુફી એ અબુબકર કુફીના જીવનના પ્રસંગો લખ્યા બાદ કહે છે કે તે પોતાની આખી ઝીંદગી સીધા રસ્તા પર ચાલ્યા પછી તેમની ઝીંદગીના છેલ્લા દિવસોમાં વધારે કરીને ખલીફાઓના કૃત્યો તેમની સામે પહોચાડવામાં આવતા હતા. એક દિવસ હું તેમની ખિદમતમાં પહોચ્યો. તો એક વ્યક્તિ આ લખાણ વાંચી રહ્યો હતો કે ઉમરે જનાબે ઝેહરા (સ.અ.) ને એટલું જોર થી પાટુ માર્યું કે જનાબે મોહસીન સાકીત થઈ ગયા.[2]

---

[1] અલ મેલલો વન્નહલો ભા-૧:૫૭

2 લીસાનુલ મીઝાન ભા-૧:૨૬૮

## (C) મસઉદી વફાત હિજરી ૩૪૬

અબુલ હસન મસઉદી કહે છે કે સૈયદતુનનીસાઈલ આલમીનને દરવાઝા પાછળ એવી રીતે દબાવવામાં આવ્યા કે જનાબે મોહસીનનો હમલ સાકીત થઈ ગયો.[1]

## (D) ઝહબી વફાત ૭૪૮ હિજરી

ઝહબી પોતાની સનદના હવાલાથી મોહમ્મદ બિન એહમદ બિન હમ્માદે કુફીથી રિવાયત કરે છે કે હું તેમની ખીદમતમાં હાજર થયો. તો એક વ્યક્તિ તેમની સામે આ લખાણ વાંચી રહ્યો હતો કે ઉમરે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) ને પગ વડે એવી રીતે માર્યા કે જનાબે સૈયદાના ગર્ભમાં જનાબે મોહસીન સાકીત થઈ ગયા.[2]

## (E) ઈબ્ને કોતય્બા વફાત હિજરી ૨૭૬

ઈબ્ને કોતય્બા દયનુરી કહે છે કે હઝરતે મોહસીનનો હમલ કુન્ફૂઝે અદવીના ધક્કો મારવાના કારણે સાકીત થઈ ગયું.[3]

## (F) સફદી વફાત ૭૬૪ હિજરી

અલ્લામા સફવીના શબ્દોને વાંચો. તેઓ કહે છે કે બયઅતના દિવસે ઉમરે જનાબે ફાતેમા (સ.અ.) ના પેટ પર એટલું જોર થી માર્યું કે જ.મોહસીન સાકીત થઈ ગયા.[4]

---

[1] ઈસ્બાતુલ વસીય્યત :૧૪૩

[2] મીઝાનુલ એઅતેદાલ ભા-૧:૧૩૯

[3] મનાકીબે આલે અબી તાલિબ ભા-૩:૧૩૩

[4] અલવાફી બીલ વેફાયત ભા૩૪:૫- ૭

## (G) તબરી વફાત હિજરી ૩૧૦

ઈતિહાસકાર તબરી કહે છે કે જનાબે સૈયદા (સ.અ.) ની વફાતનુ કારણ એ હતું કે તે વ્યક્તિ (ઉમરના ગુલામ) કુન્ફૂઝે તેના હુકમથી તલવારના મ્યાન વડે જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) ને માર્યું. જેના કારણે જ.મોહસીન સાકીત થઈ ગયા. ત્યારબાદ જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) સખ્ત બીમાર થઈ ગયા.[1]

## (H) તબરસી વફાત ૫૬૦ હિજરી

અલ્લામા તબરસી પોતાની કિતાબ એહતેજાજમાં હઝરત ઈમામ હસન (અ.સ.) ના દુશ્મનોના સમૂહની વચ્ચે એક મુનાઝેરો વર્ણવે છે કે જેમાં મુગીરા બિન શોઅબાહ હાજર હતો. આપ (અ.સ.).એ તેને સંબોધીને કહ્યું: અય મુગીરા! બેશક તું ખુદાનો દુશ્મન છે. તેની કિતાબને પીઠ પાછળ નાખી દેનારો છો. તેના રસુલને જુઠલાવનારો છો અને વ્યભિચારી છો........ તેજ રસુલે અકરમ (સ.અ.વ.) ના જીગરના ટુકડા જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) ને એવી રીતે માર્યા હતા કે તેઓ લોહીથી ભરાય ગયા હતા અને તેમનું ગર્ભનું બચ્ચું સાકીત થઈ ગયું. તે આ બધું રસુલે અકરમ (સ.અ.વ.) ને બદનામ કરવા માટે રસુલના હુકમનું ઉલ્લંઘન કરવા માટે અને રસુલની હુરમતને પામાલ કરવા માટે કર્યું હતું. જ્યારે કે રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) ને ફરમાવ્યું હતું: અય ફાતેમા તમે જન્નતની તમામ ઔરતોની સરદાર છો. ખુદાની કસમ! અય મુગીરા તારું ઠેકાણું જહન્નમ છે અને જે કઈ તું બોલ્યો છો તેના માટે તે તારા માટે મોટી આફત બનશે.[2]

---

[1] દલાએલુલ ઈમામહ:૧૩૪,બેહારુલ અન્વાર ભા-૪૩:૧૭૦

[2] અલએહતેજાજ ભા-૧:૧૦૪

## (I) અલ્લામા મજલીસી (અ.ર.)

અલ્લામા મજલીસી(અ.ર.) એ પોતાની કિતાબ ઈર્શાદુલ કુલુબ માં જનાબે સૈયદાના હવાલાથી નકલ કર્યું છે કે આપે ફરમાવ્યું કે: ઉમરે કુન્ફૂઝના હાથમાંથી ચાબુક લઈને મારા ખભા પર એટલી જોરથી મારી કે તેના નિશાન પડી ગયા. જેના કારણે મારો ખભો સોજીને બાઝુબન જેવો થઈ ગયો. પછી તેણે પગથી દરવાજાને માર્યો. તો તે દરવાજો મારા પર પડ્યો અને હું તે સમયે હામેલા હતી.ઉંધે માથે પડી.આગથી દરવાજો સળગી રહ્યો હતો. તેની જવાળાઓ અને ભડકાઓ બળી રહ્યા હતા અને મારા ચહેરાને બાળી રહ્યા હતા. તેણે આગળ આવીને મારા મોઢા પર એટલી જોર થી તમાચાઓ માર્યા કે મારા કાનની બુટ્ટી વિખેરાય ગઈ અને હું ખુબજ પીડામાં સપડાઈ ગઈ. મારો મોહસીન કોઈ પણ ગુનાહ વગર શહિદ થઈ ગયો.

આ હતા અમુક સ્ત્રોતો કે જેમાં જનાબે સૈયદા (સ.અ.) પર ઝુલ્મો સિતમ અને તેમના ફરઝંદ જનાબે મોહસીનને સાકીત કરવાનું વર્ણન છે. શિઆઓનો ભરોસો છે કે આ ઝુલ્મો થયા છે કારણકે આ ઝુલ્મ અને દુ:ખોની માસૂમીન (અ.મુ.સ.) થી રિવાયત કરવામાં આવી છે. ખરેખર આ દુઃખદ પ્રસંગોથી તે વાત સ્પષ્ટ થઈ જાય છે કે રસુલે અકરમ (સ.અ.વ.) પછી લોકો કેવી રીતે સત્તાના મોહમાં અને હુકુમતની ચાહનામાં ઉતાવળા થયા અને બળ જબરી પૂર્વક સત્તા છીનવી લીધી. [1]

---

[1] બેહારુલ અન્વાર ભા-૩૦:૨૩૯-૨૪૭

## જનાબે ઝેહરા (સ.અ.) પર આર્થિક પાબંદીઓ

અબુ બકરે જનાબે ઝેહરા (સ.અ.), તેમના શૌહર અને તેમના બંને ફરઝંદો પર આર્થિક, માલી અને નાણાકીય પાબંદી લાગુ કરી દીધી, જેથી કરીને તે તેમની શાનો શૌકતને તોડી શકે, અને તેઓ હુકુમતની સામે મજબુત ન થઇ શકે આજ તરીકો હોય છે તમામ રાજાઓનો પોતાના દુશ્મનોની વિરુદ્ધમાં અને બેશક અબુબકરે તેમના પર ઘણા સખ્ત પગલાઓ લીધા તેમાંથી અમુક આ પ્રમાણે છે

## ખુમ્સના હકકથી મેહરૂમી

એહલેબૈતે અત્હાર (અ.મુ.સ.) ની વિરુદ્ધ જે સખ્ત પગલાઓ ભરવામાં આવ્યા તેમાંથી એક તેમના સ્થાપિત હકક ખુમ્સને રદ્ કરવાનો અને ખુમ્સનો હકક તેમને ન આપવાનો પ્રશ્ન છે. જ્યારે કે કુરઆને મજીદે આ સ્પષ્ટ હકકને જાહેર કર્યો છે અને ફરમાવે છે

وَاعْلَمُوا أَنَّمَا غَنِمْتُم مِّن شَيْءٍ فَأَنَّ لِلَّهِ خُمُسَهُ

وَلِلرَّسُولِ وَلِذِي الْقُرْبَىٰ وَالْيَتَامَىٰ وَالْمَسَاكِينِ وَابْنِ السَّبِيلِ

إِن كُنتُمْ آمَنتُم بِاللَّهِ وَمَا أَنزَلْنَا عَلَىٰ عَبْدِنَا يَوْمَ الْفُرْقَانِ

يَوْمَ الْتَقَى الْجَمْعَانِ ۗ وَاللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ

*“અને આ જાણી લો કે (લડાઈ દરમિયાન) તમે જે નફો મેળવો તેનો પાંચમો ભાગ અલ્લાહનો તથા રસૂલનો તથા તે (રસૂલ) ના સગાં વહાલાઓનો તથા યતીમોનો તથા*

***મોહતાજોનો તથા મુસાફરોનો છે. અગર તમે અલ્લાહ પર વિશ્વાસ રાખતા હો અને તે (ગૈબી મદદ) પર કે જે અમોએ અમારા બંદા ઉપર નિર્ણય (જંગે બદ્ર) ના દિવસે ઉતારી હતી (કે) જે દિવસે બે પક્ષો સામ સામે થઈ ગયા હતા; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપુર્ણ કાબૂ ધરાવનારો છે".[1]***

તમામ મુસલમાનો એ વાત પર એકમત છે કે રસુલે અકરમ (સ.અ.વ.) ના માટે ખુમ્સનો એક હિસ્સો મખ્સુસ હતો. અને બીજો ભાગ રસુલે અકરમ (સ.અ.વ.) ના નઝદીકના સગા વહાલા માટે હતો. આ પરંપરા રસુલે અકરમ (સ.અ.વ.) ની ઝીંદગી સુધી ચાલુ રહી. પરંતુ જેવો અબુબકર સત્તા પર આવ્યો તેણે આ ભાગને રદ્ કરી નાખ્યો. એટલે કે રસુલે અકરમનો હક્ક અને તેમના નજીકના સગા વહાલાઓનો હક્કને ખતમ કરી નાખ્યો. બધાજ બની હાશીમને ખુમ્સથી વંચિત કરી નાખ્યા અને તેમને તમામ લોકોની સમાન બનાવી નાખ્યો. [2]

જનાબે સૈયદા (સ.અ.) એ અબુબકરને કહેવડાવ્યું કે તેમને જે ખુમ્સનો હિસ્સો આપવામાં આવતો હતો તે ખૈબરના ખુમ્સમાંથી આપવામાં આવે, પરંતુ અબુ બકરે તેમને એક પાઈ પણ આપવાની મનાઈ કરી.[3]

પરિણામ એ આવ્યું કે અલ્વી સાદાત પર ફકીરી અને તંગદસ્તીના ભયાનક વાદળો ઘેરાય ગયા. બની હાશિમને અલ્લાહે ફરજ કરેલા હક્કથી અને તમામ આર્થિક આવકોથી વંચિત કરી નાખવામાં આવ્યા. અને આ બધા કાવતરાઓ દુશ્મનો તરફથી ફક્ત એટલા માટે કરવામાં આવ્યા કે અલી (અ.સ.).ની

---

[1] (સુ.અન્ફાલ-૪૧)

[2] તફસીરૂલ કશ્શાફ ભા-૨:૧૫૮ ખુમ્સની આયતની તફસીરમાં

[3] સહીહ અલ્બુખારી ભા-૩:૩૬ સહીહ અલમુસ્લીમ ભા-૨:૭૨

શક્તિ અને બળ નબળું પડી જાય અને તેઓ ક્યારેય પણ અબુબકરનો વિરોધ કરી શકે નહી. આ તેજ આર્થિક પાબંદી છે કે જે આજે પણ અમુક હુકુમતો પોતાની દુશ્મન હુકુમતો પર લાગુ કરે છે.

## ફદકનું લઈ લેવું

દુખ્તરે રસુલ જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.)ની વિરુદ્ધ અબુબકરની સખ્ત કાર્યવાહીમાંથી એક ફદકનું લઈ લેવું છે.

આ બાગથી  હાંસીલ થયેલી આવકને બૈતુલ માલનો હિસ્સો બનાવી લીધો હતો. અહીં ટૂંકમાં ફદક અને તેને લગતા અમુક કાર્યો વિષે સમજાવટ પેશ કરીએ છીએ.

## (૧) ફદક નબી (સ.અ.વ.) ની મીલ્કીય્યત હતી.

જ્યાં સુધી ફદકની વાત છે તો ફદક ઈસ્લામી લશ્કરી તાકાતથી ફતેહ થયુ નથી, પરંતુ આ તે ઝમીન હતી કે જે અલ્લાહના બંદા અને રસુલ (સ.અ.વ.) ને હિજરતના સાતમાં વર્ષે સુલહના કારણે મળી હતી. આ સરઝમીન પર ન તો ઘોડા દોડ્યા હતા અને ન તો સવાર થઈને કોઈ મયદાનમાં જંગ માટે ગયું કે જેથી ખુમ્સનો હક્ક સાબિત થાય. આ નબી (સ.અ.વ.) ની પોતાની ચોખ્ખી મિલ્કત હતી.

## (૨) ફદક હેબા (ભેટ) કર્યો હતો.

જ્યારે સરઝમીને ફદક રસુલે ખુદા (સ.અ.વ.)ના કબ્ઝામાં આવી ત્યારે આ આયએ કરીમાં નાઝીલ થઈ.

وَآتِ ذَا الْقُرْبَىٰ حَقَّهُ

"***નજીકના સગાવહાલા ને હક્ક આપી દયો.***"[1]

તો રસુલે ખુદા (સ.અ.વ.) એ ફદકનો સંપુર્ણ વિસ્તાર જનાબે સૈયદા (સ.અ.)ને અતા કર્યો અને ફરમાવ્યું કે:

આ હિસ્સો તે છે જેને અલ્લાહે આપ (સ.અ.) ને અને આપ (સ.અ.) ની ઔલાદનો હિસ્સો કરાર આપ્યો છે.[2]

ફદક એ જનાબે સૈયદા (સ.અ.) ની ઝાતી મિલકત હતી. એહલેબૈત (અ.મુ.સ.) પાસે આ સિવાય બીજી કોઈ આર્થિક સંપતી ન હતી. જે રીતે અમીરુલ મોઅમેનીન (અ.સ.) એ તેના એક કહેણમાં ફરમાવ્યું છે કે: હા! કારણકે અમારી પાસે આસમાન નીચે ફદક સિવાય બીજી કોઈ મિલકત ન હતી.[3]

પરંતુ રસુલેખુદા (સ.અ.વ.) ની રેહલત પછી અબુબકરે આ ફદકના ભાગને પણ છીનવી લીધો અને તેને બૈતુલમાલનો ભાગ બનાવી લીધો. તેઓનો મકસદ ફક્ત એ જ હતો કે ઈમામ અલી (અ.સ.).ને આર્થિક રીતે સંપુર્ણ કમઝોર કરી નાખે. અને અબુબકરના વિરોધીઓની ચળવળ એક વાહિયાત બનીને રહી જાય. ઈબ્ને અબીલ હદીદ મોઅતઝેલી કહે છે કે મેં બગદાદના મદ્રેસા એ ગરબીય્યાહના મુદર્રીસ અલી બિન ફારૂકીથી સવાલ કર્યો કે શું હઝરત ફાતેમા ઝેહરા (સ.અ.) સાચા ન હતા? (પોતાના ફદકના દાવા બાબતે) તો તેમણે ફરમાવ્યું કે કેમ નહી. મેં કહ્યું તો શું અબુબકર તેને સાચા જાણતા હોવા છતાંય ફદક કેમ પરત ન આપ્યો? તેમણે હસીને જવાબ આપીને એક બહુજ

---

[1] (સુ.ઈસરા(બની ઈસરાઈલ) -૨૬)

[2] શવાહેદુત્તન્ઝીલ ભા-૧:૪૪૧,અદ્દુર્રુલ મન્સુર ભા-૨:૧૫૧,
કન્ઝુલ ઉમ્માલ ભા-૨:૧૫૭,રૂહુલમઆની ભા-૫:૫૭

[3] નહજુલ બલાગાહ :૩૭૧

સ્પષ્ટ હકીકત કહી દીધી. હાલાંકે તેમનો સ્વભાવ બહુજ ગંભીર પ્રકારનો અને બહુજ ઓછી મજાક કરવાવાળા માણસ હતા. તે ફરમાવે છે કે અગર તે દાવાના લીધે ફદક પરત કરી દેત તો તે પોતાના શૌહર માટે ખિલાફતનો દાવો કરત અને અબુબકરને પોતાની જગ્યા છોડી દેવી પડત. તેની પાસે કોઈ બહાનું પણ ન રહેત અને કોઈ ગવાહ વગર અને કોઈ પણ જાતની તકરાર વગર તેને ખિલાફતથી હાથ ધોવા પડતે.[1]

કારણકે તે આના પહેલા તે પોતાને સાચા અને કોઈપણ દાવામાં હક્ક પર હોવાની મહોર લગાડી ચુક્યા હતા. પરંતુ શૈખૈનની હુકુમત પછી આવનારી હુકુમતે પણ પોતાને મન ફાવે તેવું વર્તન કર્યું. પોતાની મરજી મુજબ બાગે ફદકને વેડફવા લાગ્યા. ઉસ્માન બિન અફ્ફાને ફદકને મરવાન બિન હકમના નામે કરી દીધો. જે રીતે ઈતિહાસકારોએ લખ્યું છે કે ઉસ્માન વિરુદ્ધ થનારું કાવતરાનું એક કારણ ફદક મરવાનને સોંપી દેવો હતો. મરવાનના હલાક થવા પછી તેની ઔલાદ ફદકની વારસદાર બનતી રહી. ત્યાં સુધી કે ઉમર બિન અબ્દુલઅઝીઝ ખીલાફતના હોદ્દા પર આવ્યો. પછી તેણે ફદકને આલે મરવાન પાસેથી છીનવીને સદકો કરાર દીધો.[2]

---

[1] શરહે નહજુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ ભા-૧૬:૨૮૪

[2] તારીખો અબીલ ફિદા ભા-૧:૧૬૮

# જ.સૈયદતુન્નીસાઈલ આલમીન (સ.અ.) નો ઐતિહાસિક ખિતાબ

દુખ્તરે રસુલે (સ.અ.વ.)ના માટે દુન્યા ખુબજ સખ્ત બની ગઈ. દુન્યાની સ્ત્રીઓની સરદારની વિરુદ્ધ અબુ બકરે જે સખ્ત ઝુલ્મો કર્યા. તેનાથી જનાબે સૈયદા ભાંગી પડ્યા હતા. તે છતાંય આપે અબુબકરની સામે દલીલ કાએમ કરવા માટે અને હુજ્જત તમામ કરવાથી રોકાયા નહી. તેના નજીવા રાજકારણને સાચું સાબિત કરવા માટેના દરેક પગલાઓની સામે જનાબે સૈયદા (સ.અ.) એ રોક લગાવી દીધી. આપે મસ્જીદે નબવીમાં એવો ઐતિહાસિક ખુત્બો આપ્યો કે જેની મીસાલ દુનિયામાં કયાંય મળતી નથી. આપે શબ્દોને નુક્તાઓ આપ્યા અને વાક્યોને સમજાવ્યા અને આજ ખિતાબના કારણે સામાન્ય મુસલમાનોને પણ ખબર પડી ગઈ કે ઝમીન પર અલ્લાહે પૈદા કરેલ માનનીય સ્ત્રીઓમાંથી સૌથી વધુ માનનીય સ્ત્રી અને સૌથી બલંદ સરદાર જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) છે. કે જેને અલ્લાહે હિકમત અને ખિતાબની ફઝીલત અને તમામ શ્રેષ્ઠતા અતા કરી છે. આપના આ ખુત્બાની મહત્વતા માટે એહલેબૈત (અ.મુ.સ.) એ પોતાની ઔલાદને આ ખુત્બો એવી રીતે ઝબાની યાદ કરાવતા જે રીતે કુરઆનને યાદ કરવાનું કહેતા.

એ સ્ત્રી કે જેની ૧૮વર્ષની ઉમ્રમાં આવો ફસીહ અને બલીગ ખુત્બો આપે કે જેની બરાબરી દુનિયાનો કોઈપણ મોટામાં મોટો ખતીબ પણ કરી શકે તેમ નથી. એહલેબૈતે નબુવ્વત,ઈલ્મ અને હિક્મતની ખાણો અને રિસાલતથી મળેલ ઈલ્મ દ્વારા એવો અજીબ ખુત્બો હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી, કારણ કે આપ (સ.અ.) ને આપના પિતા હઝરત ખતમી મરતબત (સ.અ.વ.)

એ માઅરેફત અને ઈલ્મોથી નવાઝયા છે. પોતાના સીફાત અને કમાલાતથી આપને માલામાલ કર્યા છે. ત્યાં સુધી કે જનાબે સૈયદા (સ.અ.) જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ની સીફાત અને કમાલાતની તસ્વીર બની ગયા. આ વિષય પર અગણિત રીવાયતો મૌજુદ છે.

જનાબે ફાતેમા (સ.અ.) નો ખુત્બો તે અબુબકરની વિરુદ્ધ ખુલ્લો પડકાર અને ભરપુર ઈન્કેલાબ છે કે જેના પછી અબુબકરની ખિલાફત ડગમગવા લાગી હતી. પરંતુ તેણે રાજકીય ચાલોથી પોતાની ખુરશી મજબુત કરવાની કોશિષ કરી. ઈન્કલાબે ફાતેમાની જયોતને ઓલવવાની કોશિષમાં લાગી ગયા કે જેની વિગત આગળ રજુ કરીશું.

## ઝેહરા-એ-ફદક

રાવીઓએ જનાબે ઝેહરા (સ.અ.)નો મસ્જીદે નબવીમાં જવાનું વર્ણન આ રીતે બયાન કર્યું છે. માથા પર મકના બાંધી હાશમી કનીઝો અને કુટુંબની બહેનો અને દીકરીઓને લઈને મસ્જીદમાં આવ્યા. આપ (સ.અ.) ની ચાદર જમીન પર ઢસડાવવાના કારણે જમીન પર નિશાન પડતું જતું હતું. આપ (સ.અ.) ની ચાલવાની રીત બિલકુલ રસુલે ખુદા (સ.અ.) ને મળતી હતી અને જરાય પણ ફર્ક દેખાતો ન હતો. આપ (સ.અ.) મસ્જીદે નબવીમાં દાખલ થયા. અબુબકર તે સમયે મુહાજીર અને અન્સારના લોકો સાથે બેઠો હતો. અબુબકે આપ (સ.અ.)ને નજર અંદાજ કર્યા અને કોઈ ધ્યાન ન આપ્યું. ઘણી વખત રાહ જોયા પછી થાકીને બેસી ગયા અને રડવા લાગ્યા અને એવી રીતે રડવા લાગ્યા કે તેની સાથે અમુક લોકો પણ રડવા લાગ્યા. હાજર રહેલા લોકોમાં બેચૈની અને ઉદાસી પ્રસરી ગઈ. પછી આપ (સ.અ.) થોડીવાર માટે શાંત થયા. લોકોની રડવાની અને

સીસકવાની અવાજ બંધ થઈ પછી આપ (સ.અ.) એ તકરીરની શરૂઆત કરી.

اَلْحَمْدُ لِلّٰهِ عَلىٰ ما أَنْعَمَ ، وَلَهُ الشُّكْرُ عَلىٰ ما أَلْهَمَ ، وَالثَّنَاءُ بِمَا قَدَّمَ ،

مِنْ عُمُومِ نِعَمٍ ابْتَدَأَهَا ، وَسُبُوغِ آلاءٍ أَسْدَاها ، وَتَمَامِ مِنَنٍ وَالَاهَا ، جَمَّ

عَنِ الْإِحْصَاءِ عَدَدُهَا ، وَنَأَىٰ عَنِ الْجَزَاءِ أَمَدُهَا ، وَتَفَاوَتَ عَنِ الْإِدْرَاكِ

أَبَدُهَا ، وَنَدَبَهُمْ لِاسْتِزَادَتِهَا بِالشُّكْرِ لِاتِّصَالِهَا ، وَاسْتَحْمَدَ إِلَى الْخَلَائِقِ

بِإِجْزَالِهَا ، وَثَنَىٰ بِالنَّدْبِ إِلَىٰ أَمْثَالِهَا

*"અલ્લાહે જે કાંઈ નેઅમતો અતા કરી તેના માટે સઘળા વખાણ છે. સારૂ અને ખરાબ વચ્ચે તફાવત સમજવા માટે તેણે જે કાંઈ ઈલ્હામ કર્યું તેના માટે તેનો શુક્ર છે. અને તમામ તઅરીફ એ પૂષ્કળ નેઅમતો માટે કે જે તેણે અગાઉથી જ અતા કરી દીધી અને વિશાળ નેઅમતો પર કે જે અતા કરવામાં તેણે પહેલ કરી અને તે નેઅમતો આપવામાં વધારો કર્યો અને તે નેઅમતોને સતત આપીને સંપુર્ણ કરી. આ નેઅમતો ગણતરીના દાયરાથી બહાર છે. અને તેના શુક્રની હદો સુધી પહોંચ અશક્ય છે અને તેની અનંતતાનો અંદાજ ક્યારેય લગાડી શકાય તેમ નથી. તે નેઅમતોમાં વધારો થાય અને સતત મળતી રહે તે માટે લોકોને શુક્ર કરવાની હિદાયત કરી. શુક્રનો હુકમ એટલા માટે આપ્યો કે નેઅમતોમાં વધારો થાય. તેવી નેઅમતો તરફ સતત દઅવત આપી જે ખુદ બંદા માટે ફાયદાકારક છે અને તેણે દઅવત આપીને આ (નેઅમતોને) બેવડાવી દીધી.)"*

ખુત્બાના આ ભાગમાં જનાબે સૈયદા અલ્લાહની હમ્દ અને સના અને તેમની અગણિત નેઅમતોને અને ઈનાયતોનો શુક્ર અદા કરે છે કારણકે ખુદાવંદે આલમેં બંદાઓ પર નેઅમતો અને

ઈનાયતોનો સિલસિલો જારી રાખ્યો છે અને તેમના બંદાઓને શુક્રિયા અદા કરવાનો હુકમ આપ્યો છે જેથી તે આ નેઅમતો અને ઈનાયતોમાં વધારો કરી દે.

જનાબે સૈયદા (સ.અ.)ખુત્બામાં આગળ ફરમાવે છે કે

أَشْهَدُ أَنْ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ، كَلِمَةٌ جَعَلَ الْاِخْلَاصَ تَأْوِيلَهَا

،وَضَمَّنَ الْقُلُوبَ مَوْصُولَها ،وَأَنَارَ فِي التَّفَكُّرِ مَعْقُولَهَا ،الْمُمْتَنِعُ عَنِ الْأَبْصَارِ رُؤْيَتُهُ،

وِمِنَ الْأَلْسُنِ صِفَتُهُ،وَمِنَ الْأَوْهَامِ كَيْفِيَّتُهُ ـ اِبْتَدَعَ الْأَشْيَاءَ لَا مِنْ شَيْئٍ كَانَ قَبْلَهَا ،وَأَنْشَأَهَا بِلَا احْتِذَاءِ أَمْثِلَةٍ اِمْتَثَلَهَا ، كَوَّنَهَا بِقُدْرَتِهِ، وَذَرَأَهَا بِمَشِيَّتِهِ،

مِنْ غَيْرِ حَاجَةٍ مِنْهُ اِلٰى تَكْوِيْنِهَا ،وَلَا فَائِدَةٍ لَهُ فِي تَصْوِيرِهَا ,اِلَّا تَثْبِيتاً لِحِكْمَتِهِ،

وَ تَنْبِيهاً عَلٰى طَاعَتِهِ، وَاِظْهَاراً لِقُدْرَتِهِ،وَ تَعَبُّداً لِبَرِيَّتِهِ، وَاِعَازاً لِدَعْوَتِهِ،

ثُمَّ جَعَلَ الثَّوَابَ عَلٰى طَاعَتِهِ، وَوَضَعَ الْعِقَابَ عَلٰى مَعْصِيَتِهِ، ذِيَادَةً لِعِبَادِهِ عَنْ نِقْمَتِهِ، وَحِيَاشَةً مِنْهُ اِلٰى جَنَّتِهِ ـ"

***"હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબુદ નથી, જે એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી. (કલમએ શહાદત) આ એ વાક્ય છે કે જેમાં (અમલમાં) ઈખ્લાસને તેનો નતીજો બનાવ્યો છે અને દીલોને તેની તરફ ઝુકાવી દીધા અને ચિંતન મનનમાં તેણે સ્પષ્ટ કરી દીધુ કે આંખો વડે તેને જોવું, ઝબાનો વડે તેનું વર્ણન કરવું અને કલ્પનામાં તેની કયફીય્યતને લાવવી અશક્ય છે. તેણે ચીઝોને બનાવવાની શરૂઆત ત્યારે કરી કે જ્યારે તેની પહેલા કોઈપણ ચીઝ મવજુદ ન હતી અને કોઈપણ જાતના નમૂના વગર કે જેના સ્વરૂપની તેણે નકલ કરી હોય તેણે તેની શરૂઆત કરી. તેણે તેઓને પોતાની કુદરતથી બનાવ્યા અને તેણે તેને પોતાની મશીય્યતથી પૈદા કર્યા. ન તો તેઓને બનાવીને તેને તેની કોઈ જરૂરત હતી ન તો તેમને આકાર આપવામાં તેનો કોઈ ફાયદો હતો,તે ફક્ત પોતાની હિકમતને સ્થાપીત કરવા ચાહતો હતો, પોતાની ઈતાઅત માટે બેદાર કરવા ચાહતો હતો, પોતાની કુદરતને ઝાહિર કરવા ચાહતો હતો, મખ્લુકાતને પોતાની ઈબાદતમાં પ્રવૃત કરવા ચાહતો હતો અને પોતાની દઅવત મજબૂત બનાવવા ચાહતો હતો. પછી તેણે પોતાની ઈતાઅતમાં સવાબ રાખ્યો અને નાફરમાનીમાં સજા મૂકી,જેથી પોતાના બંદાઓને તેની સજાથી બચાવે અને તેઓને જન્નતની તરફ લઈ જાય".***

ખુત્બાના આ ભાગમાં ખાલીકે કાએનાતની અઝમતને લગતી વાતો પેશ કરી છે જે નીચે મુજબ છે

૧- ઈન્સાની અસ્તિત્વ આ દુનિયાના ખાલિકને જોઈ શકતુ નથી અને ભાવી શક્યતાઓ રજુ કરનારાઓની તાકત નથી કે તે આ આશ્ચર્ય ચકિત હકીકતને પામી શકે. એવીજ રીતે ઈન્સાનોની ઝબાનો ચાહે જેટલી પણ સારા શબ્દોમાં તેના

સીફાતો અને અઝમત બયાન નથી કરી શકતી. એવીજ રીતે ઈન્સાની કલ્પનાઓ અને ખ્યાલો પણ તેની હાલત અને તેને આલેખી શકવાથી આજીઝ છે. અને આ દરેકનું વિસ્તરણ કુરઆન અને કિતાબોમાં તેની દલીલો રજુ થઈ છે.

૨- જનાબે સૈયદા (સ.અ.) એ અલ્લાહ અઝઝ વ જલ્લના ઝરીએ કાએનાતની પૈદાઈશ અને તેની કુદરત તરફ ઈશારો કર્યો છે કે અને આ કહ્યું છે કે અલ્લાહે તમામ કાએનાતને કોઈપણ ચીઝની વગર પૈદા કરી છે. અને તેના જેવી બીજી કોઈ નથી મળતી પરંતુ અલ્લાહે પોતાની કુદરતથી અને પોતાની મરજીથી કાએનાતને અસ્તિત્વ બક્ષ્યું. અલ્લાહ અઝઝ વ જલ્લ કેટલો મહાન અને બલંદ છે

૩- કાએનાતની પૈદાઈશ માટે અલ્લાહનો કોઈ સ્વાર્થ કે મતલબ નથી પરંતુ તે અલ્લાહ તરફથી આપવામાં આવેલી અણમોલ નેઅમત છે. તેણે પોતાની અઝમતને ઝાહેર કરવા માટે પોતાની કુદરત અને મરજીથી કાએનાતને પૈદા કરી. અને પોતાની ફરમાબરદારી તરફ ધ્યાન દોર્યું પોતાની તરફ બોલાવીને ઈન્સાનોની ઈઝઝત વધારી છે. પછી તેના ફરમાંબરદાર બંદાઓને મહાન સવાબ દેવાનો વાયદો કર્યો છે જેની મહાનતાનો અંદાઝ નથી લગાવી શકાતો. તેવીજ રીતે તેણે નાફરમાનોને સખ્તમાં સખ્ત સઝા દેવાની ચેતવણી આપી છે. તેના પછી જનાબે સૈયદાએ પોતાના પિતા હ.મોહમ્મદ (સ.અ.વ.) ની નબુવ્વતનો ઝીક્ર કર્યો છે

وَ أَشْهَدُ أَنَّ أَبِي مُحَمَّداً عَبْدُهُ وَرَسُولُهُ، اِخْتَارَهُ وَانْتَجَبَهُ قَبْلَ أَنْ

أَرْسَلَهُ، وَسَمَّاهُ قَبْلَ أَنِ اجْتَبَلَهُ، وَاصْطَفَاهُ قَبْلَ أَنِ ابْتَعَثَهُ، اِذِ الْخَلَائِقُ

بِالْغَيْبِ مَكْنُونَةٌ، وَبِسِتْرِ الْأَهَاوِيلِ مَصُونَةٌ، وَبِنِهَايَةِ الْعَدَمِ مَقْرُونَةٌ، عِلْماً مِنَ اللّٰهِ تَعَالىٰ بِمَايِلِ الْاُمُورِ، وَإِحَاطَةً بِحَوَادِثِ الدُّهُورِ، وَمَعْرِفَةً بِمَوَاقِعِ الْمَقْدُورِ۔

اِبْتَعَثَهُ اللّٰهُ اِتْمَاماً لِأَمْرِهِ، وَعَزِيمَةً عَلىٰ اِمْضَاءِ حُكْمِهِ، وَاِنْفَاذاً لِمَقَادِيرِ حَتْمِهِ، فَرَأَى الْاُمَمَ فِرَقاً فِي أَدْيَانِهَا، عُكَّفاً عَلىٰ نِيرَانِهَا، عَابِدَةً لِأَوْثَانِهَا، مُنْكِرَةً لِلّٰهِ مَعَ عِرْفَانِهَا۔ فَأَنَارَ اللّٰهُ بِأَبِي مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَآلِهِ ظُلَمَهَا، وَكَشَفَ عَنِ الْقُلُوبِ بُهَمَهَا، وَجَلَا عَنِ الْأَبْصَارِ غُمَمَهَا، وَقَامَ فِي النَّاسِ بِالْهِدَايَةِ، فَأَنْقَذَهُمْ مِنَ الْغِوَايَةِ، وَبَصَّرَهُمْ مِنَ الْعَمَايَةِ، وَهَدَاهُمْ اِلىٰ الدِّينِ الْقَوِيمِ وَدَعَاهُمْ اِلىٰ الطَّرِيقِ الْمُسْتَقِيمِ، ثُمَّ قَبَضَهُ اللّٰهُ اِلَيْهِ قَبْضَ رَأْفَةٍ وَاخْتِيَارٍ وَرَغْبَةٍ وَاِيثَارٍ، فَمُحَمَّدٌ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَآلِهِ عَنْ تَعَبِ هٰذِهِ الدَّارِ فِي رَاحَةٍ، قَدْ حُفَّ بِالْمَلَائِكَةِ الْأَبْرَارِ، وَرِضْوَانِ الرَّبِّ الْغَفَّارِ، وَمُجَاوَرَةِ الْمَلِكِ الْجَبَّارِ، صَلَّى اللّٰهُ عَلىٰ أَبِي نَبِيِّهِ وَأَمِينِهِ عَلىٰ الْوَحْيِ، وَصَفِيِّهِ وَخِيَرَتِهِ مِنَ الْخَلْقِ، وَالسَّلَامُ عَلَيْهِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ

*"હું ગવાહી આપુ છુ કે મારા પિતા હઝરત મોહમ્મદ (સ.અ.વ.) તેના બંદા અને તેના રસુલ છે. તેણે આપ (સ.અ.વ.) ને મોકલ્યા એ પહેલા તેણે આપ (સ.અ.વ.) ને પસંદ કરી લીધા હતા. તેણે આપ (સ.અ.વ.)ની ખિલ્કત પહેલા આપ (સ.અ.વ.) ના નામને રોશન કર્યું અને આપ (સ.અ.વ.) ને મબ્ઉસ કર્યા તે પહેલા આપ (સ.અ.વ.) ને પસંદ કર્યા. એ ઝમાનામાં કે જ્યારે*

મખ્લુક ગયબતના પરદામાં છુપાએલી હતી અને તે ભયાનક અંધકારમાં ગુમરાહ હતી અને તે સંપુર્ણ નિસ્તીમાં સમાએલી હતી. અલ્લાહની તરફથી આમાલના અંજામ વિષેના ઈલ્મ, ઝમાનાની ઘટનાઓ ઉપરના ઘેરાવા અને સઘળી બાબતોની પરિસ્થિતીની મઅરેફતના આધારે તેણે આપ (સ.અ.વ.) ને ચૂંટયા. અલ્લાહ તઆલાએ આપ (સ.અ.વ.) ને એ માટે મબ્ઉસ કર્યા કે જેથી તે પોતાના અમ્રોને સંપુર્ણ કરે, પોતાના નિર્ણાયક હુક્મને પરીપૂર્ણ કરે અને પોતાની રહમતની તકદીરોને નાફિઝ કરે. આપ (સ.અ.વ.) એ ઉમ્મતોને જૂદા જૂદા દીની ફિરકાઓમાં વહેંચાએલી જોઈ,અમુક તેમના અગ્નિઘરમાં આગની પૂજામાં વ્યસ્ત,અમુક બુતોની ઈબાદતમાં વ્યસ્ત. તેઓની પાસે અલ્લાહની મઅરેફત હોવા છતા તેનો ઈન્કાર કરનારા હતા. પછી અલ્લાહ તઆલાએ મારા પિતા હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ના ઝરીએ તે (ઉમ્મત) ના અંધકારને પ્રકાશીત કરી દીધો તેઓના દીલોમાંથી તેઓની શંકાઓને દુર કરી દીધી અને તેઓની નઝરો સામેથી અંધકારને દુર કરી નાંખ્યો. આપ (સ.અ.વ.) એ લોકોની દરમ્યાન હિદાયત ફેલાવી. આપ (સ.અ.વ.) એ તેઓને ગુમરાહીથી નજાત અપાવી. આપ (સ.અ.વ.) એ તેઓને અંધાપામાં દ્રષ્ટી આપી, આપ (સ.અ.વ.) એ સૌથી મોહકમ દીનની તરફ તેઓની હિદાયત કરી અને આપ (સ.અ.વ.) એ તેઓને સીધા રસ્તાની તરફ બોલાવ્યા. પછી અલ્લાહ તઆલાએ આપ (સ.અ.વ.) ને પોતાની તરફ બોલાવી લીધા.આ બોલાવી લેવું રહમત, ઈખ્તિયાર, રગબત અને ઈસારની સાથે હતું. પછી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) આ દુનિયાની મુશ્કેલીઓમાંથી નજાત પામ્યા.બેશક આપ નેકી કરનારા ફરિશ્તાઓ અને ખુબજ માફ કરનાર પરવરદિગારની ખુશનુદીથી અને શક્તિશાળી

***માલિકની રહેમતના સાયામાં ઘેરાએલા હતા. પછી અલ્લાહના દુરૂદો સલામ થાય મારા પિતા, તેના નબી, તેના અમીન અને મખ્લુકમાંથી તેના ચૂંટી કાઢેલા અને તેના સફી ઉપર. આપના ઉપર સલામ થાય અને અલ્લાહની રહમત અને તેની બરકત થાય".***

જનાબે સૈયદા (સ.અ.) એ પોતાના મહાન પિતા અને કાએનાતના સરદાર આખરી નબી (સ.અ.વ.) નો ઝીક્ર કરતા ફરમાવે છે કે જેણે અકલોને રોશન કરી, ઝીન્દગીનો તરીકો અને ભવિષ્યના ભેદોના દરવાજા શીખવ્યા, ઈન્સાનને કમાલ અને કરામતના રસ્તાઓ બતાવ્યા તેમની ઈનાયાતોના અમુક નમૂનાઓ જોઈએ:

૧- અલ્લાહ અઝઝ વ જલ્લ એ પોતાના બંદા અને રસૂલ (સ.અ.વ.) ને નબુવ્વત અને રિસાલત માટે ચૂંટી કાઢ્યા અને તેના આવવા પહેલાજ તેમની મહાનતા અને અઝમતોને બતાવી દીધી અને ખુબજ શ્રેષ્ઠતા અને મહાનતા અતા કરી.

૨- જનાબે રસુલે ખુદા (સ.અ.વ.)ને આ ઝમાનામાં રિસાલત પર ફાએઝ કર્યા, જ્યારેકે બધી કૌમો અને લોકો અલગ અલગ ફિરકાઓ અને ધર્મોમાં કૈદ અને બંદી હતા. કોઈ નકશી કરેલા પત્થરો અને મૂર્તિઓની પૂજા કરતા હતા, તો કોઈ આગના પુજારી હતા. અલ્લાહ અઝઝ વ જલ્લે મહાન નબીના ઝરીએ તેઓની અક્લોને રોશન કરી, તેમના દિલોથી અજ્ઞાનતા ના પરદાઓ હટાવી લીધા. અને ઈન્સાની જીવન કે જે મોટી ઊંડી અજ્ઞાનતામાં ડૂબેલુ હતું અને રસમો રીવાજ અને અજ્ઞાનતામાંથી બહાર કાઢી આઝાદ કર્યા.

૩- પછી અલ્લાહ અઝઝ વ જલ્લ પોતાના ખાસ બંદા અને રસુલે બરહકને પોતાની રેહમત અને ખુશનુદીના સાયામાં સમાવી

લીધા અને નજીકના સાથીને પોતાની પાસે બોલાવી લીધા.

જનાબે સૈયદા (સ.અ.) એ પોતાનો ઐતિહાસિક ખુત્બો અને બાકી રહેનારું ફરમાન આગળ વધાર્યું

أَنْتُمْ عِبَادَ اللهِ نُصُبُ أَمْرِهِ وَنَهْيِهِ، وَحَمَلَةُ دِينِهِ وَوَحْيِهِ، وَأُمَنَاءُ اللهِ عَلَىٰ أَنْفُسِكُمْ، وَبُلَغَاؤُهُ إِلَى الْأُمَمِ، وَزَعَمْتُمْ حَقٌّ لَكُمْ لِلّٰهِ فِيكُمْ، عَهْدٌ قَدَّمَهُ إِلَيْكُمْ، وَبَقِيَّةٌ اِسْتَخْلَفَهَا عَلَيْكُمْ : كِتَابُ اللهِ النَّاطِقُ، وَ الْقُرْآنُ الصَّادِقُ، وَالنُّورُ السَّاطِعُ، وَالضِّيَاءُ اللَّامِعُ، بَيِّنَةٌ بَصَائِرُهُ، مُنْكَشِفَةٌ سَرَائِرُهُ، مُنْجَلِيَةٌ ظَوَاهِرُهُ، مُغْتَبِطَةٌ بِهِ أَشْيَاعُهُ، قَائِدٌ إِلَى الرِّضْوَانِ اتِّبَاعُهُ، مُؤَدٍّ إِلَى النَّجَاةِ اسْتِمَاعُهُ. بِهِ تُنَالُ حُجَجُ اللهِ الْمُنَوَّرَةُ، وَعَزَائِمُهُ الْمُفَسَّرَةُ، وَمَحَارِمُهُ الْمُحَذَّرَةُ، وَبَيِّنَاتُهُ الْجَالِيَةُ، وَبَرَاهِينُهُ الْكَافِيَةُ، وَفَضَائِلُهُ الْمَنْدُوبَةُ، وَرُخَصُهُ الْمَوْهُوبَةُ، وَشَرَائِعُهُ الْمَكْتُوبَةُ

*"તમો અલ્લાહના બંદાઓ છો. તમો તેના અમ્ર અને તેના નહ્યના મુખાતબ છો. તેના દીન અને તેની વહીના એહકામના જવાબદાર છો અને તમારા નફસોની ઉપર અલ્લાહના અમાનતદારો છો અને બીજી ઉમ્મતો સુધી તેને પહોંચાડનારા છો. તેની તરફથી તેના બરહક ઈમામ તમારી દરમ્યાન છે અને તમારી પાસે અગાઉથી જ વચન લઈ લેવામાં આવ્યું છે. એ બાકી રહેલ ખઝાના છે કે જેને આપ (સ.અ.વ.) તમારી પાસે છોડીને ગયા છે. અલ્લાહની બોલતી કિતાબ છે, સાચુ કુરઆન છે,તેજસ્વી પ્રકાશ છે, ઝળહળતા કિરણો છે. તેના પૂરાવાઓ સ્પષ્ટ છે, તે છુપા ભેદોને જાહેર કરનારી છે, તે ઝાહિરને*

***ઝળહળીત કરનારી છે. તેનું અનુસરણ કરનારાઓની ઈર્ષા કરવામાં આવે છે. તેની ઈત્તેબાઅ (ઈલાહી) ખુશનુદી તરફ લઈ જનારી છે. તેને સાંભળવું નજાત તરફ લઈ જનારૂ છે. અલ્લાહની રોશન દલીલોને મેળવી શકાય છે, તેના બયાન કરાએલા વાજીબાત, તેના ચેતવણી અપાએલા હરામ કાર્યો, તેના દેખીતા સ્પષ્ટ પુરાવાઓ, તેની સંતોષ આપનારી દલીલો, તેની મુસ્તહબ ફઝીલતો,તેની જાએઝ પરવાનગીઓ અને તેના વાજીબ હુકમોને તેમના થકી મેળવવામાં આવે છે".***

આ ખુત્બામાં જનાબે સૈયદા (સ.અ.)એ અમુક જરૂરી વાતો તરફ ધ્યાન દોર્યું છે

૧- આપના માનનીય પિતાના અસહાબની મહાનતા એ છે કે તે અલ્લાહના રસુલના રોશન રસ્તાના અમાનતદાર છે. અને તેઓને દુનિયાના મઝહબો અને લોકો સુધી અલ્લાહના પૈગામને પહોંચાડવાની જવાબદારી અને ખાસીયતોથી નવાજયા છે

૨- બીજું એ કે કુરઆને મજીદની મહાનતા બયાન કરી છે તે રોશન નુર છે, ચમકતી રોશની છે અને તે લોકોને અલ્લાહની ખુશનુદી તરફ બોલાવે છે અને નજાત અતા કરે છે. તે અલ્લાહના બંદાઓ પર અલ્લાહની હુજ્જત છે, તે તેમને સીધા રસ્તાની હિદાયત કરે છે અને તેઓની વચ્ચે સુધારણા કરે છે

પછી જનાબે ઝેહરા (સ.અ.) એ ઈસ્લામના ફરીઝાઓ એહકામના કારણ તરફ ઈશારો કર્યો છે

فَجَعَلَ اللهُ الْاِيمَانَ تَطْهِيراً لَكُمْ مِنَ الشِّرْكِ، وَالصَّلَاةَ تَنْزِيهاً
لَكُمْ عَنِ الْكِبْرِ، وَالزَّكَاةَ تَزْكِيَةً لِلنَّفْسِ، وَنَمَاءً فِي الرِّزْقِ، وَالصِّيَامَ
تَثْبِيتاً لِلْاِخْلَاصِ، وَالْحَجَّ تَشْيِيداً لِلدِّينِ، وَالْعَدْلَ تَنْسِيقاً لِلْقُلُوبِ،

وَطَاعَتَنَا نِظَاماً لِلْمِلَّةِ، وَإِمَامَتَنَا أَمَاناً مِنَ الْفُرْقَةِ، وَالْجِهَادَ عِزّاً لِلْإِسْلَامِ، وَالصَّبْرَ مَعُونَةً عَلَى اسْتِيجَابِ الْأَجْرِ.

وَالْأَمْرَ بِالْمَعْرُوفِ مَصْلَحَةً لِلْعَامَّةِ، وَبِرَّ الْوَالِدَيْنِ وِقَايَةً مِنَ السَّخَطِ، وَصِلَةَ الْأَرْحَامِ مَنْسَاةً فِي الْعُمْرِ، وَمَنْمَاةً لِلْعَدَدِ، وَالْقِصَاصَ حِصْناً لِلدِّمَاءِ، وَالْوَفَاءَ بِالنَّذْرِ تَعْرِيضاً لِلْمَغْفِرَةِ، وَتَوْفِيَةَ الْمَكَايِيلِ وَالْمَوَازِينِ تَغْيِيراً لِلْبَخْسِ، وَالنَّهْيَ عَنْ شُرْبِ الْخَمْرِ تَنْزِيهاً عَنِ الرِّجْسِ، وَاجْتِنَابَ الْقَذْفِ حِجَاباً عَنِ اللَّعْنَةِ، وَتَرْكَ السَّرِقَةِ إِيجَاباً لِلْعِفَّةِ، وَحَرَّمَ اللهُ الشِّرْكَ إِخْلَاصاً لَهُ بِالرُّبُوبِيَّةِ { فَاتَّقُوا اللهَ حَقَّ تُقَاتِهِ، وَلَا تَمُوتُنَّ إِلَّا وَأَنْتُمْ مُسْلِمُونَ } وَأَطِيعُوا اللهَ فِيمَا أَمَرَكُمْ بِهِ، وَنَهَاكُمْ عَنْهُ، فَإِنَّهُ،

{ إِنَّمَا يَخْشَى اللهَ مِنْ عِبَادِهِ الْعُلَمَاءُ }

*"પછી અલ્લાહે તમારા માટે ઈમાનને શિર્કથી પાક કરનારૂ બનાવ્યું અને નમાઝને તમારા માટે અભિમાનથી બચાવનારી બનાવી અને ઝકાતને નફસની પાકીઝગી અને રીઝકમાં બરકતનો સબબ બનાવ્યો અને રોઝાને ઈખ્લાસની મજબુતીનો સબબ બનાવ્યો અને હજને દીનની મજબૂતીનો સબબ બનાવ્યો અને અદ્લને દીલોનો જોડનાર બનાવ્યો અને અમારી ઈતાઅતને દીનનો નિઝામ બનાવ્યો છે અને અમારી ઈમામતને ફિર્કા બંદીથી અમાનનું કારણ બનાવેલ છે અને જેહાદ કરવો ઈસ્લામની સરબલંદીનો સબબ બનાવ્યો છે અને સબ્ર કરવી સવાબ*

***પ્રાપ્તીનો સબબ બનાવ્યો છે અને અમ્ર બિલ મઅરૂફ કરવું સમાજની સુધારણાનો સબબ બનાવ્યો છે અને માઁ-બાપ સાથે નેકી કરવી (અલ્લાહનાં) ગુસ્સાની સામે રક્ષણનો સબબ બનાવ્યો છે. સિલે રહેમને આયુષ્ય લંબાવવાનો અને અવલાદમાં વધારાનો સબબ બનાવ્યો છે અને કેસાસને ખૂના મરકીને રોકવા માટેનો સબબ બનાવ્યો છે અને નઝરને પૂરી કરવી મગફેરતનો સબબ બનાવ્યો છે અને માપ અને વજનમાં પૂરૂ આપવું ઓછુ આપવાથી બચવાનો સબબ બનાવ્યો છે અને શરાબ પીવાની મનાઈ બુરાઈથી પાક રહેવાનો સબબ બનાવ્યો છે અને બોહતાનથી દુર રહેવું લઅનતથી બચવાનો સબબ બનાવ્યો છે અને ચોરી છોડી દેવાને પાકદામનીનો સબબ બનાવ્યો છે અને અલ્લાહે તેની રૂબુબિય્યતમાં નિખાલસતા માટે શીર્કને હરામ કર્યુ છે".***

***"તેથી અલ્લાહથી એવી રીતે ડરો કે જેવી રીતે ડરવું જોઈએ અને તમો હરગીઝ મૃત્યુ પામો નહીં સિવાય કે એવી હાલતમાં કે તમો મુસલમાન હોવ".[1]***

***"અલ્લાહે તમોને જે કાંઈ હુકમ આપ્યો છે અને જેનાથી તમોને રોક્યા છે, તેમાં તેની ઈતાઅત કરો. કારણકે તેના બંદાઓમાંથી ફક્ત આલિમોજ અલ્લાહથી ડરે છે."[2]***

ખુત્બાના આ ભાગમાં જનાબે સૈયદા (સ.અ.) એ વધુ આદાબ અને શરીયતના એહકામની તરફ પ્રકાશ પાડયો છે અને અમુક રહસ્યો ફરમાવ્યા છે. અને આ એહકામને ફરી ઉજાગર કર્યા છે જેનું બયાન અહીં શકય નથી.

જનાબે ઝેહરા (સ.અ.) ખુત્બામાં આગળ ફરમાવે છે

---

[1] સુ:આલે ઈમરાન. ૩

[2] સુ.ફાતીર:૨૮

أَيُّهَا النَّاسُ اِعْلَمُوا أَنِّي فَاطِمَةُ وَ أَبِي مُحَمَّدٌ أَقُولُ عَوداً وَ بَدْءاً وَ لاَأَقُولُ مَا أَقُولُ غَلَطاً وَلاَأَفْعَلُ مَاأَفْعَلُ شَطَطاً {لَقَدْ جَاءَكُمْ رَسُولٌ مِنْ أَنْفُسِكُمْ عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِينَ رَؤُوفٌ رَحِيمٌ } فَإِنْ تَعْزُوهُ وَتَعْرِفُوهُ تَجِدُوهُ أَبِي دُونَ نِسَائِكُمْ وَ أَخَا ابْنِ عَمِّي دُونَ رِجَالِكُمْ وَلَنِعْمَ الْمَعْزِيُّ إِلَيْهِ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ.

فَبَلَّغَ الرِّسَالَةَ صَادِعاً بِالنِّذَارَةِ مَائِلاً عَنْ مَدْرَجَةِ الْمُشْرِكِينَ ضَارِباً ثَبَجَهُمْ آخِذاً بِأَكْظَامِهِم دَاعِياً إِلَىٰ سَبِيلِ رَبِّهِ بِالْحِكْمَةِ وَ الْمَوْعِظَةِ الْحَسَنَةِ يَكْسِرُ الْأَصْنَامَ وَيَنْكُتُ الْهَامَ حَتَّى انْهَزَمَ الْجَمْعُ وَوَلَّوُا الدُّبُرَ حَتّى تَفَرَّى اللَّيْلُ عَنْ صُبْحِهِ وَ أَسْفَرَ الْحَقُّ عَنْ مَحْضِهِ وَ نَطَقَ زَعِيمُ الدِّينِ وَ خَرِسَتْ شَقَاشِقُ الشَّيَاطِينِ وَ طَاحَ وَشِيظُ النِّفَاقِ وَانْحَلَّتْ عُقَدُ الْكُفْرِ وَالشِّقَاقِ وَفُهْتُمْ بِكَلِمَةِ الْإِخْلَاصِ فِي نَفَرٍ مِنَ الْبِيضِ الْخِمَاصِ وَ كُنْتُمْ عَلَىٰ شَفَا حُفْرَةٍ مِنَ النَّارِ مُذْقَةَ الشَّارِبِ وَنُهْزَةَ الطَّامِعِ وَقَبْسَةَ الْعَجْلَانِ وَ مَوْطِئَ الْأَقْدَامِ تَشْرَبُونَ الطَّرْقَ وَ تَقْتَاتُونَ الْقِدَّ أَذِلَّةً خَاسِئِينَ تَخَافُونَ أَنْ يَتَخَطَّفَكُمُ النَّاسُ مِنْ حَوْلِكُمْ فَأَنْقَذَكُمُ اللهُ تَبَارَكَ وَتَعَالَىٰ بِمُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ بَعْدَ اللَّتَيَّا وَالَّتِي وَبَعْدَ أَنْ مُنِيَ بِبُهَمِ الرِّجَالِ وَ ذُؤْبَانِ الْعَرَبِ وَمَرَدَةِ أَهْلِ الْكِتَابِ {كُلَّمَا أَوْقَدُوا نَاراً لِلْحَرْبِ أَطْفَأَهَا اللهُ} أَوْ نَجَمَ قَرْنٌ

لِلشَّيْطَانِ أَوْفَغَرَتْ فَاغِرَةٌ مِنَ الْمُشْرِكِينَ قَذَفَ أَخَاهُ فِي لَهَوَاتِهَا،فَلَايَنْكَفِئُ حَتَّى يَطَأَ صِمَاخَهَا بِأَخْمَصِهِ وَ يُخْمِدَ لَهَبَهَا بِسَيْفِهِ مَكْدُوداً فِي ذَاتِ اللهِ مُجْتَهِداً فِي أَمْرِ اللهِ قَرِيباً مِنْ رَسُولِ اللهِ سَيِّداً فِي أَوْلِيَاءِ اللهِ مُشَمِّراً نَاصِحاً مُجِدّاً كَادِحاً لَاتَأْخُذُهُ فِي اللهِ لَوْمَةَلَائِمٍ وَأَنْتُمْ فِي رَفَاهِيَّةٍ مِنَ الْعَيْشِ وَادِعُونَ فَاكِهُونَ آمِنُونَ تَتَرَبَّصُونَ بِنَا الدَّوَائِرَ وَ تَتَوَكَّفُونَ الْأَخْبَارَ وَ تَنْكُصُونَ عِنْدَ النِّزَالِ وَ تَفِرُّونَ مِنَ الْقِتَالِ

*"પછી આપ ((સ.અ.)) એ ફરમાવ્યું: અય લોકો જાણી લો કે હું ફાતેમા ((સ.અ.)) છું અને મારા પિતા હઝરત મોહમ્મદ (સ.અ.વ.) છે. મારી છેલ્લી વાત એ જ હશે જે મારી પહેલી વાત છે અને હું જે કાંઈ પણ કહી રહી છું, ખોટુ નથી કહી રહી અને હું જે પણ કરૂં છું તેમાં ચૂક નહીં હોય.*

*બેશક તમારામાંથી જ તમારી પાસે રસુલ આવ્યા. તમોને તકલીફમાં જોવું આપ (સ.અ.વ.) ઉપર બહુ ભારે પડતું હતું. તેઓ તમારા માટે આતુર રહેનારા હતા. મોઅમીનો સાથે ખૂબજ માયાળુ અને ખૂબજ રહેમ કરનારા હતા.[1]*

*પછી જો તમો હસબના હિસાબે આપ (સ.અ.વ.)ને ઓળખવા ચાહતા હોવ તો આપ (સ.અ.વ.) મારા પિતા છે. તમારી ઔરતોમાંથી કોઈના નહીં અને (અલી (અ.સ.).) આપ (સ.અ.વ.)ના કાકાના દિકરા ભાઈ છે, તમારામાંના પૂરૂષોના નહીં. આપ (સ.અ.વ.)ની સાથેનો આ કેટલો શ્રેષ્ઠ સંબંધ છે!!! આપ અને આપ (સ.અ.વ.) ની પાકીઝા આલ ઉપર અલ્લાહની રહેમત નાઝિલ થાય. પછી આપ (સ.અ.વ.) એ રિસાલતને*

---

[1] સુ.તૌબા:૧૨૮

રોશન ચેતવણીની સાથે પહોંચાડી. મુશરીકોના રસ્તાથી દુર થઈને, તેઓ ઉપર કમરતોડ પ્રહાર કરીને તેઓની ગરદનોને મરોડી નાખી હતી. હિકમત અને નેક નસીહતોના ઝરીએ પોતાના પાલનહારના રસ્તા તરફ બોલાવનારા હતા.

આપ (સ.અ.વ.) એ બુતોને હાંકી કાઢ્યા. અને આપ (સ.અ.વ.) એ તાગુતોને એવી હાર આપી કે તેઓ બધા પીઠ દેખાડીને ભાગી ગયા. એટલે સુધી કે રાત પુરી થઈને સવાર પડી ગઈ અને હક્ક પોતાના ભેળસેળ રહિત રૂપમાં જાહેર થઈ ગયો અને દીનના સરદાર બોલ્યા શયતાનોની બોલતી બંધ થઈ ગઈ. નિફાકના કાંટાઓ દુર થઈ ગયા. કુફ્ર અને તફરકાની સાંઠ ગાંઠ છૂટી પડી ગઈ. અને તમે તૌહીદના કલેમાને પઢીને લોકોમાં ચમકતા ચહેરાવાળા બની ગયા. જ્યારે કે તમો જહન્નમની ખીણના આરે ઉભા હતા, તમો એ કૌમ હતા કે જેના માધ્યમથી બીજાઓ પ્યાસ બુજાવતા અને તમે લાલચુઓના હાથનું હથિયાર હતા. તમો એવી જગ્યાની જેવા હતા કે જ્યાં ઉતાવળા લોકો (પોતાના ફાયદા માટે) આગ લેવા માટે આવતા અને તમે લોકોના કદમોની નીચે કચડાતા હતા. તમો ડહોળેલું બદબુદાર પાણી પીતા અને ઘાસફૂસ ખાતા હતા. ઝલીલ અને પસ્ત હતા તમો ડરતા હતા કે તમારી આસપાસના લોકો તમોને ઉપાડી ન જાય.પછી આવી હાલતમાં અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) થકી તમોને નજાત અપાવી. ત્યાર બાદ કે લોકોમાંના માથાભારે માણસો, અરબોના વરુઓ અને એહલે કિતાબના મુરતદ થયેલા લોકો તરફથી તકલીફો સહન કરી.

જ્યારે પણ તેઓ જંગની આગ ભડકાવતા તો અલ્લાહ તેને બુજાવી દેતો અથવા જ્યારે શયતાન માથુ ઉંચકતો અથવા મુશરિકોમાંના અજગરો મોં ખોલતા તો આપ (સ.અ.વ.)

*પોતાના ભાઈ અલી (અ.સ.) ને તેઓના મુકાબલા માટે મોકલતા હતા. પછી આપ ((અ.સ.).) જ્યાં સુધી તેઓના ઘમંડને પોતાના પગ તળે કચડી ન નાંખતા અને તેઓના ભડકાઓને પોતાની તલવારથી બુઝાવી ન નાંખતા ત્યાં સુધી પાછા ફરતા ન હતા. તેઓ અલ્લાહની ઝાત ખાતર સખ્ત પરિશ્રમ કરનારા, અલ્લાહના હુકમના બારામાં સખ્ત કોશીષ કરનારા,રસુલુલ્લાહ (સ.અ.વ.) થી સૌથી નઝદીક છે, અલ્લાહના અવલિયાના સરદાર, ખૂબજ વધારે સંઘર્ષ કરનારા, નસીહત કરનારા, પરિશ્રમ કરનારા અને કોશિષ કરનારા છે અને આપ (અ.સ.) અલ્લાહની રાહમાં ટીકા કરનારાઓની ટીકાની પરવાહ કરતા ન હતા. ત્યારે તમે લોકો ઐશો-આરામમાં જીવન પસાર કરી રહ્યા હતા. સલામતીની સાથે ખુશહાલ જીવન જીવી રહ્યા હતા અને તમે લોકો એ તાકમાં હતા કે અમો મુસીબતોમાં ઘેરાઈ જઈએ અને તમે એ (ખરાબ) સમાચારની રાહ જોઈ રહ્યા હતા. તમે લોકો હુમલો કરવામાં પીછે હઠ કરતા હતા અને લડાઈના મેદાનમાંથી ભાગી જતા હતા".*

જનાબે ઝેહરા (સ.અ.) એ આ ખુત્બાના આ ભાગની શરૂઆત આ રીતે કરી છે "જ.ફાતેમા ને ઓળખો" અને તેના પિતા મોહમ્મદ (સ.અ.વ.) ...

ક્યા કારણે આ બુગ્ઝ! અય બીબી આપ નૂરે ઈલાહીની એક જ્યોત, મોહમ્મદ (સ.અ.વ.)ની જાન તેમનું ધડકતું દિલ છો. બેશક તમે ઔરતોની સરદાર છો, કે જેની ખુશી ખુદાની ખુશી છે અને તેની નારાઝગી અલ્લાહની નારાઝગી છે. કોઈ શક નથી આપથી હક્ક અને હકીકતના મહેલ બંધાયેલા છે. અદલ અને અને ઈન્સાફની નિશાનીઓને પૈદા કરનાર છો, આપે મઝહબે એહલેબૈતની બુન્યાદને મઝબુત કરી છે. બેશક આપજ એહલેબૈત

(અ.મુ.સ.) ના મુળ છો અને તેના પરચમને બલંદ કરવાવાળા છો

રસુલે ખુદા (સ.અ.વ.)ની દુખ્તર બતુલ (સ.અ.) એ આ હિસ્સામાં સ્પષ્ટ શબ્દોમાં બયાન કર્યું છે કે આપ (સ.અ.) કંઈ બીજુ બોલતા નથી કોઈ બીજું કામ કરતા નથી સિવાય કે તેનો કૌલ અને કાર્ય હકક હોય છે. અને હકક તેમની સાથે છે અને તેઓ હકક ની સાથે છે. તેના પછી જનાબે સૈયદા (સ.અ.) જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) નો તમામ મુસલમાનો પર ફઝલો કરમ અને મોહબ્બત અને મહેરબાની તરફ ઈશારો કરતા ફરમાવે છે કે તમામ મુસલમાનો માટે એક મહેરબાન પિતાની જેમ હતા આપ (સ.અ.વ.) તેઓનો રંજ અને ગમ રાખનારા હતા. તેમની ખુશી અને માનનો ખ્યાલ રાખનારા અને ખાસ કરીને મોઅમીનો ઉપર ઘણી મહેરબાની કરનાર અને પ્રેમાળુ હતા.

પછી આપે આ મઝહબના રસ્તામાં રસુલે ખુદા (સ.અ.વ.)ની જેહાદ અને કુરૈશના ઝાલીમોની સામે જે તકલીફો સહન કરી અને દુ:ખો સહન કર્યા અને એહલે કિતાબના ઝાલીમોના ઝુલ્મો સહન કર્યા છે તેના તરફ ઈશારો કર્યો છે. રસુલે ખુદા (સ.અ.વ.)એ જે તકલીફો સહન કરી તેના કારણે દીને ઈસ્લામ મઝબુત થઈ શક્યો છે અને શિર્ક નાબુદ થઈ ગયુ છે.

જનાબે સૈયદા (સ.અ.) એ અરબના લોકોની રૂસ્વા હાલત અને પસ્ત અને ઝીલ્લત હાલતને બયાન કરી છે. કેવી રીતે અલ્લાહે પોતાના બંદા અને રસુલ (સ.અ.)ના ઝરીએ તેઓને રૂસ્વાઈ અને ઝીલ્લતથી છુટકારો આપ્યો છે. તેની દુન્યા અને આખેરતને સંવારી છે અને તેને બીજી ઉમ્મતો પર અઝમત અને ઉચ્ચતા અપાવી છે. એવુ સદવર્તન અને આદાબ શિષ્ટાચાર શીખવ્યા છે કે દુનિયાના ઈતીહાસમાં કોઈ જગ્યાએ આ સંસ્કૃતિ જોવા નથી મળતી.

જનાબે સૈયદા (સ.અ.) એ પોતાના કાકાના દીકરા હઝરત અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.)ની ફઝીલતો તેમની ઈસ્લામની નુસરત તેમના વિજ્યાત્મક જેહાદો અને તમામ જંગોમાં તેમના કાર્યો બાબતે ફરમાવ્યું છે. કે મારા કાકાના દીકરા દરેક સ્થળોએ કામ લાગ્યા છે જ્યારેકે આ મુહાજેરોએ હુકુમત પર કબ્ઝો કર્યો છે. ઝમાનો રસુલે ખુદા (સ.અ.વ.) ની સલામતી અને અમન નો તલબગાર હતો અને આ લોકોએ (મુહાજેરીને) ઈસ્લામની મદદ માટે કોઈ કાર્ય અંજામ નથી આપ્યું પરંતુ જંગના સમયે એકબાજુ ઉભા રહેતા હતા અને લડવાના સમયે ભાગી જતા હતા. આ સાથે એહલેબૈત (અ.મુ.સ.) ની વિરુદ્ધ યોજનાઓ ઘડતા હતા અને તેમના માટે મુસીબત વધારવાનું ઈચ્છતા હતા

فَلَمّا اخْتَارَ اللهُ لِنَبِيِّهِ دَارَ أَنْبِيَائِهِ وَمَأْوىٰ أَصْفِيَائِهِ، ظَهَرَ فِيكُمْ حَسَيكَةُ النِّفَاقِ، وَ سَمَلَ جِلْبَابُ الدِّينِ، وَ نَطَقَ كَاظِمُ الْغَاوِينَ، وَ نَبَغَ خَامِلُ الْأَقَلِّينَ، وَ هَدَرَ فَنِيقُ الْمُبْطِلِينَ، فَخَطَرَ فِي عَرَصاتِكُمْ، وَأَطْلَعَ الشَّيْطانُ رَأْسَهُ مِنْ مَغْرَزِهِ، هَاتِفاً بِكُمْ، فَأَلْفاكُمْ لِدَعْوَتِهِ مُسْتَجِيبِينَ، وَلِلْغِرَّةِ فِيهِ مُلَاحِظِينَ، ثُمَّ اسْتَنْهَضَكُمْ فَوَجَدَكُمْ خِفَافاً، وَأَحْمَشَكُمْ فَأَلْفَاكُمْ غِضَاباً، فَوَسَمْتُمْ غَيْرَ إِبِلِكُمْ، وَ أَوْرَدْتُمْ غَيْرَ شِرْبِكُمْ هٰذا، وَالْعَهْدُ قَرِيبٌ، وَالْكَلْمُ رَحِيبٌ، وَالْجُرْحُ لَمَّا يَنْدَمِلْ، وَالرَّسُولُ لَمّا يُقْبَرْ، اِبْتِداراً زَعَمْتُمْ خَوْفَ الْفِتْنَةِ {أَلاَ فِي الْفِتْنَةِ سَقَطُوا وَ اِنَّ جَهَنَّمَ لَمُحِيطَةٌ بِالْكَافِرِينَ}۔ فَهَيْهَاتَ مِنْكُمْ، وَ كَيْفَ بِكُمْ، وَأَنّىٰ تُؤْفَكُونَ، وَ كِتَابُ اللهِ بَيْنَ أَظْهُرِكُمْ، أُمُورُهُ ظاهِرَةٌ،

وَأَحكَامُهُ زَاهِرَةٌ، وَأَعْلَامُهُ باهِرَةٌ، وَزَوَاجِرُهُ لَائِحَةٌ، وَ أَوَامِرُهُ وَاضِحَةٌ، وَ قَدْ خَلَّفْتُمُوهُ وَرَاءَ ظُهُورِكُمْ، أَرَغْبَةً عَنْهُ تُرِيدُونَ؟ أَمْ بِغَيْرِهِ تَحْكُمُونَ؟ {بِئْسَ لِلظَّالِمِينَ بَدَلاً}، {وَمَنْ يَبْتَغِ غَيْرَ الْإِسْلَامِ دِيناً فَلَنْ يُقْبَلَ مِنْهُ وَهُوَ فِي الْآخِرَةِ مِنَ الْخَاسِرِينَ.

*"અને જ્યારે અલ્લાહે પોતાના નબી (સ.અ.વ.)ને અંબીયા ((અ.મુ.સ.))ના ઘર અને પસંદ કરાએલાઓની આખરી મંઝીલ માટે બોલાવી લીધા ત્યારે તમારી અંદરથી નિફાકના કાંટાઓ જાહેર થયા અને દીનનો લીબાસ જીર્ણ થઈ ગયો ગુમરાહ લોકોના દબાએલા મોં ખૂલી ગયા. પસ્ત દરજ્જાના લોકો જે ઉલ્લેખને પાત્ર ન હતા, તેઓ માથુ ઉચકવા લાગ્યા. એહલે બાતિલમાંના સરદારો ગરજવા લાગ્યા અને પૂછડી પટપટાવતા તમારા આંગણામાં આવી ગયા અને શયતાને પોતાની જગ્યાએથી પોતાનું માથુ બહાર કાઢયું અને તમોને બોલાવ્યા. પછી તેણે જોયું કે તમે તેની દઅવતને કબુલ કરી અને ફરેબ ખાવા માટે તૈયાર થઈ ગયા છો. પછી તેણે તમોને હરકત આપવા ચાહી તો તમે તેને ઝડપી હરકત કરનારા લાગ્યા. તેણે તમને ભડકાવ્યા તો તમે તરત ગઝબનાક થઈ ગયા. પછી તમે બીજાઓના ઊંટો ઉપર નિશાન લગાવ્યું અને એ પાણીના ઘાટમાં દાખલ થઈ ગયા કે જે તમારો ન હતો અને (એ પણ) નઝદીકના ઝમાનામાં કે હજી ઘાવ તાજો હતો અને ઝખમ હજી રૂજાયો ન હતો, જ્યારે કે રસુલ (સ.અ.વ.) ને હજી દફન પણ કરવામાં આવ્યા ન હતા અને તમે ફિત્નાના ડરનું બહાનું ઘડી ઉતાવળ કરી. જાણી લ્યો કે તેઓજ ફિત્નામાં પડેલા છે અને બેશક જહન્નમ કાફિરોને ઘેરી લેનારી*

***છે".***1

***"આ તમારા માટે કેટલું દુર હતું?? તમે આમ કેમ કર્યું??તમે કઈ તરફ ફેરવાઈ ગયા છો???જ્યારે કે અલ્લાહની કિતાબ તમારી સામે છે. તેના અમ્રો જાહેર છે,તેના એહકામો રોશન છે, તેની નિશાનીઓ સ્પષ્ટ છે.તેના મનાઈ હુકમો જાહેર છે અને તેના હુકમો સ્પષ્ટ છે પરંતુ તમે તે(કિતાબ) ને પીઠ પાછળ નાંખી દીધી છે. શું તમે તેનાથી વિમૂખ થઈ જવા ચાહો છો?અથવા તે (કુરઆન)ની વગર ફેંસલો કરો છો?ઝાલિમો માટે આ કેટલો ખરાબ બદલો છે!!"***2

***"જે કોઈ ઈસ્લામ સિવાય બીજા કોઈ દીનને ચાહતો હશે તો તેની પાસેથી તેને હરગીઝ કબુલ કરવામાં નહીં આવે અને આખેરતમાં તે નુકશાન ઉઠાવનારાઓમાંથી હશે".***3

આ ભાગમાં જનાબે સૈયદા (સ.અ.) પોતાના મહાન પિતાના પાક મકામ તરફ કુચ કરવાના અને તેમની શહાદત પછી સહાબીઓ પર પડેલી દર્દનાક મુસીબતો વિષે ફરમાવ્યું છે જેમાંથી અમુક નીચે મુજબ છે

૧- દંભ (દેખાવ)નું જાહેર થવું અને સ્પષ્ટ થવું અને નફસની પૈરવી કરવી અને મઝહબી રીતે કમઝોરી પૈદા થવી.

૨- રાજકીય મૌકાઓનો લાભ મેળવી સત્તા પર કબજો મેળવવો.

૩- સામાજિક ક્ષેત્રોમાં અણસમજુ લોકોની અસર અને પ્રભાવનું વધી જવું. અને જે લોકોને ઈસ્લામી મસાએલથી કોઈ લેવા દેવા ન હતું અને ઈસ્લામ માટે કોઈ કાર્ય અંજામ ન આપ્યું

---

1સુ.તૌબા-૪૯

2 સુ.કહફ:૫૦

3 સુ.આલે ઈમરાન:૮૫

હતું તેવા લોકોનો પ્રભાવ વધી જવો.

૪-શૈતાનની ભરપુર પૈરવી અને તેના વસવસા અને ધોકામાં આવી જવું અને સંપુર્ણ રીતે તેની અવાઝ પર લબ્બૈક કહેવું

૫- સહાબીઓની ભરપુર મઝીમ્મત કે જેઓએ અલ્લાહના મહાન નબી, ઉમ્મતને નજાત અપાવનારા, જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ની આંખ બંધ થઈ હતી કે તરતજ ખીલાફતની રસ્સી એહલેબૈત (અ.મુ.સ.) પાસેથી છીનવી બીજાના હાથોમાં આપી દીધી. જ્યારેકે એહલેબૈતે નબી (સ.અ.) ઈલ્મના મૂળ અને આલીમ અને ઈસ્લામી દુન્યામાં સાહેબે માઅરેફત અને હિકમતવાળા હતા, અને સહાબા પાસે આ બાબતમાં કોઈ બહાનું પણ ન હતું. તેઓ જાણી જોઈને આ ફિત્નામાં પડ્યા અને સીધા રસ્તાથી ભટકી ગયા

૬- જનાબે સૈયદા (સ.અ.) એ અન્સાર અને મુહાજેરીનના તમામ બહાનાઓ અને દલીલોને ખોટી ઠેરવી તેમની દલીલને ખત્મ કરી નાખી. અને તેઓએ રસુલે ખુદા (સ.અ.વ.) ની વિરુદ્ધ કારનામાઓ કર્યા હતા અને જે દુઃખો પહોચાડ્યા હતા તે જાહેર કર્યા. કુરાને મજીદ તેઓની સામે હતું, જેની આયતો તેમની સામે સ્પષ્ટ હતી કે માનનીય અને અફઝલને કાએમ કરે પસ્ત અને મફઝુલને નહી, આલીમને કાએમ કરે જાહીલને નહી, હકકની પૈરવી કરે બાતીલની નહી, આપ (સ.અ.) એ ભરપુર સુધારણાની તરફ દાવત આપી હતી પરંતુ તે લોકોએ આ વાતને એક તરફ મૂકી દીધી.

જનાબે સૈયદા (સ.અ.) પોતાના ખુત્બામાં આગળ ફરમાવ્યું કે

ثُمَّ لَمْ تَلْبَثُوا اِلَّا رَيْثَ أَنْ تَسْكُنَ نَفْرَتُهَا ، وَ يَسْلَسَ قِيَادُهَا ،ثُمَّ أَخَذْتُمْ تُورُونَ وَقْدَتَها ،وَتُهَيِّجُونَ جَمْرَتَها ،وَتَسْتَجِيبُونَ لِهُتافِ

الشَّيْطانِ الغَوِيّ، وَاِطْفَاءَ أَنْوَارِ الدِّينِ الجَلِيّ، وَاِهْمَادِ سُنَنِ النَّبِيِّ الصَّفِيِّ ، تُسِرُّونَ حَسْواً فِي ارْتِغاءٍ ، وَتَمْشُونَ لِأَهْلِهِ وَ وَلَدِهِ فِي الْخَمَرِ وَ الضَّرّاءِ ، وَ نَصْبِرُ مِنْكُمْ عَلىٰ مِثْلِ حَزِّ الْمُدىٰ ،وَ وَخْزِ السِّنَانِ فِي الْحَشا ـ

وَاَنْتُمْ الْآنَ تَزْعُمُونَ أَلَّا اِرْثَ لَنَا ، أَفَحُكْمَ الْجَاهِلِيَّةِ تَبْغُونَ ، وَ مَنْ أَحْسَنُ مِنَ اللهِ حُكْماً لِقَوْمٍ يُوقِنُونَ أَفَلاَ تَعْلَمُونَ ؟ بَلىٰ قَدْ تَجَلّٰى لَكُمْ كَالشَّمْسِ الضَّاحِيَةِ أَنِّي ابْنَتُهُ أَيُّهَا الْمُسْلِمُونَ، أَأُغْلَبُ عَلىٰ اِرْثِي ؟

*"પછી તમે રાહ પણ ન જોઈ કે વિરોધ શાંત પડી જાય. અને સરળતાથી તેને કાબુમાં લીધી. પછી તમે તેના ભડકાઓને તેજ કરવાનું શરૂ કર્યું અને તમે તેની ચિંગારીઓ સળગાવી અને તમે ભ્રષ્ટ કરનારા શયતાનની દઅવતને સ્વીકારી, દીનના સ્પષ્ટ નૂરોને બુજાવી નાખવાનું કબુલી લીધું અને પસંદ કરાએલા નબી (સ.અ.વ.)ની સુન્નતની અવગણના કરવા લાગ્યા. તમે છુપી રીતે કેટલું બધુ વધારે લઈ લેવા ચાહો છો. તમે તેમના ઘરવાળા અને તેમના ફરઝંદ (ની પાછળ) જાહેરમાં અને છુપી રીતે લાગી ગયા. અને તમારા તરફના ખંજરના જખ્મો અને નેઝાઓના વાર ઉપર અમે સબ્ર કરીશું અને હવે તમે એમ માનો છો કે અમારા માટે કોઈ વારસો નથી. શું તમે જાહેલીય્યતના ઝમાનાના પ્રમાણે ફેંસલો કરવા ચાહો છો?અને જેઓ ઈમાન ધરાવે છે તે લોકો માટે અલ્લાહ કરતા વધારે સારો ફેંસલો કરનાર કોણ છે?*

*શું તમે જાણતા નથી? બલ્કે બેશક તમારા માટે સુરજની જેમ રોશન છે કે હું આપ (સ.અ.વ.)ની દુખ્તર છું.*

*અય મુસલમાનો! શું એ યોગ્ય છે કે મને મારા વારસાથી વંચિત કરી દેવામાં આવે?*

રસુલે ખુદા (સ.અ.વ.)ની દીકરીએ પોતાના ખુત્બાનું રુખ અન્સાર તરફ ફેરવ્યું કારણકે તેઓએ રસુલેખુદા (સ.અ.વ.) ની ઈતરતથી ખિલાફતની રસ્સી શૈતાનની પૈરવી કરીને પલટાવી નાખી હતી. તેઓ શૈતાનની આવાઝ પર લબ્બૈક કહેતા હતા. તેઓએ ખુદાના નુરને ફુંકમારીને ઓલવવા ચાહ્યું, હક્કથી સંપુર્ણ દુર થઈ ગયા અને પોતાની નફસાની ખ્વાહીશાતની પૈરવી હદથી વધુ કરી. જનાબે સૈયદા (સ.અ.) એ તેઓને લલકાર્યા અને એહલેબૈત (અ.મુ.સ.) પર પડેલી ભયાનક મુસીબતો પર સબ્ર તરફ ધ્યાન દોર્યું. તે બતાવ્યું કે કેવી રીતે તેઓની ભૂલોના કારણે આપ (સ.અ.)ને હક્કથી વંચિત કરી દીધા. પોતાના પિતાની મીરાસથી વંચિત રહી ગયા અને લોકોએ અત્યાચાર અને ઝુલ્મને પ્રોત્સાહન આપીને રસુલે ખુદા (સ.અ.વ.) ના ચેનને છીનવી લીધું. અને તેના માલને બૈતુલમાલમાં ભેળવી દીધો છે જનાબે સૈયદા (સ.અ.) અબુ બકર તરફ મુખાતબ થઈને ફરમાવે છે

يَابْنَ أَبِي قُحَافَةَ ، أَفِي كِتَابِ اللهِ أَنْ تَرِثَ أَبَاكَ وَلَا أَرِثَ أَبِي؟ لَقَدْ جِئْتَ شَيْئاً فَرِيّاً ، أَفَعَلَى عَمْدٍ تَرَكْتُمْ كِتَابَ اللهِ وَ نَبَذْتُمُوهُ وَرَاءَ ظُهُورِكُمْ اِذْ يَقُولُ : { وَ وَرِثَ سُلَيْمَانُ دَاوُدَ } ، وَ قَالَ فِيمَا اقْتَصَّ مِنْ خَبَرِ يَحْيَى بْنِ زَكَرِيَّا اِذْ قَالَ : { فَهَبْ لِي مِنْ لَدُنْكَ وَلِيّاً ۝ يَرِثُنِي وَ يَرِثُ مِنْ آلِ يَعْقُوبَ } وَ قَالَ { وَ أُولُوا الْأَرْحَامِ بَعْضُهُمْ أَوْلَى بِبَعْضٍ فِي كِتَابِ اللهِ } وَ قَالَ { يُوصِيكُمُ اللهُ فِي أَوْلَادِكُمْ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ } وَقَالَ : { اِنْ تَرَكَ خَيْراً الْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَ الْأَقْرَبِينَ بِالْمَعْرُوفِ حَقّاً عَلَى الْمُتَّقِينَ } وَ زَعَمْتُمْ أَنْ لَا حِظْوَةَ لِي ، وَلَا اِرْثَ مِنْ أَبِي ، وَلَا رَحِمَ بَيْنَنَا ، أَفَخَصَّكُمُ اللهُ

بِآيَةٍأَخْرَجَ مِنْهَا أَبِي ؟ أَمْ هَلْ تَقُولُونَ : إِنَّ أَهْلَ مِلَّتَيْنِ لَايَتَوَارَثَانِ ؟ أَوَلَسْتُ أَنَا وَ أَبِي مِنْ أَهْلِ مِلَّةٍ وَاحِدَةٍ ؟ أَمْ أَنْتُمْ أَعْلَمُ بِخُصُوصِ الْقُرْآنِ وَعُمُومِهِ مِنْ أَبِي وَابْنِ عَمِّي ؟ فَدُونَكَهَا مَخْطُومَةً مَرْحُولَةً تَلْقَاكَ يَوْمَ حَشْرِكَ ـ فَنِعْمَ الْحَكَمُ اللهُ، وَ الزَّعِيمُ مُحَمَّدٌ، وَالْمَوْعِدُ الْقِيَامَةُ، وَعِنْدَالسَّاعَةِ يَخْسَرُ الْمُبْطِلُونَ، وَلَايَنْفَعُكُمْ إِذْتَنْدَمُونَ، وَ {لِكُلِّ نَبَأٍ مُسْتَقَرٌّ}، {فَسَوْفَ تَعْلَمُونَ مَنْ يَأْتِيهِ عَذَابٌ يُخْزِيهِ وَيَحِلُّ عَلَيْهِ عَذَابٌ مُقِيمٌ}.

*"અય ઈબ્ને કહાફાના દીકરા! શું અલ્લાહની કિતાબમાં એમ છે કે તને તારા પિતાનો વારસો મળે અને મને મારા પિતાનો વારસો ન મળે??*

*ખરેખર તું તો વિચિત્ર ચીઝ લઈ આવ્યો છો! પછી શું તું અલ્લાહની કિતાબને ઈરાદા પૂર્વક છોડીને પીઠ પાછળ નાંખી રહ્યો છો?જ્યારે તેણે ફરમાવ્યું, "અને દાઉદ (અ.સ.) સુલયમાન (અ.સ.) ના વારસ બન્યા"[1]*

*અને ઝકરીયા (અ.સ.) નો કિસ્સો વર્ણવતા તેણે ફરમાવ્યું*

*"તું મને એક જાનશીન ઈનાયત ફરમાવ કે જે મારો અને આલે યઅકૂબ (અ.સ.)નો વારસ બને"[2]*

*અને ફરમાવ્યું " અલ્લાહની કિતાબમાં લોહીના સગાઓ એકાબીજા ઉપર વધારે હક ધરાવે છે."[3]*

*અને ફરમાવ્યું*

---

[1] સુ.નમલ:૧૬

[2] સુ.મરયમ :૫-૬

[3] સુ.અન્ફાલ:૭૫,સુ.અહઝાબ:૬

"અલ્લાહ તઆલાએ તમોને તમારી અવલાદના બારામાં ભલામણ કરી છે કે એક દીકરા નો હિસ્સો બે દિકરીઓ બરાબર છે"[1]

અને ફરમાવ્યું

" અગર તમારામાંથી કોઈને મૌત આવી જાય અને જો તે કાંઈ છોડીને જતો હોય તો તમારા ઉપર વાજીબ કરવામાં આવ્યું છે કે વાલેદયન અને નઝદીકના સગાઓ માટે યોગ્ય પ્રમાણની વસીય્યત કરે અને પરહેઝગારો ઉપર આ એક જવાબદારી છે".[2]

શું તેમ છતાં પણ તું એમ માનો છો કે મારા માટે મારા પિતા તરફથી મને કોઈ વારસો નથી મળ્યો અને અમારી દરમ્યાન કોઈ સંબંધ નથી. શું તારા ઉપર અલ્લાહે કોઈ ખાસ આયત નાઝિલ કરી છે કે મારા પિતાને આમાંથી બાકાત રાખ્યા છે. અથવા તો તું એમ માનો છો કે બે જૂદા જૂદા મઝહબના લોકો એક બીજાના વારસ બની શકતા નથી. અને શું હું અને મારા પિતા એક જ મઝહબના નથી?? અથવા તો તું કુરઆનના ખાસ અને આમ એહકામોને મારા પિતા અને મારા કાકાના દિકરા અલી (અ.સ.) કરતા વધારે જાણો છો?

તું આ ઉંટોના ધણને ઉપાડ, હું હશ્રના દિવસે તારી મુલાકાત કરીશ. પછી (તે દીવસે) શ્રેષ્ઠ ન્યાય કરનારો અલ્લાહ હશે, હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સરપરસ્ત હશે અને વાયદો પૂરો કરવાની જગ્યા કયામત હશે અને (કયામતની) એ ઘડીએ બાતિલ લોકો નુકશાન ઉઠાવશે.ત્યારે તમારો પસ્તાવો કરવો તમોને કાંઈ ફાયદો પહોંચાડશે નહીં અને દરેક આગાહી માટે એક ચોક્કસ સમય છે [3]

---

[1] સુ.નીસાઅ:૧૧

[2] સુ.બકરહ:૧૮૦

[3] સુ.અનઆમ:૬૭

***અને નઝદીકમાંજ તમે જાણી લેશો કે એ કોણ છે કે જેની ઉપર અઝાબ આવે છે જે તેને ફજેત કરશે અને હંમેશાનો અઝાબ કોની ઉપર આવે છે".[1]***

જનાબે સૈયદા (સ.અ.) એ પોતાના પિતા પાસેથી વારસો મેળવવાની મજબુત દલીલ પેશ કરી અને વિરોધીઓને ચુપ કરી દીધા આપના કહેણનો ખુલાસો એ છે કે:

૧- કુરાને મજીદની સ્પષ્ટ આયતોએ સાબિત કરી દીધું દરેક મરનારની અવલાદ અને નજીકના સગાઓ મરનારના માલના વારીસ બની જાય છે. આ અયતોમાં આ હુકમ સ્પષ્ટ રીતે મૌજુદ છે દરેક દીકરાઓને તેમના પિતાનો વારસો મળે છે

૨- વારસો ન મળવાના કારણોમાં એક એ છે કે મરનાર બીજા મઝહબનો હોય અને વારસો મેળવનાર બીજા મઝહબનો હોય. એટલે કે મય્યત મુસલમાનની હોય વારસો મેળવનાર કાફિર હોય તો વારસો નથી મળતો. જ્યારેકે જનાબે સૈયદા (સ.અ.) અને જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એક જ દીન અને મઝહબના હતા. તો પણ તેમને તેમના પિતાના વારસાથી કેમ વંચિત રાખ્યા?

૩- તેના પછી જનાબે સૈયદા અબુબકરને સંબોધીને કહે છે કે ફદકને છીનવી લે અને મન ફાવે તેમ વેડફી નાખ પણ યાદ રાખજે અલ્લાહના પાસે સમય નક્કી છે, જ્યાં તે ફેંસલો કરશે પછી અન્સાર તરફ સંબોધન કર્યું અને ફરમાવ્યું

يَامَعاشِرَ النَّقِيبَةِ، وَأَعْضَادَ الْمِلَّةِ، وَحَضَنَةَ الْإِسْلَامِ، مَا هٰذِهِ الْغَمِيزَةُ فِي حَقِّي، وَ السِّنَةُ عَنْ ظُلَامَتِي ؟ أَمَا كَانَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيهِ وَآلِهِ أَبِي يَقُولُ: "الْمَرْءُ يُحْفَظُ فِي وُلْدِهِ"، سُرْعَانَ مَا أَحْدَثْتُمْ، وَ عَجْلَانَ ذَا

---

[1] સુ.હુદ:૩૯

إِهَالَةً، وَلَكُمْ طَاقَةٌ بِمَا أُحَاوِلُ، وَقُوَّةٌ عَلىٰ مَا أَطْلُبُ وَ أُزَاوِلُ؟ أَتَقُولُونَ :مَاتَ مُحَمَّدٌ صلى الله عليه وآله؟ فَخَطْبٌ جَلِيلٌ اسْتَوْسَعَ وَهْنُهُ ، وَاسْتَنْهَرَ فَتْقُهُ ، وَانْفَتَقَ رَتْقُهُ ، وَأُظْلِمَتِ الْأَرْضُ لِغَيْبَتِهِ ، وَ كُسِفَتِ الشَّمْسُ وَ الْقَمَرُ ، وَانْتَثَرَتِ النُّجُومُ لِمُصِيبَتِهِ ، وَأَكْدَتِ الْآمَالُ ، وَ خَشَعَتِ الْجِبالُ ، وَ أُضِيعَ الْحَرِيمُ ، وَ أُزِيلَتِ الْحُرْمَةُ عِنْدَ مَمَاتِهِ .

فَتِلْكَ وَاللهِ النَّازِلَةُ الْكُبْرىٰ ، وَالْمُصِيبَةُ الْعُظْمىٰ ، لَا مِثْلُهَا نَازِلَةٌ ، وَلَا بَائِقَةٌ عَاجِلَةٌ ، أَعْلَنَ بِهَا كِتَابُ اللهِ جَلَّ ثَنَاؤُهُ فِي افْنِيَتِكُم وَ مُمْسَاكُمْ وَمُصْبَحِكُمْ ، يَهْتِفُ فِي أَفْنِيَتِكُمْ هِتَافاً وَ صُرَاخاً ، وَ تِلَاوَةً وَ اِلْحَاناً ، وَ لَقَبْلَهُ مَا حَلَّ بِأَنْبِيَاءِ اللهِ وَ رُسُلِهِ ، حُكْمٌ فَصْلٌ ، وَ قَضَاءٌ حَتْمٌ {وَ مَا مُحَمَّدٌ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ أَ فَإِنْ مَاتَ أَوْ قُتِلَ انْقَلَبْتُم عَلىٰ أَعْقَابِكُمْ وَ مَنْ يَنْقَلِبْ عَلىٰ عَقِبَيْهِ فَلَنْ يَضُرَّ اللهَ شَيْأً وَسَيَجْزِى اللهُ الشَّاكِرِينَ} .

*“અય બહાદૂરોના સમૂહ! અય મિલ્લતની બાજૂઓ, અય ઈસ્લામના મદદગારો! મારા હકના બારામાં આટલી સુસ્તી શા માટે છે?અને મારી ઉપરના ઝુલ્મો વિષે ગફલતની ઊંઘ શા માટે છે?શું મારા પિતા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી એ ફરમાવ્યું નથી?: “વ્યક્તિનું સન્માન તેની ઓલાદના માન થકી જાળવવામાં આવવું જોઈએ” તમોએ કેટલી ઝડપી બિદઅત શરૂ કરી દીધી?? અને કેટલા ઉતાવળે લાળ ટપકાવનારા બની ગયા?? જ્યારે કે હું જે મેળવવા ચાહુ છું તે (અપાવવા)ની*

તાકાત તમારી પાસે છે અને હું જે કાંઈ માંગી રહી છું તે (અપાવવા) ની શક્તિ તમારી પાસે છે.

શું તમો એમ કહો છો કે મોહમ્મદ (સ.અ.વ.) મૃત્યુ પામ્યા છે? મુસીબત બહુ મોટી છે તેને ઉપાડવી બહુ ભારે છે અને તિરાડ બહુ વિશાળ થઈ ગઈ છે. એકતા ખંડીત થઈ ગઈ છે. આપ (સ.અ.વ.)ના પોશીદા થઈ જવાથી જમીન અંધકારમાં ડૂબી ગઈ છે. સુરજ અને ચાંદ ઉપર ગ્રહણ લાગી ગયું છે. અને આપ (સ.અ.વ.) ની મૂસીબતના કારણે સિતારાઓ વિખેરાઈ ગયા છે અને ઉમ્મીદો તૂટી ગઈ છે. પહાડો ઝુકી ગયા છે. આપ (સ.અ.વ.) ના મૃત્યુ પામતા જ હરમે રસુલના હકને વેડફી નાંખવામાં આવ્યો અને હુરમતને પાયમાલ કરી નાંખવામાં આવી અને અલ્લાહની કસમ તે મોટી બલા અને મહાન મુસીબત છે કે આના જેવી કોઈ મુસીબત ન તો આવી છે અને ન તો આટલી ઝડપી કોઈ બલા આવી છે. અલ્લાહ કે જેના વખાણ જલાલતવાળા છે, તેની કિતાબ કે જેની સવાર અને સાંજ તિલાવતમાં વિતાવો છો તેમાં તેનું એલાન કરવામાં આવેલ છે જેને તમે તમારા ઘરોમાં ઊંચા અવાઝે,રડીને, ચિંતન મનન કરીને અને સારા અવાઝમાં પઢો છો. બેશક આપ (સ.અ.વ.) ની પહેલા પણ અલ્લાહના નબીઓ અને તેના રસુલો (અ.મુ.સ.) ઉપર આ વિતી ચુક્યું છે. હુક્મ નિર્ણાયક છે અને ફેસલો હતમી છે. (અલ્લાહ ફરમાવે છે): મોહમ્મદ (સ.અ.વ.) એક રસુલ સિવાય કંઈ જ નથી. આપ (સ.અ.વ.)ની પહેલા પણ ઘણા રસુલો પસાર થઈ ચૂક્યા. અગર તેઓ વફાત પામે કે કત્લ કરી દેવામાં આવે તો શું તમે ઉલ્ટા પગે ચાલ્યા જાશો? પછી જે કોઈ ઉલ્ટા પગે ફરી જશે તે અલ્લાહને હરગીઝ કોઈ નુકશાન પહોંચાડી શકશે નહીં અને અનકરીબ અલ્લાહ શુક્રગુઝારોને અજ્ર

*અતા કરશે".*[1]

જનાબે સૈયદાએ ગુસ્સાથી પોતાના છીનવાયેલા હકકને પરત લેવા બેદાર કર્યા અને લલકાર્યા. પોતાના પર ગુજારેલા ઝુલ્મો અને સિતમની ફરિયાદ કરી. અને તે સ્પષ્ટ કરી દીધું કે તેની સાથે સારો વર્તાવ જનાબે રસુલે ખુદા (સ.અ.) સાથે સારો વર્તાવ છે. કારણકે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું હતું કે કોઈ ઈન્સાનની કદ્ર અને તેનો લીહાઝ તેની અવલાદનું ધ્યાન રાખીને જ કરી શકાય છે. પરંતુ ઘણુંજ દુખની સાથે કહેવું પડે છે કે આ લોકોએ જનાબે સૈયદા (સ.અ.) નો કોઈ એહતેરામ કે ઈઝઝત નથી કરી,પરંતુ તેમનો હકકથી તેમને વંચિત કરી દીધા છે. અને જાણીજોઈને આપના પર ઝુલ્મો સિતમ કર્યા છે.

જનાબે સૈયદા (સ.અ.) એ તે યાદ અપાવ્યું કે જે કાંઈ ઝુલ્મો સિતમ તેમના પર આચરવામાં આવે છે એવુજ અગાઉના અમુક નબીઓના ઈન્તેકાલ પછી તેમની અવલાદ સાથે અને તેમના ખાસ ચાહનારાઓ સાથે થયું હતું. હવે આ રસુલ (સ.અ.વ.)ની ઉમ્મત રસુલેખુદા (સ.અ.વ.)ના ઈન્તેકાલ પછી એવા વિનાશક ભૂકંપમાં પડી ગઈ છે. તેણે દીને ઈસ્લામનો રુખ ફેરવી નાખ્યો છે અને ફરી પાછા અજ્ઞાનતામાં પડી ગયા છે જે સૌથી ભયાનક મુસીબત છે.

પછી જનાબે સૈયદા (સ.અ.) એ પોતાનું સંબોધન કબીલાના વંશજો એટલે કે ઔસ અને ખજરજ તરફ ફેરવ્યું. પોતાના હકકને પરત કરવા માટે બેદાર કર્યા, જનાબે સૈયદા (સ.અ.)ના આ શબ્દો હતા.

---

[1] સુ.આલે ઈમરાન:૧૪૪

أَيُّهاً بَنِي قَيْلَةَ ، أَ أُهْضَمُ تُرَاثَ أَبِي وَ أَنْتُمْ بِمَرْأىٰ مِنِّي وَ مَسْمَعٍ وَ مُنْتَدىٰ وَمَجْمَعٍ ، تَلْبَسُكُمُ الدَّعْوَةُ ، وَ تَشْمَلُكُمُ الْخُبْرَةُ ، وَأَنْتُمْ ذَوُو الْعَدَدِ وَ الْعُدَّةِ ، وَالْأَدَاةِ وَ الْقُوَّةِ ، وَعِنْدَكُمُ السِّلَاحُ وَ الْجُنَّةُ ، تُوَافِيكُمُ الدَّعْوَةُ فَلَا تُجِيبُونَ ، وَتَأْتِيكُمُ الصَّرْخَةُ فَلَا تُغِيثُونَ ، وَ أَنْتُمْ مَوْصُوفُونَ بِالْكِفَاحِ مَعْرُوفُونَ بِالْخَيْرِ وَالصَّلَاحِ وَالنُّخْبَةُ الَّتِي انْتُخِبَتْ ، وَالْخِيَرَةُ الَّتِي اخْتِيرَتْ لَنَا أَهْلَ الْبَيْتِ قَاتَلْتُمُ الْعَرَبَ ، وَتَحَمَّلْتُمُ الْكَدَّ وَ التَّعَبَ ، وَ نَاطَحْتُمُ الْأُمَمَ ، وَ كَافَحْتُمُ الْبُهَمَ ، فَلَا نَبْرَحُ أَوْ تَبْرَحُونَ ، نَأْمُرُكُمْ فَتَأْتَمِرُونَ ، حَتّىٰ إِذَا دَارَتْ بِنَا رَحَى الْإِسْلَامِ ، وَدَرَّ حَلَبُ الْأَيَّامِ ، وَ خَضَعَتْ نُعَرَةُ الشِّرْكِ ، وَسَكَنَتْ فَوْرَةُ الْإِفْكِ ، وَخَمَدَتْ نِيرَانُ الْكُفْرِ ، وَهَدَأَتْ دَعْوَةُ الْهَرَجِ ، وَ اسْتَوْسَقَ نِظَامُ الدِّينِ ، وَأَنّىٰ حِرْتُمْ بَعْدَ الْبَيَانِ ، وَأَسْرَرْتُمْ بَعْدَ الْإِعْلَانِ ، وَ نَكَصْتُمْ بَعْدَ الْإِقْدَامِ ، وَأَشْرَكْتُمْ بَعْدَ الْإِيمَانِ ؟ {أَلَا تُقَاتِلُونَ قَوْماً نَكَثُوا أَيْمَانَهُمْ وَهَمُّوا بِإِخْرَاجِ الرَّسُولِ وَ هُمْ بَدَءُوكُمْ أَوَّلَ مَرَّةٍ أَتَخْشَوْنَهُمْ فَاللهُ أَحَقُّ أَنْ تَخْشَوْهُ إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ} .

*"અય બની કયલાઅ! (અન્સારોના સમૂહ!) શું તમે મારા પિતાના વારસાને મારી પાસેથી છીનવી લેવા દેશો જ્યારે કે તમે મને જોઈ રહ્યા છો, સાંભળી રહ્યા છો, સભામાં બેઠા છો અને ભેગા થયા છો તમે પૂકારને સાંભળો છો અને હાલતથી માહિતગાર છો. તમારી સંખ્યા વધારે છે, સુસજ્જ છો, સાધનો*

*ધરાવો છો અને શકિત પણ ધરાવો છો. અને તમારી પાસે હથિયારો અને ઢાલો છે. તમારી પાસે દઅવત પહોંચી ચૂકી છે પરંતુ તમો તેને કબુલ કરતા નથી. તમારી પાસે ફરિયાદ તો પહોંચી પરંતુ તમે ફરિયાદ રસી નથી કરતા. જ્યારે કે તમો બહાદૂરી માટે વખણાએલા છો, નેકી અને ભલાઈ માટે જાણીતા છો અને એ પસંદ કરાએલા છો કે જેમને ચૂંટી કાઢવામાં આવ્યા છે અને એ ચૂંટાએલા છો કે જેઓને અમો એહલેબૈત (અ.મુ.સ.) એ પસંદ કર્યા છે.*

*તમોએ અરબોની સાથે લડાઈ કરી અને તમોએ ખૂબ જ સંઘર્ષ કર્યો અને તકલીફો ઉપાડી અને તમો બીજી કૌમો સાથે ટકરાયા અને પહેલવાનોની સાથે લડાઈ કરી હંમેશા તમો અમારી સાથે રહેતા અને અમે તમારી સાથે રહેતા. હંમેશા અમે તમોને હુકમ આપતા અને તમે પાલન કરતા. ત્યાં સુધી કે ઈસ્લામ અમારા થકી તેની ધરી ઉપર ફરવા લાગ્યો. તેની બરકતો ખુબજ વધી ગઈ. શિર્કના નારાઓ ખામોશ થઈ ગયા. જૂઠ અને બોહતાનના ઉભરા શમી ગયા. કુફ્રની આગ ઓલવાઈ ગઈ. ફિત્નાઓનો શોરબકોર મંદ પડી ગયો. દીનનો નિઝામ સ્થપાઈ ગયો. તો પછી સ્પષ્ટતા થઈ ગયા બાદ તમે કેવી રીતે મુંજવણમાં છો?? જાહેર થઈ ગયા પછી શા માટે તમે છુપાવો છો?? આગળ વધ્યા પછી તમે પાછા ફરી રહ્યા છો?? ઈમાન લાવ્યા પછી તમે શીર્ક કર્યું?? એ કૌમની ઉપર વાય થાય કે જેમણે બયઅત કર્યા પછી પોતાના વચનને તોડ્યું. અને તેઓએ રસુલ (સ.અ.વ.) ને (મદીનાથી બહાર કાઢવાનો) ઈરાદો કર્યો ત્યારે તેઓએ જ તમારી ઉપર સખ્તી કરવામાં પહેલ કરી. શું તમો તેમનાથી ડરો છો? જ્યારે કે જો તમે ઈમાન ધરાવતા હોવ તો પછી અલ્લાહ સૌથી વધારે હક્ક ધરાવે છે કે તમો તેનાથી ડરો".*

જનાબે સૈયદા અનસારને સંબોધન કરતા ફરમાવે છે કે

أَلَاوَقَدْ أَرَىٰ أَنْ قَدْ أَخْلَدْتُمْ إِلَى الْخَفْضِ، وَ أَبْعَدْتُمْ مَنْ هُوَ أَحَقُّ بِالْبَسْطِ وَ الْقَبْضِ، وَخَلَوْتُمْ بِالدَّعَةِ ، وَنَجَوْتُمْ مِن الضِّيْقِ بِالسِّعَةِ ، فَمَجَجْتُمْ مَا وَعِيْتُمْ ، وَدَسَعْتُمُ الَّذِى تَسَوَّغْتُمْ ، فَإِنْ تَكْفُرُوا أَنْتُمْ وَ مَنْ فِي الْأَرْضِ جَمِيعاً فَإِنَّ اللهَ لَغَنِيٌّ حَمِيدٌ أَلَا وَقَدْ قُلْتُ مَا قُلْتُ هٰذَا عَلَى مَعْرِفَةٍ مِنِّى بِالْخَذْلَةِ الَّتِى خَامَرَتْكُمْ، وَالْغَدْرَةِ الَّتِى اسْتَشْعَرَتْهَاقُلُوبُكُمْ ، وَلٰكِنَّهَافَيْضَةُ النَّفسِ ، وَ نَفْثَةُ الْغَيْظِ ، وَ خَوَرُ الْقَنَا ، وَ بَثَّةُ الصُّدُورِ ، وَ تَقْدِمَةُ الْحُجَّةِ ، فَدُونَكُمُوهَا فَاحْتَقِبُوهَا دَبِرَةَ الظَّهْرِ ، نَقِبَةَ الْخُفِّ ، بَاقِيَةَ الْعَارِ ، مَوْسُومَةً بِغَضَبِ اللهِ الْجَبَّارِ ، وَشَنَارِ الْأَبَدِ ، مَوْصُولَةً بِنَارِ اللهِ الْمُوقَدَةِ الَّتِى تَطَّلِعُ عَلَى الْأَفْئِدَةِ، فَبِعَيْنِ اللهِ مَا تَفْعَلُونَ ، {وَ سَيَعْلَمُ الَّذِينَ ظَلَمُوا أَيَّ مُنْقَلَبٍ يَنْقَلِبُونَ} ، وَ أَنَا ابْنَةُ نَذِيرٍ لَكُمْ بَيْنَ يَدَىْ عَذَابٍ شَدِيدٍ، {فَاعْمَلُوا إِنَّا عَامِلُونَ، وَانْتَظِرُوا إِنَّا مُنْتَظِرُون}۔

*“જાણી લ્યો, હું જોઈ રહી છું કે તમે આરામ પસંદ થઈ ગયા છો. અને હુકુમતના જે સૌથી વધારે હકદાર હતા તમે તેઓને દુર કરી દીધા. તમે સમૃધ્ધિ ખાતર અળગા થઈ ગયા અને તમો તંગીને છોડીને તવંગરી મેળવી લીધી. પછી તમોએ જે (ઈમાન) ની જે વાતોને અપનાવી હતી તમે તેને હવામાં વિખેરી નાખી અને જે ખોરાકને તમે સાનુકૂળ સમજીને ખાધો હતો તેને બહાર કાઢી નાંખ્યો. પછી જો તમે અને જમીનમાં વસનારા બધા કુફ્ર*

*કરે તો પણ બેશક અલ્લાહ (તે બધાથી) ગની અને પ્રસંશનીય છે.*

*જાણી લો કે મેં આ જે કાંઈ કહ્યું છે તે કીધુ છે, આ જાણતી હોવા છતાં કે તમે મારી મદદ નહીં કરો અને એ બેવફાઈના કારણે છે કે જેને તમારા દીલોએ નારો બનાવી લીધો છે. પરંતુ મારી આ વાત નફસનો ઉભરો ઠાલવવા, આંતરીક આક્રોષને વ્યક્ત કરવા કે જેને હું અનુભવું છું, હૃદયનાં દુ:ખને જાહેર કરવા અને (તમારી ઉપર મારી) હુજ્જતને તમામ કરવા માટે (કહ્યું) છે. પછી તમો તે ઊંટને(ફદકને) ગસબ કરી લ્યો પછી તમોએ તેની પીઠ ઉપર ભાર બાંધી લ્યો.પરંતુ (યાદ રાખજો) કે તેની પીઠ જખ્મી છે તેના પગો કમઝોર છે હંમેશાની શરમીંદગી તેની સાથે છે. અલ્લાહની ભડકાવેલી આગ સાથે જોડાએલી છે કે જેની ગરમી દીલોને ઘેરી લેશે. પછી તમે જે કાંઈ કરો છો તે અલ્લાહની નઝર સામે છે. અને નઝદીકમાં જ ઝાલિમો જાણી લેશે કે તેઓ કેવા અંજામ તરફ પાછા ફર્યા છે.[1]*

*અને હું તેમની દુખ્તર છું કે જે તમોને શદીદ અઝાબના આવવા પહેલા ડરાવનારી છુ.પછી તમે (જે કરવું હોય તે) કરી લો,બેશક અમો (અમારૂ) કામ કરનારા છીએ અને તમો રાહ જૂઓ,અમો પણ રાહ જોનારાઓ છીએ".[2]*

---

1 સુ.હુદ:૧૨૨

2 સુ.હુદ:૧૨૨ ,અલ-એહતેજાઝ તબરસી ભા-૧:૧૩૨-૧૪૧,અદ્દુરુન્નઝીમ:૪૨૨-૪૬૬,શરહે નહજુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ ભા-૧૬:૨૧૦,
બેહારુલ અન્વાર ભા-૨૯:૨૧૬,મસઉદીએ મરુજુઝઝહબમાં ભા-૨:૩૧૧,
ઈબ્ને મન્ઝુરે લેસાનુલ અરબ ભા-૧૨:૩૩૧,
કહાલાએ અઅલામુન્નીસા ભા-૪:૧૧૬-૧૧૯,
ઈબ્ને તય્ફૂરે બલાગાતુન્નીસા ભા-૧૪:૧૮,ઈબ્ને તાવુસે કિતાબે તરાએફમાં:૨૬૩,
ઈબ્ને અસીરે નેહાયામાં ભા-૪:૨૭૩ માં નોંધેલ છે

જનાબે સૈયદા (સ.અ.)નો હમેશા જીવંત રહેનાર ખુત્બો ખત્મ થાય છે કે જેમાં આપ (સ.અ.)એ ઈન્કિલાબ પૈદા કરવાની અને અબુબકરની હુકુમતને મૂળમાંથી ઉખાડી ફેંકી દેવા તરફ આમંત્રણ આપેલ છે. હક્કને તેમની અસલ જગ્યાએ પરત લાવવા માટે પ્રોત્સાહિત કરેલ છે. આ ખુત્બાની અસર એ થઈ કે લોકોના દિલ ગળગળા થઈ ગયા નજર નીચે પડી ગઈ હતી અને નફસો આપની તરફ જુકી ગયા. નજીક હતું કે હક્ક પોતાના સ્થાન તરફ પરત આવી જાય, પરંતુ અબુબકરે ચાલાકી વાપરી હાલાત પર કાબુ મેળવી લીધો. અને તેની હુકુમત ઈન્કીલાબે જનાબે ફાતેમા (સ.અ.)ના આવરણમાં આવવાથી રોકાઈ ગઈ. તેણે જનાબે સૈયદા (સ.અ.) સાથે એકદમ નરમ અને ચાપલૂસ ઝબાનમાં વાત કરી કે હું આપનાથી ખુબજ ખુલુસ, મોહબ્બત અને અકીદત રાખુ છું. એટલી હદે મોહબ્બત કરું છુ કે મારી દીકરી આયેશા કરતા પણ વધુ મોહબ્બત રાખું છું. આ સાથે રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત અને તેમની યાદમાં દુઃખને જાહેર કર્યું, અને કહ્યું કે કાશ મને રસુલે ખુદા (સ.અ.વ.) પહેલા મૌત આવી જતે. આવા ખોટા દેખાવના વાક્યો ઘણાબધા કહ્યા અને એવું પણ જાહેર કર્યું કે મેં આ હોદ્દાને મેળવવા મારી મેળે નિર્ણય નથી કર્યો પણ મુસલમાનોએ મને નક્કી કર્યો છે. અને જે કાઈ મારા પસંદ થવા પછી તમારા પર સખ્ત કાર્યવાહી કરવામાં આવી તે ફક્ત મારી મરજીથી નહી પણ મુસલમાનોની મરજી મુજબ કર્યું છે. અને આવી રીતે અબુબકરે મુસલમાનો પર કાબુ મેળવી લીધો અને ઈન્કીલાબની બધી આગ ઠંડી થઈ ગઈ.

અલ્લામા હઝરત શરફુદ્દીન મુસ્વી ખુદા તેમની મગ્ફેરત ફરમાવે તે ફરમાવે છે કે કાશ અબુબકર પોતાની પૂરી તાકાત ખર્ચ કરી દેત કે જનાબે ઝેહરા (સ.અ.) કોઈપણ સ્થળે નાઉમ્મીદ ન

થાતે, અગર તે એવું કરત તો ખરેખર તેની આખેરત ઘણીજ પસંદ કરવાને લાયક બનત અને પસ્તાવાનો મૌકાથી દુર રહેતે, ઠપકાને લાયક બનવાથી દુર રહેતે. ઉમ્મત ફીર્કાથી બચી જાતે અને ઉમ્મત વચ્ચે મેળ-મેળાપના મૌકાઓ ઘણા હોતે અને ખાસ કરીને આ અબુબકર માટે વધુ જરૂરી હતું.

અબુબકરના ઈખ્તીયારમાં હતું કે રસુલે ખુદા (સ.અ.વ.) ની એકલોતી વહાલી દીકરી અને તેમની અમાનત જનાબે સૈયદા (સ.અ.)ની નિષ્ફળતાને રોકી શકત. આપ((સ.અ.))ને તેમની ચાદર સાથે બહાર આવવાથી રોકી શકત. (જનાબે ઝેહરા (સ.અ.) ને મસ્જીદે નબ્વીમાં આવીને ખુત્બો ન આપવો પડત) કેટલું સારું હોતે અગર તે જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ની સીરત અપનાવી લેતે અને જનાબે સૈયદા (સ.અ.) ને કોઈપણ દાવા વગર ફદૃક તેમના હવાલે કરી દેતે. એ માટે કે હાકીમ પાસે પોતાની હુકુમતમાં આ મુજબ કાર્ય કરવાનો હક હોય છે તે કરી શકે છે. અંતે આ ખીલાફતના રક્ષણ અને ફસાદને દુર કરવા માટે ફદકની શું જરૂર હતી.

## જનાબે ઝેહરા (સ.અ.) ની માયુસી

જનાબે સૈયદા આના પછી પોતાના પિતાની પવિત્ર કબ્ર તરફ રવાના થયા અને આપની સામે પોતાના પર પડેલી મુસીબતોની ફરિયાદ એવી રીતે કરી કે અય બાબા! તમારા પછી ઘણાજ દુઃખદ બનાવો બન્યા અગર આપ હોતે તો આ રીતે આક્રમણ ન થતે. આપને અમે એવી રીતે ગુમાવ્યા જેવી રીતે ઝમીન વરસાદ ન હોવાના કારણે દુષ્કાળની શિકાર બને છે. અય બાબા, આપની જગ્યાએ એક જૂથે કબજો મેળવી લીધો છે. તમે તેને જોય રહ્યા છો કારણકે આપનાથી કોઈ ચીઝ છુપી નથી. અય બાબા, તમારા પછી લોકોએ પોતાના દીલોમાંથી બુગ્ઝ કાઢયું અને મને ખુબજ

રડાવી. જ્યારે તમે જમીનમાં દફન થઈ ગયા તો આ લોકોએ અમારા પર આક્રમણ કર્યું, અમારી તૌહીન કરી, અમારો હક્ક છીનવી લીધો, હવે અમારી પાસે કંઈ નથી બચ્યું

આ શેર પરથી અંદાઝ આવી જાય છે કે રસુલેખુદા (સ.અ.વ.) પછી જનાબે સૈયદા (સ.અ.) પર કેટલી હદે મુસીબતોના પહાડો તૂટી પડ્યા હશે. કારણકે મુસલમાનોએ જનાબે સૈયદાની અઝમત અને મંઝેલતનો જરા પણ ખ્યાલ નથી રાખ્યો અને દરેક પ્રકારના સીતમો કર્યા કે જેને બયાન કરતા ઈન્સાનની રૂહ કાપી ઉઠે છે.

## કુરેશની ઔરતો થી ખિતાબ

જનાબે સૈયદા (સ.અ.)ની બીમારીની ખબર ફેલાય ગઈ હતી. આથી મુસલમાનોની ઔરતો આપની ખબર પૂછવા માટે આવી અને પૂછવા લાગી કે આપની તબિયત કેવી છે? અને આપે કેવી હાલતમાં રાત વિતાવી અને સવાર પડી?જનાબે સૈયદાએ દુઃખ અને દર્દ ભરેલા અવાજે જવાબ આપ્યો.

أَصْبَحْتُ وَ اللهِ عَائِفَةً لِدُنْيا كُنَّ، قالِيَةً لِرِجالِكُنَّ، لَفَظْتُهُمْ بَعْدَ أَنْ عَجَمْتُهُمْ، وَسَئِمْتُهُمْ بَعْدَ أَنْ سَبَرْتُهُمْ، فَقُبْحاً لِفُلُولِ الْحَدِّ وَ اللَّعِبِ بَعْدَ الْجِدِّ، وَقَرْعِ الصَّفَاةِ، وَ صَدْعِ الْقَناةِ، وَخَتَلِ الْآرَاءِ، وَزَلَلِ الْأَهْواءِ، وَ بِئْسَ {ما قَدَّمَتْ لَهُمْ أَنْفُسُهُمْ أَنْ سَخِطَ اللهُ عَلَيْهِمْ وَ فِي الْعَذابِ هُمْ خالِدُونَ}، لَا جَرَمَ لَقَدْ قَلَّدْتُهُمْ رِبْقَتَها، وَ حَمَّلْتُهُمْ أَوْقَتَها، وَ شَنَنْتُ عَلَيْهِمْ غارَتَها، فَجَدْعاً وَعَقْراً وَبُعْداً لِلْقَومِ الظّالِمِينَ۔

وَيْحَهُمْ أَنّى زَحْزَحُوها عَنْ رَواسِي الرِّسالَةِ، وَقَواعِدِ النُّبُوَّةِ وَ الدِّلالَةِ، وَ مَهْبِطِ الرُّوحِ الْأَمِينِ، وَالطَّبِينِ بِأُمُورِ الدُّنْيا وَ الدِّينِ، أَلَا

ذٰلِكَ هُوَ الْخُسْرَانُ الْمُبِينُ، وَمَا الَّذِى نَقِمُوا مِنْ أَبِي الْحَسَنِ، نَقِمُوا وَاللهِ
مِنْهُ نَكِيرَ سَيْفِهِ،وَقِلَّةَ مُبَالَاتِهِ لِحَتْفِهِ، وَشِدَّةَ وَطْأَتِهِ، وَ نَكَالَ وَقْعَتِهِ ،
وَتَنَمُّرَهُ فِي ذَاتِ اللهِ وَ تَاللهِ لَوْ مَالُوا عَنِ الْمَحَجَّةِ اللَّائِحَةِ وَزَالُوا عَنْ
قَبُولِ الْحُجَّةِ الْوَاضِحَةِ لَرَدَّهُمْ اِلَيْهَا ، وَحَمَلَهُمْ عَلَيْهَا ، وَلَسَارَ بِهِمْ سَيْراً
سُجُحاً ،لَا يُكْلَمُ خِشَاشُهُ ،وَلَا يَكِلُّ سَائِرُهُ،وَلَا يَمَلُّ رَاكِبُهُ، وَلَأَوْرَدَهُمْ
مَنْهَلاً نَمِيراً صَافِياً رَوِيّاً ، تَطْفَحُ ضِفَّتَاهُ ، وَلَا يَتَرَنَّقُ جَانِبَاهُ ،
وَلَأَصْدَرَهُمْ بِطَاناً ، وَنَصَحَ لَهُمْ سِرّاً وَ إِعْلَانا وَلَمْ يَكُنْ يَتَحَلّىٰ مِنَ
الدُّنْيَا بِطَائِلٍ، وَلَا يَحْظَى مِنْهَا بِنَائِلٍ، غَيْرَ رَيِّ النَّاهِلِ، وَشَبْعَةِ الْكَافِلِ
،وَلَبَانَ لَهُمُ الزَّاهِدُ مِنَ الرَّاغِبِ، وَ الصَّادِقُ مِنَ الْكَاذِبِ {وَلَو أَنَّ أَهْلَ
الْقُرىٰ آمَنُوا وَاتَّقَوا لَفَتَحْنا عَلَيْهِمْ بَرَكَاتٍ مِنَ السَّمَاءِ وَ الْأَرْضِ وَ
لٰكِن كَذَّبُوا فَأَخَذْنَاهُمْ بِمَا كَانُوا يَكْسِبُونَ} ، {وَالَّذِينَ ظَلَمُوا مِنْ
هٰؤُلَاءِ سَيُصِيبُهُمْ سَيِّئَاتُ مَا كَسَبُوا وَ مَا هُم بِمُعْجِزِينَ }أَلَا هَلُمَّ
فَاسْتَمِع ، وَ مَا عِشْتَ أَرَاكَ الدَّهْرُ عَجَباً ، وَ أَنْ تَعْجَبْ فَعَجَبٌ قَوْلُهُمْ ،
لَيْتَ شِعْرِى إِلىٰ أَيِّ سِنَادٍ اِسْتَنَدُوا ، وَ إِلىٰ اِيِّ عِمَادٍ اِعْتَمَدُوا ، وَ بِأَيِّ
عُرْوَةٍ تَمَسَّكُوا ، وَ عَلىٰ أَيَّةِ ذُرِّيَةٍ أَقْدَمُوا وَاحْتَنَكُوا ؟ {لَبِئْسَ الْمَوْلىٰ وَ
لَبِئْسَ الْعَشِيرُ } ، { وَ بِئْسَ لِلظَّالِمِينَ بَدَلًا } اِسْتَبْدَلُوا وَاللهِ الذُّنَابىٰ
بِالْقَوادِمِ ، وَالْعَجُزَ بِالْكَاهِلِ ، فَرَغْماً لِمَعَاطِسِ قَوْمٍ { يَحْسَبُونَ أَنَّهُمْ

يُحْسِنُونَ صُنْعاً أَلَا إِنَّهُمْ هُمُ الْمُفْسِدُونَ وَلٰكِنْ لَا يَشْعُرُونَ }، وَيْحَهُمْ { أَفَمَنْ يَهْدِي إِلَى الْحَقِّ أَحَقُّ ان يُتَّبَعَ أَمَّنْ لَا يَهِدِّي إِلَّا أَنْ يُهْدَىٰ فَمَا لَكُمْ كَيْفَ تَحْكُمُونَ }۔

أَما لَعَمْرِي لَقَدْ لَقِحَتْ ،فَنَظِرَة رَيْثَمَا تُنْتِج ، ثُمَّ احْتَلِجُوا مِلْءَ الْقَعْبِ دَماً عَبِيطاً ، وَذُعافاً مُبِيداً ،هُنَالِكَ يَخْسَرُ الْمُبْطِلُونَ، وَيَعْرِفُ التَّالُونَ غِبَّ مَا أَسَّسَ الْاَوَّلُونَ ، ثُمَّ طِيبُوا عَنْ دُنْيا كُمْ أَنْفُساً ، وَاطْمَئِنُّوا لِلْفِتْنَةِ جَأْشاً ، وَأَبْشِرُوا بِسَيْفٍ صَارِمٍ ، وَسَطْوَةِ مُعْتَدٍ غَاشِمٍ، وَ بِهَرَجٍ شَامِلٍ ، وَاسْتِبْدَادٍ مِنَ الظّالِمِينَ ، يَدَعُ فَيْئَكُمْ زَهِيداً ، وَجَمْعَكُمْ حَصِيداً ، فَيا حَسْرَةً لَكُمْ ، وأَنّىٰ بِكُمْ وَقَدْ عُمِّيَتْ عَلَيْكُمْ أَنُلْزِمُكُمُوهَا وَ أَنْتُمْ لَهَا كَارِهُونَ ۔ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِينَ، وَ الصَّلَاةُ عَلَىٰ مُحَمَّدٍ خَاتَمِ النَّبِيِّينَ، وَسَيِّدِ الْمُرْسَلِينَ۔

*"ખુદાની કસમ! મારી ઝીંદગી એવી હાલતમાં છે કે હું તમારી દુનિયાથી કોઈ મોહબ્બત નથી અને હું તમારા મર્દોથી નારાજ છું,તેઓને અજમાવીને છોડી દીધા છે,અને તેઓના ખરાબ ઈરાદા અને ખરાબ આદતોના કારણે તેનાથી દુરી ઈખ્તિયાર કરી લીધી હતી. કેટલી ખરાબ વાત છે કે ઈન્સાન માર્ગદર્શન મેળવ્યા પછી પણ ગુમરાહી અને ઝલાલતના રસ્તે ચાલે, હક્ક, નુર અને હિદાયત મેળવ્યા પછી અંધારા અને ગુમરહીમાં ફસાય જાય.વાય થાય તે લોકો પર કે જેઓ હક્ક અને હકીકતના રસ્તે અને પયગંબર (સ.અ.વ.)એ બતાવેલા રસ્તાને છોડી અને ગુમરાહ થઈ જાય.*

અને પયગંબર (સ.અ.વ.)ના કાકાના દીકરા(હ.અલી ઈબ્ને અબીતાલીબ (અ.સ.).) થી દુર થઈ જાય. તે અલી જે ઈલ્મના શહેરના દરવાજા છે, તકવા અને અદાલતનું પ્રતિબિંબ છે, શુજાઅત અને હકીકતના માલિક છે. ખુદા તેઓના પર ગઝબનાક થાય અને આખેરતમાં પણ હંમેશા અઝાબમાં રહેશે.[1]

ખરેખર આશ્ચર્ય છે કે જેણે રીસાલાતના સ્તંભો અને પાયાઓને છોડી દીધા. વહી ઉતરવાની જગ્યાને છોડી દીધી અને દુન્યા માટે દીનમાં વિરોધાભાસ પૈદા કર્યા. આગાહ થઈ જાવો આજ લોકો નુકસાનમાં છે.

ખુદાની કસમ! તેનાથી દુર રહેવાનું કારણ તેઓની તલવારથી ડર અને ભય હતો. કારણકે તેઓ જાણતા હતા કે હઝરત અલી (અ.સ.). ઈસ્લામના કાનુનોને ફેલાવવામાં અને હક્ક અને હકીકતના ફેસલા કરવામાં જરા બરાબર પણ કોઈની પરવા નહી કરે. સંપુર્ણ કમાલત અને શુજાઅત અને હિંમતની સાથે ઈસ્લામના કાનૂનોને અમલમાં લાવશે. અને તેઓ અગર હઝરત અલી (અ.સ.) ની પૈરવી કરતે તો તેઓને હંમેશની ખુશી અને સીધા રાસ્તા તરફ માર્ગદર્શન કરતે. અને તેઓ જોતે કે અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) તેમને બેહતરીન તરીકાથી સંતુષ્ટ કરતે અને ભૂખથી નજાત અપાવતે. અને તેઓની મુશ્કેલીઓને દુર કરી દેતે. એવી રીતે લોકો સાથે વર્તતે કે સાચા અને ખોટાની વચ્ચે ફેસલો થઈ જતે. અને ઝાહીદ અને લાલચી ઓળખાઈ જતે, અગર આ વસ્તીના રેહવાવાળાઓ ઈમાન લાવતે તો અમે તેમના પર રેહમત અને બરક્તોના દરવાઝાને ખોલી નાખતે. પરંતુ અફસોસ કે તેણે અમારા પય્ગમ્બરોને જુઠલાવ્યા. તો અમે

[1] સુ.માએદાહ:૮૦

તેઓના કાર્યોને કારણે તેઓને અઝાબમાં મુબ્તેલા કરી દીધા અને જે લોકોએ નાફરમાની કરી છે તેઓને પણ તેમની સઝા ભોગવવી પડશે અને તે લોકો ખુદાને આજીઝ (લાચાર)કરી શકતા નથી.

આગાહ થઈ જાવ! કે મને ઝમાના પર આશ્ચર્ય નથી અને અગર તમોને આશ્ચર્ય હોય તો જાણી લ્યો કે (હક્ક થી ફરી જનારા) લોકોએ કેવા રસ્તાને પસંદ કર્યો, કંઈ દલીલના આધારે તેની વાતો પર ભરોસો કર્યો, ક્યા આધારે તેમની પૈરવી કરી અને તેઓ ગાલીબ થઈ ગયા, કોની પસંદગી કરી અને કંઈ (મહાન શખ્સિયત)ને છોડી દીધી. (બેશક આવો માલિક પણ ખરાબ છે) અને આવો દોસ્ત પણ ખરાબ છે અને ઝુલ્મ કરનારાને ખરાબ બદલો આપવામાં આવશે.

તમે લોકોએ કમઝોરોને તાકતવર બનાવી દીધા અને કમઝોરીને તાકત માં બદલી નાખી. પસ્ત અને ઝલીલ તે કૌમ (જે તેવા ભ્રમમાં છે કે તેઓ સારા સારા કામ કરે છે,યકીનન તેઓ ફસાદ ફેલાવનારા છે પરંતુ તમે સમજતા નથી) જે તમને સાચા દીનનો રસ્તો બતાવે છે તે ઈતાઅતનો વધુ હકદાર છે, કે પછી તે શખ્સ કે જે બીજાઓની હિદાયત કરી શકતો નથી, બલ્કે પોતાની હિદાયત માટે લાચાર છે કે બીજુ કોઈ તેને માર્ગદર્શન આપે. તમને શું થઈ ગયું છે તમે કેવા હુકમ ની પૈરવી કરો છો?

મારી જાન ની કસમ તેઓના કાર્યોનું પરિણામ ખરાબ નીકળ્યું કે જેના કારણે તેઓને સખ્ત ફિત્ના અને ફસાદનો સામનો કરવો પડ્યો, હળાહળ ઝેર પીવું પડયુ. બસ બાતીલ નુકસાનમાં છે અને બાતીલોના ચહેરાઓ સ્પષ્ટ થઈ ગયા. અંતે આ ફિત્ના અને ફસાદની શરૂઆત કરનારા ખુદજ તેની મઝા ચાખશે.

તેઓ આ ફિત્નાને પૈદા કરીને સંતોષ મેળવે છે કારણકે

***ઝાલીમોએ આ આગને ભડકાવી છે. ત્યાં સુધી ખુલ્લી તલવાર કાઢીને એક બીજા પર વિજય મેળવવા લાગ્યા અને તમારા જૂથને હલકો સમજવા લાગ્યા અને તમારું બધુજ બરબાદ કરી નાખ્યું. ખરેખર અફસોસનો મકામ છે. ખુદા તમારી હિદાયત કરે, તમારા દિલ અવળા થઈ ગયા છે. તો શું હું તેને જબરદસ્તી તમારા ગળામાં ધકેલી શકું છું? અને વખાણ અને શુક્ર છે એ દુનીયાઓના પાલનહાર અલ્લાહ માટે અને દુરૂદ અને સલામ મોહમદ (સ.અ.વ.)ખાતમીન નબીય્યીન સૈયદુલ મુરસલીન પર.***[1]

ઔરતો ઉપર ખુબજ ભયાનક સન્નાટો છવાઈ ગયો. તેમની આંખો મોહબ્બતથી ભરાઈ ગઈ. તેઓ સખ્ત દુખી દીલ સાથે પોતાના જુથ સાથે ઘર તરફ પરત ફરવા લાગી.અને જનાબે સૈયદા (સ.અ.)ના દુઃખ અને દર્દની વાત પોતાના શૌહરને કરી. જેની ઘણીજ અસર થઈ અને તેઓની પર તલવાર કરતા પણ વધુ કારમો ઝખ્મ લાગ્યો. હવે તેઓને એહસાસ થયો કે તેઓએ દુખ્તરે રસુલ (સ.અ.વ.) ની સાથે કેટલી કોતાહી કરી અને તેમની મદદ ન કરી અને કેટલો મોટો ગુનાહ અંજામ આપ્યો.

અહીં અમો અમુક આ મહાન ખુત્બા બાબતે કેટલીક ચર્ચા કરીશું જે ઘણીજ જરૂરી છે.

પહેલી બાબત:- જનાબે સૈયદા (સ.અ.) એ એહલેબૈતે નબુવ્વત પર થયેલા સખ્ત ઝુલ્મ-સિતમની ટીકા કરી છે. ઈસ્લામની વહીની મૂળ જગ્યા, ઈલ્મ અને આલીમની મૂળ જગ્યાએથી ખીલાફતને છીનવીને તેને ખુબજ અયોગ્ય સ્થળે અને નાલાયક સ્થળે ધકેલી દેવા પર સખ્ત ટીકા કરી છે.

બીજી બાબત:- જનાબે સૈયદા (સ.અ.) એ મુસલમાનોનું

---

[1] અઅલામુન્નીસા ભા-૪:૧૨૮ અને ૧૨૯

હઝરત અમીરુલ મોઅમેનીન (અ.સ.). ની ઈમામતથી રુખ ફેરવી લેવા અને તેને એકલા છોડી દેવા માટેના મુળ કારણોને બયાન કર્યા છે જે નીચે મુજબ છે.

૧. હઝરત અમીરુલ મોઅમેનીન (અ.સ.) ની મુશરેકીન અને શંકાખોરોના માથા પર ચાલેલી તલવારે કે જેનાથી તોએને કત્લ કર્યા હતા. (ઈસ્લામની તબલીગ માટે) અને ખુદાની રાહમાં દુર અને નજીકના બધાજ સગાઓને હરાવી દીધા હતા. જેના કારણે કુરૈશોના દિલોમાં હઝરત અલી (અ.સ.). પ્રત્યે સખ્ત દુશ્મની પૈદા થઈ હતી.

૨. એક બીજું કારણ કે જેના લીધે હ.અલી (અ.સ.).ના સખ્ત વિરોધમાં તે સમયના મુસલમાનો એક થઈ ગયા, તે એ છે કે ઈમામ (અ.સ.) નું કાફીરો સાથે મજબુત અને સખ્ત વલણ, મુનાફીકો સાથે અડગતાથી પેશ આવવું, કારણકે આપે કોઈની પણ સાથે લાગવગ ચલાવી નથી અને ન તો કોઈનો ડર દિલમાં રાખ્યો હતો. પરંતુ આપે અલ્લાહના માર્ગમાં કોઈપણ ઠપકો આપનારની પરવા કરી નથી. અલી (અ.સ.) નો કૌલ છે ખુદાની કસમ! હું ઝાલીમથી મઝલુમને ન્યાય અપાવીને રહીશ અને ઝાલીમને એના ઠેકાણે લગાડીને દમ ભરીશ. ત્યાં સુધી કે તેઓ હક્ક સુધી પોહચી જાય.પછી ભલે આ વાત કેટલી પણ કડવી કેમ ન લાગે !![1]

૩- જનાબે સૈયદા (સ.અ.) એ બાબત તરફ પણ ઈશારો કરતા ફરમાવ્યું છે કે જેના કારણે મુસલમાનોએ ઈમામ અલી (અ.સ.) થી દુરી ઈખ્તિયાર કરી હતી અને તે એ છે કે ખુદાવંદે આલમની ઈબાદતમાં આપનું લીન થઈ જવું. કારણકે આપે આપની રૂહ અને શરીરને દીને ખુદાના માટે વકફ કરી દીધું હતું.

---

[1] બેહારુલ અન્વાર ભા-૩૨:૪૯

જેના કારણે આપ મુશ્કેલ અને અસહ્ય જંગોમાં પણ અલ્લાહના માટે કુદી પડતા હતા. ભયાનક થી ભયાનક મૌકામાં પણ ડરતા ન હતા. આપે દીનને બુલંદ કરવા માટે, શરીઅતે નબી (સ.અ.વ.) ની મજબૂતી માટે, અને તૌહીદના પૈગામને ફેલાવવા માટે કડક પગલાઓ લીધા હતા. તેના કારણે લોકો ઈમામથી દુર થઈ ગયા અને આપથી દુશ્મનાવટ રાખી. તે બાબતે પણ ઈર્ષ્યા હતી કે અલ્લાહે આપને શા માટે આટલી ફઝીલતોના માલિક બનાવ્યા. નબી (સ.અ.વ.) શા માટે આપનાથી આટલી બધી મોહબ્બત કરતા હતા અને આપની મહાનતા અને શ્રેષ્ઠતાને દરેક જગ્યાએ વર્ણવતા હતા.

ત્રીજી બાબત- જનાબે સૈયદા (સ.અ.) એ આ ખુત્બામાં ફરમાવ્યું કે અગર ઉમ્મત ખિલાફત અલી (અ.સ.). ને સોપી દેત તો તેઓને નીચે મુજબના ફાયદાઓ થાત.

૧- ઈમામ અલી (અ.સ.). તેમની વચ્ચે ન્યાય અને સ્પષ્ટ સત્યનો માર્ગ અપનાવતે. તેમની ખીલાફતના સમયમાં કોઈની પણ સાથે ઝુલ્મ ન થતે અને કોઈ પણ શખ્સ આપની હુકુમતમાં મઝલુમ ન બનતે. અને કોઈને પણ કોઈ પ્રકારના નુકસાનનો સામનો ન કરવો પડતે.

૨- આપ મુસલમાનોને શાંતિ અને સલામતીના બિસ્તર સુધી પહોંચાડી દેતે અને ઈન્સાનોનો સમૂહ શાંતિ અને સલામતીના સુધી પહોંચી જાતે.

૩- આપ મુસલમાનોને જાહેરી અને છુપી બંને રીતે નસીહત કરતે અને તેઓને સિરાતે મુસ્તકીમ તરફ માર્ગદર્શન આપતે.

૪- અગર ઈમામ અલી (અ.સ.) હુકુમતના આસન પર બિરાજમાન થતે તો બીજાઓની જેમ પોતાના માટે હુકુમતી માલ અને ખૈરાત અને બરકતોથી ફાયદો ન મેળવતે. ન તો હુકુમતી

માલને પોતાનો માલ સમજતે. પરંતુ ગરીબો અને વંચિત રહેનારાઓની હરોળમાં ઉભા રહી જતે. આ કાર્યને લોકોએ જોઈ લીધું કે ઉસ્માનના કત્લ પછી જ્યારે હુકુમત અલી (અ.સ.).ના હાથોમાં આવી તો ઈમામ (અ.સ.). હાકીમ અને રાજા હોવા છતાય બે સુતરાઉ કપડા અને જમવામાં જવની બે રોટી પર જ સંતોષ માન્યો.એક ઈંટ પર બીજી ઈંટ ન રાખી (ઘર ન બનાવ્યું)

પોતાના કપડા અને જમવામાં ગરીબો અને મીસ્કીનોને બરાબર શરીક કર્યા. આપે ફરમાવ્યું કે શું મને અમીરુલ મોઅમેનીન કેહવામાં આવે અને તેનાથી હું ખુશ રહું, અને ઝમાનાની સખ્તીઓમાં મોઅમેનીનની સાથે શરીક ન થાઉં.

મારા માટે જોઈએ કે હું ઝીન્દગીની મુશ્કેલીઓ માટે તેમના માટે ઉદાહરણ બની જાવ.[1]

ઈમામ અલી (અ.સ.).ની જેવા હાકીમ આ ઝમીન પર ઈતિહાસમાં આજ સુધી નથી જોવા મળ્યા કે જેઓ દુનિયાથી દુરી, તકવા, અદ્લ અને ઈન્સાફ, અને લોકોના માલ અને મિલકતથી દુર રહયા.

૫- જનાબે સૈયદા (સ.અ.) એ સ્પષ્ટ કર્યું કે અગર હઝરત અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.). મુસલમાનોના હાકીમ અને તેના હુકમોના જિમ્મેદાર બની જાતે તો લોકોને દરેક કાર્યમાં આસાની, ફાયદો અને જરૂરીયાત મળી જતે. પરંતુ મુસલમાનોએ પોતેજ પોતાને આ નેઅમતથી વંચિત રાખ્યા. લોકો ખૂબીઓને છોડીને બુરાઈને વળગી ગયા. તે વસીલાથી મોઢું ફેરવી લીધું કે જે તેઓને સીધા રસ્તાનું માર્ગદર્શન આપે.

ચોથી બાબત:- જનાબે સૈયદા (સ.અ.) એ ભયાનક દ્રશ્યને નિહાળી રહ્યા હતા કે જેમાં એહલેબૈત તાહેરીન (અ.મુ.સ.) થી

---

1 બેહારુલ અન્વાર ભા:૩૩--૪૭૪

ખિલાફત છીનવી લેવાના કારણે અલગ અલગ બનાવો અને મુસીબતો પેશ આવવાની હતી અને ઉમ્મત તેનો શિકાર બનવાની હતી.

૧-મુસલમાનોમાં એકતા તૂટી જશે. તેઓની વચ્ચે તિરાડો પૈદા થશે. તેઓ અલગ અલગ ફીત્નાઓથી ઘેરાય જશે.

૨- ઝાલીમો તેઓના પર હાકીમ બની જશે કે જે તેઓના પર અલગ અલગ ઝુલ્મો ગુઝારશે. આ તેઓની ઝીન્દગીમાં બન્યું. પણ બની ઉમય્યાના ઝાલીમોનું સત્તા પર આવવું હતુ કે જેઓએ મુસલમાનોના તમામ કાર્યોમાં દખલ કરી. તેમને અલગ અલગ રીતે રૂસવા કર્યા.ધીરે ધીરે તમામ ઈસ્લામી સરઝમીનો પર તેઓનો ડર પૈદા થઈ ગયો અને તેઓનો આંતક સામાન્ય થઈ ગયો.

આજ બધા કારણોના લીધે જનાબે સૈયદા (સ.અ.) એ વિનંતી અને માંગણી કરી કે અબુબકરને ખિલાફતથી દુર કરી દેવામાં આવે.

## અયોગ્ય બહાનું પેશ કરવું

અબુબકર અને તેના સાથી ઉમરે કોશિષ કરી કે હઝરત સીદ્દીકા તાહેરા (સ.અ.)ને ખુશ કરે અને આ રીતે શરીઅત વિરુદ્ધ મેળવેલી ખીલાફતને શરિઅતનો રંગ ચડાવી યોગ્ય ઠેરવે. આ વિચારથી આ બન્નેએ જનાબે સૈયદા (સ.અ.)ની સેવામાં હાજર થવાની રજા માંગી. જનાબે સૈયદા (સ.અ.)એ ઈન્કાર કર્યો. બીજી વખત પરવાનગી માંગી. પણ ફરી જનાબે સૈયદા (સ.અ.) એ ઈન્કાર કર્યો. ત્યાં સુધી કે જનાબે અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.) ને વાસ્તો બનાવ્યો અને કહ્યું કે અમે જનાબે સૈયદા (સ.અ.) થી મુલાકાત કરવા ઈચ્છીએ છીએ. જનાબે અમીરુલ મોઅમેનીન (અ.સ.).ના લીહાઝ અને

ઈઝ્ઝતના લીધે દુખ્તરે રસુલ (સ.અ.) એ પરવાનગી આપી. પરંતુ જેવા આ બંને આપની સેવામાં આવ્યા આપે મોઢું ફેરવી લીધું. જ્યારે તે બંનેએ આપને સંમત થવાનું (નારાઝગી છોડવાનું) કહ્યું. તો આપે બન્નેને સંબોધીને કહ્યું

"ખુદાની કસમ તમે બંને એ રસુલે ખુદા (સ.અ.વ.) થી આ નથી સાંભળ્યું કે ફાતેમા ની ખુશનુદી એ મારી ખુશનુદી છે અને ફાતેમાની નારાઝગી એ મારી નારાઝગી છે, જેણે મારી દીકરી ફાતેમાથી મોહબ્બત કરી તેણે મારાથી મોહબ્બત કરી અને જેણે ફાતેમાને ખુશ કરી તેણે મને ખુશ કર્યો અને જેણે ફાતેમાને ગુસ્સે કરી તેણે મને ગુસ્સે કર્યો".

આ બંનેએ કહ્યું કે અમે આ સાંભળ્યું છે અને અમે તે રસુલ (સ.અ.વ.)ના આ કહેણને સમર્થન આપીએ છીએ. આ સાંભળી જનાબે સૈયદા (સ.અ.)એ પોતાના હાથ આસમાન તરફ બલંદ કર્યા અને ખુબજ દર્દભર્યા અવાઝમાં કહેવા લાગ્યા કે હું ખુદા અને તેના ફરીશ્તાઓને ગવાહ બનાવીને કહું છું કે તમે બંનેએ મને ગુસ્સે કરી છે અને તમે બંને એ મને રાઝી કરી નથી અને જયારે હું રસુલે ખુદા (સ.અ.વ.) થી મુલાકાત કરીશ તો તમારી બંનેની તેમનાથી ફરિયાદ કરીશ. એમ કહીને અબુબકર તરફ સંબોધન કર્યું: ખુદાની કસમ! હું તારા માટે દરેક નમાઝ બાદ બદદુઆ કરીશ.[1]

જનાબે સૈયદા (સ.અ.)ના આ વાક્યો તલવારના વારથી ઓછા ન હતા. તે બંનેના પગ નીચેથી ઝમીન ખસી ગઈ. તેઓ પોતાની ચાલાકીમાં નાકામ થયા અને તેમના ઘરમાંથી બહાર

---

[1] અલ ઈમામતો વસ્સીયાસત ભા-૧:૧૪,અઅલામુન્નીસા ભા-૩:૧૨૧૪ ,
અલ ઈમામો અલીબિન અબી તાલિબ લે અબ્દુલ ફત્તાહ અબ્દુલ મકસુદ ભા-૧:૨૧૮

નીકળ્યા. રસુલે ખુદા (સ.અ.વ.)ની દુખ્તરને ખુશ કરવાથી નાકામ રહ્યા. ત્યારે તેમને એહસાસ થયો કે કેટલી તેઓ મોટી મુસીબતમાં મુબ્તેલા થયા છે અને અલ્લાહ અને તેના રસુલના ગુસ્સા અને ગઝબને ખરીદ્યો છે.

## જન્નતુલ માવા તરફ સફર

રસુલે ખુદા (સ.અ.વ.) ની દુખ્તર બતુલે અઝરા જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) જેને અલ્લાહના રસુલે ઉમ્મત વચ્ચે અમાનત અને નિશાની તરીકે છોડીને ગયા હતા એટલી હદે મુસીબતો સહન કરી કે આપનું જીસ્મ મુબારક અલગ અલગ બીમારી અને તકલીફોમાં મુબ્તેલા થઈ કમઝોર થઈ ગયું. ત્યાં સુધી કે આપ બિસ્તર પર આવી ગયા અને આપ આપની મેળે ઉઠી બેઠી શકતા ન હતા. અને એટલા કમઝોર થતા ગયા જેવી રીતે પાણી ન મળવા પર ફૂલ કરમાય છે અને આપ ભરપુર જવાનીની ઉમ્ર હોવા છતાંય જલ્દીથી મૌતને જઈ મળ્યા.

છેવટે તે સમય પણ આવી ગયો કે જેમાં જનાબે સૈયદા (સ.અ.) ને પોતાના પિતા અને તેમની મેહરબાનીઓનો સાયો મળવાનો હતો. આપ ખુબજ શૌક અને બેતાબીથી તે સમયનો ઈન્તેઝાર કરવા લાગ્યા.

જેથી પોતાના મહેરબાન પિતાથી મુસલમાનોના ઝુલ્મો અને સખ્તીયોની ફરિયાદ કરી શકે. જ્યારે મૌતના ચિન્હો દેખાવા લાગ્યા ત્યારે આપે આપના શૌહરે નામદાર અમીરુલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.). ને વસીયત કરી જે નીચે મુજબ છે

૧- તમે મારી મૈયતને રાત્રીના સમયે દફન કરજો અને જે લોકોએ મને તકલીફ આપી દુઃખો આપ્યા તેઓને મારા જનાઝામાં શરીક ન થવા દેતા કારણકે તેઓ મારા અને મારા મહાન પિતાના દુશ્મન છે (આ જનાબે સૈયદા (સ.અ.)એ

જણાવ્યું હતું)

૨- મારી કબરનું નિશાન મિટાવી દેશો જેથી જનાબે સૈયદા (સ.અ.)ના ગુસ્સાની નિશાની બની જાય અને આવવા વાળી નસ્લો માટે કોઈપણ પ્રકારની ગેરસમજણની શક્યતા ન રહે. અને આજ અર્થનો "શરીફ્ મક્કા" એ પોતાના અશઆરમાં ઉલ્લેખ કર્યો છે તે કહે છે કે

"અય જનાબે સૈયદાના હકને ગસ્બ કરનારાઓના રક્ષણમાં વિવાદ કરનારાઓ! બોલો જયારે તે બંનેએ જનાબે સૈયદાનો હક ગસબ કર્યો હતો, તો તે એક ઝુલ્મ ન હતો? શા માટે જનાબે સૈયદા (સ.અ.)ના જનાઝામાં શરીક નથી થયા? તેમની લાશને અલ્લાહના પાક અને પાકીઝા ફરિશ્તાઓએ ખુબજ ઈઝઝત અને એહતેરામ સાથે દફનાવી છે. અને આ બંનેએ હાજરી નથી આપી. આ અજર અને સવાબની જરૂર ન હોવાના કારણે હતું કે તેમના મહાન પિતા નબી (સ.અ.વ.) સાથે દુશ્મનીના કારણે હતું? આ બંનેએ જનાઝાની પાછળ પાછળ ચાલવું યોગ્ય ન સમજ્યું કે પછી તેનું કારણ એ હતું કે રસુલેખુદા (સ.અ.વ.) ની પ્યારી દીકરીએ વસીયત કરી દીધી હતી કે આ બંને મારા મય્યતમાં શરીક ન થાય આ માટે તે બંને નથી આવ્યા.

અથવા રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતેજ ખાનગીમાં તેમની દીકરી જનાબે ઝેહરા (સ.અ.)ને હુકમ આપ્યો હતો અને રસુલે ખુદા (સ.અ.વ.) ની દીકરીના કહેવા મુજબ અમલ કર્યો હતો. તમે જે ચાહો તે બોલી શકો છો, કારણકે આ તમાંરા માટે પુરતું છે અને એ સ્પષ્ટ છે જે આખરી મંઝીલ સુધી પહોચ્યું છે.[1]

૩- એ કે આપ મારી રિશ્તેદાર જનાબે અમામાંથી શાદી કરજો કારણકે તે મારા દીકરા હસન અને હુસૈન અને જનાબે

[1]અલ મજાલીસો અસ્સનીય્યાહ ભા-૨:૧૩૭

ઝયનબ (સ.અ.) જેઓ મને મારી ઝીંદગી કરતા વધુ અઝીઝ છે તેમનું ખુબજ સારી રીતે ધ્યાન રાખશે.

અમીરુલ મોઅમેનીન (અ.સ.) એ જનાબે સૈયદાની વસીય્યત પર અમલ કરવાની જવાબદારી સ્વીકારી અને ઘણાજ દુઃખી થઈને અને ગમગીન થઈને જનાબે સૈયદાથી રૂખસત થયા. જનાબે સૈયદા (સ.અ.) એ અસમા બીન્તે ઉમૈસ જે આપની ખબરગીરી કરતા હતા તેને ફરમાવ્યું મારા માટે કોઈ એવી ખાટ તૈયાર કરો કે જેમાં મારું જિસ્મ છુપાઈ જાય, કારણ કે અરબોમાં આ રીવાજ હતો કે તેઓ કોઈ પણ તખ્ત પર આ લાશને ઉઠાવી લેતા અને તેનાથી શરીરના અંગોની જાણકારી મળી જતી હતી. જનાબે સૈયદા (સ.અ.)ને આ સખ્ત રીતે નાપસંદ હતું આથી અસમાને હુકમ આપ્યો અને તેણે હબશમાં જોયું હતું કે આવી ખાટ પર લોકો મૈયત ઉઠાવે છે કે જેનાથી બદન જાહેર ન થાય. આ મુજબ ખાટ તૈયાર થઈ તો જનાબે ઝેહરા (સ.અ.) એ તેને જોઈને ખુશી જાહેર કરી અને ચહેરા પર મુસ્કુરાહટ આવી અને આ પહેલી મુસ્કુરાહટ હતી જનાબે ઝેહરા (સ.અ.)ના ચહેરા પર જે આપના બાબાની રેહલત બાદ જોવા મળી હતી[1]

આપના મુબારક જીવનના આખરી દિવસે આપની તબીયત થોડી સારી હતી અને તંદુરસ્તીના નિશાન દેખાયા પરંતુ આપને ખબર હતી કે ઝીંદગીનો આ આખરી દિવસ છે. આથી આપ એ વિચારીને ખુશ હતા કે આપ આપના મહાન પિતાની મુલાકાત કરશો, આથી આપે આપના પિતાની કબ્ર પર ગયા અને આપના બંને ફરઝંદો પર આખરી નઝર કરી અને આ આખરી નઝર સાથે આપનું દિલ દર્દ અને ગમના કારણે પીગળી ગયું

---

[1] અલ્મુસ્તદરક અલસ્સહીહૈન ભા-૩:૧૬૨,સોનને અલ્બહીકી ભા-૪:૩૪, બેહારુલ અન્વાર ભા-૪૩:૧૮૧

ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) ઘરેથી બહાર ગયા હાલત એ હતી કે માતાની તકલીફ અને મુસીબતવાળી હાલતનો એહસાસ હતો. જનાબે સૈયદા (સ.અ.)એ જનાબે અસમાને સંબોધીને ફરમાવ્યું અય માદરે ગિરામી! તેમણે કહ્યું : અય રસુલે ખુદના ચાહિતા શું હુકમ છે? જનાબે સૈયદા (સ.અ.) એ કહ્યું મારા ગુસ્લ માંટે પાણી લઈ આવો જનાબે અસમા પાણી લાવ્યા જનાબે સૈયદા (સ.અ.)ગુસલ કરી ચુક્યા પછી ફરમાવ્યું કે મને મારો નવો લીબાસ આપો જનાબે અસમાએ લીબાસ આપ્યો આપે આ લીબાસ પહેર્યો અને ફરી એક વાર જનાબે અસ્માંથી કહ્યું આપ મારા બીસ્તરને ઘરના આંગણમાં વચ્ચોવચ રાખી દયો. જનાબે અસમા ગભરાઈ ગયા અને તેનું દિલ ધડકવા લાગ્યું તેમને એહસાસ થઈ ગયો કે જનાબે સૈયદા (સ.અ.) રસુલેખુદા (સ.અ.વ.) ની દીકરીની રેહલતનો વખત નજદીક છે. આપે જનાબે સૈયદા (સ.અ.)ની ઈચ્છા મુજબ બિસ્તર બીછાવી આપ્યું અને આ બિસ્તર પર જનાબે સૈયદા (સ.અ.) કિબલા રુખ થઈ સુઈ ગયા અને અસમાને ફરમાવ્યું કે અય માદરે ગિરામી હું હમણાજ ખુદાવંદે આલમની બારગાહમાં જાવ છું .

આમ કહી કુરઆનની આયતોની તિલાવત કરવા લાગ્યા ત્યાં સુધી કે આપની પાક રૂહ જિસ્મ મુબારકથી પરવાઝ કરી ગઈ. જ્યારેકે ઝબાને મુબારક પર સતત ઝીક્રે ઈલાહી ચાલુ હતું. આ મહાન રૂહ અલ્લાહના મલાએકાના સમુહમાં થઈને અલ્લાહની બારગાહમાં ચાલી ગઈ. અમ્બીયા (અ.મુ.સ.) એ આ મહાન રૂહને તેમના પિતા સૈયદુલ કાએનાતની સરદારીમાં તેને આવકારી તેમની શહાદત મગરીબ અને ઈશાની વચ્ચે થઈ[1]

[1] વફાતો સીદ્દીકતુસ્સયદુલ મુકર્રમ:૧૦૭

જ.હવ્વાની પુત્રીઓમાં કોઈએ પણ આવી પાક પાકીઝા શરીફ અને મહાન રૂહ ઈતીહાસમાં કોઈ દિવસ જોઈ નથી અને ન તો કયામત સુધી આવી પાકીઝા અને શરીફ રૂહનું વજુદ શક્ય છે.

આ તરફ હઝરત હસનૈન (અ.મુ.સ.) ઝડપથી ઘર તરફ રવાના થયા જેથી પોતાની માતાની હાલતને જાણી શકે પરંતુ તેઓએ તેમને ન જોયા. તો જનાબે અસમાથી સવાલ કર્યો તેમણે ખુબજ રોતા રોતા ફરમાવ્યું અય મારા બંને સૈયદ અને સરદારો આપ બંનેની માદરે ગિરામી આ દુનિયાથી રૂખસત થઈ ગયા છે.

જાવ આપના પિતાને આ ખબર પહોચાડી દયો, આ ખબર બંને ઈમામો હસનૈન (અ.સ.) માટે વીજળી પડવા જેમ સખ્ત હતી. બંને ફરઝંદો ઝડપથી પેહલા માદરે ગિરામી પાસે પહોંચ્યા અને ઈમામ હસન મુજ્તબા (અ.સ.). પોતાને માદરે ગિરામીની લાશ પર પડી ગયા અને કહેવા લાગ્યા અય માદરે ગીરામી મારાથી વાત કરો એ પહેલા કે મારી રૂહ મારા જીસ્મથી પરવાઝ કરી જાય.

આ તરફ ઈમામ હુસૈન (અ.સ.) એ પણ સખ્ત ગીર્યા કરતા ફરમાવ્યું અય માદરે ગિરામી હું આપનો દીકરો હુસૈન છું મારાથી વાત કરો તેના પહેલા કે મારું દિલ ફાટી જાય અને હું મરી જાવ.

જનાબે અસમાએ બચ્ચાઓને પ્યાર કર્યો જેથી તેનું દુઃખ દર્દ હળવું થઈ જાય અને તેના આ ગીર્યાના કારણે અસમાને ડર લાગવા લાગ્યો. આથી કહેવા લાગ્યા બચ્ચાઓ જાઓ આપના પિતાને આપની માતાની રેહલતની ખબર આપો. બંને બચ્ચાઓ રોતા રોતા મસ્જીદે નબવી તરફ આગળ વધ્યા ત્યાં મુસલમાનોએ હસનૈન (અ.મુ.સ.) ને રોતા જોઈને ઘણાજ આશ્ચર્યસાથે પુછવા લાગ્યા, અય રસુલે ખુદા (સ.અ.વ.) ના ફરઝંદો આપ બંને ક્યા

કારણે રોવા લાગ્યા શાયદ આપ બંનેને નાનાની જગ્યા (મેહરાબ અને મીમ્બર) જોઈને રોવા લાગ્યા અને રસુલે ખુદા (સ.અ.વ.) ની જુદાઈમાં રોવા લાગ્યા છે. બંને બચ્ચાઓએ દુઃખ દર્દની સાથે કહેવાનું શરુ કર્યું કે અમારી માદરે ગિરામી જનાબે ફાતેમા (સ.અ.) આ દુન્યાથી રૂખસત થઈ ગયા છે. ઈમામ અમીરુલ મોઅમેનીન (અ.સ.) આ દુઃખ અને દર્દભરી ખબર સાંભળી ધ્રુજી ઉઠ્યા આપે ફરમાવ્યું: અય રસુલે ખુદા (સ.અ.વ.) ની દીકરી હવે કોના ઝરીએ મને તસલ્લી મળશે આપને જોઈને તસલ્લી મળતી હતી હવે આપના પછી કોણ મારું હમદર્દ છે.

ઈમામ અલી (અ.સ.) આમ કહીને ઝડપથી ઘર તરફ ગયા અને રોતા રોતા ફરમાવતા હતા. જેવી રસુલે ખુદા (સ.અ.વ.)ની દીકરીની મૈયત પર નઝર પડી, તેઓ પડી ગયા અને કહેવા લાગ્યા:

દરેક બે દોસ્તમાં મેળાપ પછી જુદાઈ નક્કી છે અને દુરી છે? આ ગમ કરતા બધાજ દુઃખો તકલીફો ઓછા છે, જનાબે એહમદે મુસ્તુફા (સ.અ.વ.) પછી મેં હઝરત ફાતેમા ઝેહરા (સ.અ.) ને ગુમાવી દીધા તે એ વાતની દલીલ છે કે કોઈ દોસ્ત હંમેશા સાથે નથી રહેતો.

ચારેય દિશાથી મુસલમાન હઝરત અલી (અ.સ.) ના ઘર તરફ રોતા અને પીટતા જવા લાગ્યા. તે રસુલે ખુદા (સ.અ.વ.) ની અમાનત કે જેના હકમાં તેઓએ ભુલ કરી હતી તેને અલવીદા કહેવા માટે આવ્યા હતા. જેની મૌતથી નબુવ્વતની નિશાનીઓમાંથી આખરી નિશાની પણ સમેટી લેવાઈ. તેઓને જનાબે સૈયદા (સ.અ.)ની મૌતથી યાદ આવી ગયું કે રસુલે ખુદા (સ.અ.વ.) એ કેટલી મહાન હસતી આપની વચ્ચે છોડીને ગયા હતા. આખું મદીના ઔરતો અને બચ્ચાઓની રડવાની

આવાઝથી ગુંજી ચુક્યું હતું. બધા એ રાહમાં હતા કે જનાઝો ઘરેથી નીકળે અને તેમાં શરીક થઈને સવાબ મેળવે પરંતુ અલી (અ.સ.) એ જનાબે સલમાને ફારસી દ્વારા સંદેશો મોકલાવ્યો કે જનાઝાને દફન કરવામાં સમય લાગશે, આથી લોકો વિખરાય ગયા. આયેશા ઈમામ (અ.સ.) ના ઘરમાં દાખલ થવા ઈચ્છતી હતી કે જેથી જનાબે સૈયદા (સ.અ.) ના પાકીઝા જનાઝા પર નઝર કરી શકે. પરંતુ જનાબે અસમા બીન્તે ઉમૈસે તેને એમ કહી દીધું કે મને જનાબે સૈયદા (સ.અ.)એ કહ્યું છે કે કોઈને પણ જનાઝા પાસે જવા દેવામાં ન આવે [1]

રાતનો સમય પસાર થયો પછી ઈમામ અલી (અ.સ.) એ જનાબે સૈયદાના જિસ્મ મુબારકને ગુસ્લે મૈય્યત આપ્યું, ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) અને અસમા બીન્તે ઉમૈસે મદદ કરી અને ગુસલ બાદ ઈમામ (અ.સ.) એ કફન પહેરાવ્યું અને બચ્ચાઓને આખરી મુલાકાત માટે બોલાવ્યા. તે બચ્ચાઓ કે જેઓ માંની જુદાઈમાં ગમગીન હતા, આવતાની સાથે જ બધાએ લાશ પર પછાડી ખાધી, ખુબજ રડવાના કારણે ઝમીન ધ્રુજી રહી હતી, જ્યારે બધાએ રડી લીધું તો અમીરુલ મોઅમેનીન (અ.સ.) એ ચાદરથી લાશને ઢાંકી દીધી. જ્યારે રાતનો આખરી ભાગ આવ્યો તો ઈમામ (અ.સ.) ઉભા થયા નમાઝે જનાઝા અદા કરી. પછી બની હાશિમ અને પોતાના ખાસ સહાબીઓને ખબર આપી અને જનાઝાને આખરી મંઝીલ તરફ લઈને ચાલ્યા અને પોતાના એહલેબૈત (અ.સ.) અને ખાસ શિયાઓ સિવાય કોઈને જનાઝાની ખબર ન કરી. કબરમાં ઉતારી કબરને માટીથી ઢાંકી દીધા પછી એક તરફ ઉભા રહી ગયા અને

---

[1] મનાકીબે આલે અબી તાલીબ ભા-૩:૩૬૫

આપમેળે આંખમાંથી આંસુ વહેવા લાગ્યા અને આપે આ વાક્યો વડે પોતાનું દુઃખ દર્દ ને જાહેર કર્યુ:

અય રસુલે ખુદા (સ.અ.વ.)! તમારા પર મારા સલામ અને આપની આ દીકરી પર પણ સલામ કે જે આજે આપના પાડોશમાં આવી રહ્યા છે. કેવી જલ્દી તે આપની મુલાકાતે આવી ગઈ, અય અલ્લાહના નબી,  આપની બેટીની જુદાઈમાં મારાથી સબ્રનો સાથ છૂટી રહ્યો છે. મારામાં સબ્રની હિંમત નથી રહી, મારી તાકત સાથ નથી આપતી સિવાયકે તમારા કારણે. આ વાક્યો અસહ્ય દર્દ અને ગમ રંજીદગી ભર્યા છે જનાબે અમીરુલ મોઅમેનીન જનાબે સૈયદા (સ.અ.)ની શહાદતની ખુબજ સખ્ત મુસીબતની રસુલે ખુદા (સ.અ.વ.)થી ફરિયાદ કરી છે અને સ્પષ્ટ શબ્દોમાં એલાન કર્યું છે. રસુલે ખુદા (સ.અ.વ.) ની પુત્રીની શહાદતના કારણે અલી (અ.સ.) ના હાથોથી સબ્ર છુટી ગયું છે અને દર્દ અને ગમે આપના અસ્તિત્વને ઘેરી લીધેલ છે. ઈમામ અલી (અ.સ.) રસુલેખુદા (સ.અ.વ.)થી તલબ કરે છે કે અય અલ્લાહના રસુલ, આપ જનાબે સૈયદાને પૂછજો કે તેમના પર શું ઝુલ્મો સિતમ થયા અને આટલી ઓછી વયમાં ક્યાં ક્યાં દુઃખ દર્દનો સામનો થયો. ઈમામ અમીરુલ મોઅમેનીન (અ.સ.) એ એલાન કરી દીધું છે કે આપનું દુઃખ અને દર્દ કોઈ દિવસ ખત્મ નથી થયું ત્યાં સુધી કે આપ ખુદાવંદે આલમની બારગાહમાં પહોંચી ગયા. ઈમામ (અ.સ.) ઘણીજ મુસીબત અને દુઃખ દર્દ સાથે ઘરે પાછા ફર્યા,  આપનું પૂરું અસ્તિત્વ જનાબે સૈયદા (સ.અ.)ની શહાદત અને તેના પર થયેલા ઝુલ્મો સિતમના કારણે સખ્ત દુઃખી હતું. જ્યારે આપ ઘરમાં આવ્યા તો માતાની જુદાઈમાં બાળકોને રડતા જોઈ  ખુબજ રડવા લાગ્યા. ખરેખર આટલા મેહરબાન માતાની જુદાઈએ બચ્ચાઓની કમર તોડી

નાખી.[1]

## જનાબે સૈયદા (સ.અ.)ની ઉમ્ર મુબારક

રિવાયતમાં આપની ઉમ્રના સંબંધમાં તફાવત મળે છે જેમકે

૧૮ વર્ષ, [2]

૨૧વર્ષ, [3]

૨૫વર્ષ, [4]

૨૭વર્ષ, [5]

વધુમાં આ સિવાય પણ આ સંબંધમાં કથનો મૌજુદ છે. તેમ છતાં જનાબે સૈયદા (સ.અ.) એ કિશોરાવસ્થામાં અલગ અલગ પ્રકારની મુસીબતોને સહન કરી છે અને આપના ઉપર ઉમ્મતે મસાએબના પહાડો તોડ્યા છે. આપનાથી જનાબે રસુલે ખુદા (સ.અ.વ.) ની નિસ્બતની હુરમતનો બિલકુલ ખ્યાલ નથી કર્યો પરંતુ જરૂરી એ હતું કે દરેક પ્રકારે જનાબે સૈયદા (સ.અ.) ના હક્કનો ખ્યાલ રાખવો જોઈએ.

## જનાબે સૈયદા (સ.અ.) ની શહાદતની તારીખ

જનાબે સૈયદા (સ.અ.)ની શહાદતની તારીખ અને રસુલે ખુદા (સ.અ.વ.) પછી કેટલા દિવસ અસહ્ય દર્દ અને ગમની સાથે હયાત રહ્યા તે બાબતે રાવીઓમાં પણ સખ્ત વિરોધાભાસ છે. અમુક કથનો જોઈએ

૧- આપ અપના પિતા પછી ફક્ત ૩૦ દિવસ અથવા ૩૫

---

[1] નહજુલ બલાગાહ ૨:૨૦૭ અને ૨૦૮

[2] ઝખાએરુલ ઉક્બા ભા-૧:૫૨

[3] અલ મુસ્તદરક અલ્સ્સહીહૈન ભા-૩:૧૭૮,તેહઝીબુત્તેહઝીબ ભા-૧:૭૫૧

[4] તારીખુલ ખોલફા ભા-૧:૭૫

[5] મજમઉલ ઝવાએદ ભા-૯:૨૧૦,અલ મોઅજમુલ કબીર ભા-૨૨:૩૨૯,સીર અઅલામુલ નબલા ભા-૨:૧૨૮

દિવસ જીવતા રહ્યા[1]

૨-આપ રસુલે ખુદા (સ.અ.વ.) પછી ૪૫ દિવસ જીવતા રહ્યા[2]

૩- આપ રસુલે ખુદા (સ.અ.વ.) પછી ૭૫ દિવસ જીવતા રહ્યા[3]

૪- આપ રસુલે ખુદા (સ.અ.વ.) પછી ૯૫ દિવસ જીવતા રહ્યા[4]

જરૂરી નથી કે આપણે આ કથનો અને રીવાયતોથી એ નક્કી કરવા બેસી જઈએ કે કંઈ રિવાયત સાચી છે અને આપ (સ.અ.) રસુલે ખુદા (સ.અ.વ.) પછી ખરેખર કેટલા દિવસ જીવંત હતા. પરંતુ આપણે જરૂરી છે કે આ દરેક રિવાયત અને કથનોની રોશનીમાં જનાબે સૈયદા (સ.અ.) ના ફઝાએલ બયાન કરીએ અને મઝહબે એહલેબૈત (અ.સ.) ને જીવંત રાખવા માટે તેના મસાએબ અને દુઃખોનો ઝીક્ર કરવો જોઈએ, કારણકે જનાબે સૈયદા (સ.અ.) એ જ મઝહબે એહલેબૈત (અ.મુ.સ.)નો પાયો નાખ્યો છે, તેના રસ્તાઓને સરળ બનાવ્યા છે અને મઝહબે એહલેબૈત (અ.મુ.સ.)ની ઈમારતને મઝબુત કરી છે

## આપ (સ.અ.) ની કબ્ર મુબારક

રસુલ (સ.અ.વ.) ના દીકરી જનાબે ઝેહરા (સ.અ.) ની કબ્ર મુબારક અજ્ઞાત છે, દુ:ખ એ વાતનું છે કે કોઈને પણ સાચી ખબર

---

1 તારીખે યાકુબી ભા૧૧૫:૨-

2 મનાકીબે આલે અબી તાલીબ ભા-૨:૧૧૬

3 મનાકીબે આલે અબી તાલિબ ભા-૨:૧૧૬,ઉસુલે અલકાફી ભા-૧:૪૫૮,અલઈમામત વસ્સીયાસત ભા-૧:૨૦

4 બેહારુલ અન્વાર ભા-૪૩:૧૫૬

નથી કે કબ્ર ક્યાં છે. તેનું કારણ એ છે કે આપ (સ.અ.)એ ઈમામ અલી (અ.સ.)ને વસીય્યત કરી હતી કે કબ્રને છુપી રાખે જેથી આવવાવાળી પેઢીને એ ખબર પડી જાય કે આપ (સ.અ.) તે લોકોથી નારાજ હતા અને ગુસ્સે હતા જેઓએ આપના પર ઝુલ્મ કર્યો. તેઓએ રસુલે ખુદા (સ.અ.વ.) ની પુત્રી અને તેના જીગરના ટુકડાનો પણ એહતેરામ ન કર્યો, અલબત્ત આપની કબ્ર મુબારકના વિષે અમુક કથનો મળે છે.

૧- આપ જન્નતુલ બકીઅમાં દફન છો[1]

૨- આપ પોતાના ઘરમાંજ દફન થયા છો [2]

૩- આપ મસ્જીદે નબવીમાં કબ્રે રસુલ (સ.અ.વ.) અને મીમ્બરે રસુલ (સ.અ.વ.)ની વચ્ચે દફન છો. હદીસે નબવી (સ.અ.વ.) માં બયાન છે કે મારી કબ્ર અને મીમ્બરની વચ્ચે જન્નતોના બાગમાંથી એક બાગ છે.[3]

જે પણ કથન સહીહ હોય, પણ એ નક્કી છે કે જનાબે સૈયદા (સ.અ.) ની ઉપર પડેલી મુસીબતોના કારણે લોકોએ આપસમાં એ કહેવું પડ્યું કે અમારી નબી (સ.અ.વ.)ની એક પ્યારી દીકરી મુસીબતોના કારણે આ દુનીયાથી કુચ કરી ગયા. તેમને એવી રીતે દફન કરવામાં આવ્યા કે કોઈને પણ ખબર ન પડી. સત્તા પર બેઠેલા લોકોએ ચાહ્યુ કે આપની લાશને કબરની બહાર કાઢે અને નમાઝે જનાઝા પડવામાં આવે. પરંતુ અલી (અ.સ.) ને જેવી આ વાતની જાણ થઈ તો આપ તરતજ ઘરની બહાર ગયા અને ખુબજ સખ્ત લહેઝામાં મનાઈ કરી આથી તેઓ

---

1 અલબીદાયતો વન્નેહાયાહ ભા૩૩૪:૬-

2 તહઝીબુલ અસ્માએ વલ્લુગાત ભા-૨:૩૫૩

3 બેહારુલ અન્વાર ભા-૪૩:૧૮૫

હારી ગયા.[1]

અને હવે આપણી આ ચર્ચા અહીં અંત સુધી પહોંચે છે, આશા છે કે અમારી આ મેહનત જનાબે સીદ્દીકા તાહેરા ફાતેમા ઝેહરા (સ.અ.) ની બારગાહમાં કબુલ થાય. અને ખુદાની મુલાકાતના દિવસે તેમની શફાઅત નસીબ થાય.

***"તમામ વખાણ દુનીયાઓના પાલનહાર અલ્લાહ માટે છે અને રેહમત નાઝીલ થાય અમારા નબી અને સરદાર મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર".***

---

[1] બેહારુલ અન્વાર ભા-૪૩:૨૧૨